Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



વિદ્યાચતુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्रम
संख्या..... २०१/१५
संख्या..... २१४५२

क पर सर्व प्रकार की निशानियां लगाना
। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक
पने पास नहीं रख सकते। अधिक देर तक
लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
३६४२

विद्या चतुर.

स्वाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિચાતુર્યવાળી જ્ઞાનથી ભરપૂર
ચતુરાઇની ચેતાલીસ બાલવાર્તાઓ

વિદ્યા ચતુર

[વાણિયાની વાતો]

CHECKED 1973
Initial

લે ખક
રતુભાઇ શેઠ

[illegible] ઇન્ડિયા ટ્રસ્ટ

પ્રકાશક
એન. એમ. ઠક્કરની કું.
બૂકસેલર્સ-પબ્લિશર્સ-પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઇ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ : ૧૯૫૧

વિદ્યાચતુર

[વાણિયાની વાતો]

પક્ષીઓમાં જેમ કાગડો, અને પ્રાણીઓમાં જેમ શિયાળ ચાલાક ગણાય છે, તેમ આપણા દેશમાં માણસોમાં વાણિયો ચાલાક ગણાય છે.

નાનપણથી જ જેમ જેમ તેની ચાલાકી, અગમચેતી અને બુદ્ધિચાતુર્યની વાર્તાઓ વાંચતો ગયો તેમ તેમ તેના તરફ હું વધુ આકર્ષાયો; અને જ્યાંથી વાતો સાંભળવા મળતી કે વાંચવા મળતી કે તરત જ હું તેને ઉતારી લેતો. એ બધાનો પરિપાક એટલે આ 'વિદ્યાચતુર.'

આમાંની કેટલી યે વાતો સાંભળેલી તથા વાંચેલી છે, અને તે દરેકને નવા સ્વરૂપે, બાળકોને વાંચવી ગમે એવી રીતે, મૂકી છે, અને બને ત્યાં સંવાદોથી તેને વધુ રસિક બનાવી છે.

અંતમાં મારા આ સંગ્રહને કાગળના કપરા સંજોગોમાં પણ પ્રકાશિત કરી પ્રકાશમાં લાવનાર અને અવારનવાર સલાહ-સૂચનો કરનાર પ્રકાશકમિત્રનો પણ હું એટલોજ ઋણી છું.

૪૯, ૪૨ લા રોડ
વિલેપારલે (પશ્ચિમ)

રતુભાઈ શેઠ

મુદ્રક : રમણલાલ નાનાલાલ શાહ, અશોક પ્રિન્ટરી, રાવપુરા વડોદરા.
પ્રકાશક : નંદલાલ મોહનલાલ હક્કર, એન. એમ. હક્કરની કું.
૧૧૦૦ વિલેપા રોડ, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

જેમણે જીવનમાં સંસ્કારવારિ
સીંચી સાહિત્યરસિક બનાવ્યો
તે
પૂજ્ય મોટા ભાઇ તથા વાત્સલ્યમૂર્તિ ભાભીને.

–રતુભાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

૧ વિદ્યાચતુર ૧
૨ પીડા તો પગે વળગી છે ...૨૪
૩ વાણિયાના દેવ ૨૮
૪ લેને ગઇ પુત ૩૨
૫ ગાયનું દાન ૩૯
૬ ભૂંડાથી ભૂત ભાગે ...૪૩
૭ ઘટક મેહુલા ૫૦
૮ મારા ગાય ગોથું ...૫૪
૯ વાંકો પણ મારો છે ને? ...૫૮
૧૦ તને મિંયાઉં, તારા બાપને મિંયાઉં ૬૩
૧૧ નહાવાની બાધા... ...૬૭
૧૨ સોકા હુવા સાઠ... ...૭૧
૧૩ ફરીથી પાઘડી બાંધ ...૭૫
૧૪ લપોડશંખ ૭૭
૧૫ એકમાં અનેક ૮૧
૧૬ વાણિયાનું વચન ...૮૪
૧૭ તલવારબાઇ વળીને વાંકા વળ્યા ! ... .૮૮
૧૮ બહુ તાંતણે બળિયું ...૯૧
૧૯ વાણિયા મગનું નામ મરી ન પાડે ! ૯૪
૨૦ ડાહીમાના દિકરા ...૯૮
૨૧ મેસાણાના ભાટ જમે કાલે ૧૦૧
૨૨ ભમ પાંચશેરી ...૧૦૫
૨૩ પાકો વાણિયો ...૧૦૭
૨૪ ચોરનો ભાઇ ઘંટીચોર ...૧૧૨
૨૫ પાઘડી તરફ તો નજર નાખો ? ૧૧૫
૨૬ ધોતિયાનાં ઢોલ ...૧૧૮
૨૭ રાઇના પાડ તો રાતે ગયા !૧૨૧
૨૮ ઝાડની સાક્ષી ૧૨૪
૨૯ પાનની પીચકારી ૧૨૮
૩૦ માયાના રગડા ૧૩૧
૩૧ ગાયનનો નાદ... ...૧૩૬
૩૨ ખરો વાણિયો ...૧૩૯
૩૩ વાણિયા મુછ નીચી, તો કહે સાડીસાત વાર નીચી ...૧૪૨
૩૪ હુંઢાનો સંગ કરીશ નહિ ! ૧૪૮
૩૫ ગગજી...હે...એ...એ ...૧૫૩
૩૬ વાણિયાભાઇની રંગભરી ૧૫૬
૩૭ સત્ય કે સ્વપ્ન ? ...૧૬૦
૩૮ કાકા જાણ ૧૬૫
૩૯ કંજુસાઇમાં કોણ ચઢે ? ...૧૬૮
૪૦ એ તો એમ જ ને ! ...૧૭૨
૪૧ વાણિયાગત ૧૭૬
૪૨ તું કરજે તાડો ને હું કરીશ ટેકો ૧૭૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાચતુર

વર્ષો પહેલાંની આ વાત છે.

એક રાજા હતો. તેને એક દિવાન હતો. દિવાને ચાળીસ વર્ષ લગી રાજકારભાર કર્યો. તેને એક પુત્ર હતો. તેનું નામ વિદ્યાચતુર.

દિવાન મરી ગયો તે વખતે વિદ્યાચતુર માંડ દસેક વર્ષનો હતો. રાજ્યનો નિયમ હતો કે, દિવાનનો દિકરો જ દિવાન થાય. પણ દસ વર્ષના વિદ્યાચતુરને એવી જવાબદારીભરી જગ્યા અપાય? એટલે રાજાએ તો એ જગ્યાએ બીજા માણસને દિવાન નીમ્યો. પેલા માણસે તો બધી જ જગ્યાએ પોતાનાં માણસો નીમી દીધાં, એટલે વિદ્યાચતુરને દિવાન થવાનું મળે જ નહીં!

વરસોને વીતતાં કંઈ વાર લાગે છે? વિદ્યાચતુર દિવસે દિવસે મોટો થવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાચતુરમાં નામ તેવા જ ગુણ હતા. વિદ્યા પણ હતી, અને ચતુરાઇ પણ હતી. વળી વાણિયાનો દિકરો, એટલે પૂછવું જ શું ? તેણે વિચાર કર્યો કે, 'મારા બાપા દિવાન હતા, ને મારો કંઈ હિસાબ જ નહીં ? હું પણ દિવાન થઇશ. ''

વિદ્યાચતુર હોંશિયાર હતો, એટલે તેણે નવા દિવાનની ખુશામત કરી નહીં. પોતાની મેળે જ કંઈક કરી બતાવવું, એમ વિચાર કર્યો. પણ દરબારમાં જવું શી રીતે ?

છતાં ય એ તો દરરોજ દરબારમાં જવા લાગ્યો. તેને કોઇ અંદર જવા ન દે, એટલે દરવાજા પાસે બેસી રહે. ઘેરથી એક પેન્સીલ અને એક કાગળ લઇ જાય. મહેલમાં જેટલાં માણસો અંદર જાય તેટલાનાં નામઠામ લખી લે. પાછા નીકળે એટલે તેટલાં નામ છેકી નાખે. આમ કેટલાય દિવસ સુધી ચાલ્યું. લોકો બધાય તેની મશ્કરી કરતા અને કહેતા: '' એલા, આવી રીતે સમય બગાડવા કરતાં કંઈક કામ કર તો ય બે પૈસા મળશે. ''

વિદ્યાચતુર કંઇ જવાબ આપતો નહીં.

એક દિવસ સાંજે તેણે દરરોજનો હિસાબ મેળવી જોયો તો કોઇ પાંચ પરદેશી અંદર ગયા હતા, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર નીકળ્યા નહોતા! બહાર નીકળવાની રાહ જોઇને વિદ્યાચતુરે ત્યાં જ જમાવી. સાંજ વીતી; રાત પડી. પણ પેલા તો બહાર નીકળ્યા જ નહીં. દરવાન આવ્યો અને રાજદરબારનો દરવાજો બંધ કરવા લાગ્યો. તરત જ વિદ્યાચતુર ધૂમ પાડી, "સબુર, હમણાં દરવાજા બંધ નહીં થાય."

"હવે જા, જા; તું કોણ રોકવાવાળો?" દરવાને રૂવાબમાં કહ્યું.

"પણ હું કહું છું કે, દરવાજા બંધ નહીં થાય." વિદ્યાચતુરે કહ્યું.

"કેમ? શું છે? શા માટે બંધ ન થાય?"

"મારો હિસાબ મળતો નથી."

"હિસાબ? શેનો હિસાબ વળી?"

"પેસ–નીકળનો."

"એટલે શું?"

"કોઇ પાંચ પરદેશી માણસો અંદર ગયા છે, પણ હજુ બહાર નીકળ્યા નથી. એટલે તેઓ નીકળવા જ જોઇએ."

"અરે મૂર્ખા! અહીં તે વળી એવો હિસાબ હોતો હશે? આ તો રાજદરબાર છે, સમજ્યો? સો આવે ને પચાસ નીકળે, પચાસ આવે ને સો નીકળે. એમાં તારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું જાય ? તું પણ કોઈ નવરો માણસ લાગે છે. ચાલ, જા અહીંથી. ”

“ નહીં; એ નહીં બને. ”

બંન્ને વચ્ચે બોલાચાલી થઈ.

“ કોણ છે એ ? ”

ઝરૂખામાં બેઠાબેઠા રાજાજી બધી જ વાતો સાંભળતા હતા. રાજ્યમાં ધાડપાડુઓનું જોર વધારે હતું, એટલે તેમણે તરત જ ઉપરથી બૂમ પાડી.

દરવાને કહ્યું: “ હજુર, કોઈ નથી. એ તો આ માણસ નકામો બોટીબોટી જીદ કરે છે. ”

“ એને ઉપર લઈ આવ. ” રાજાએ હુકમ કર્યો. દરવાન વિદ્યાચતુરને લઈને ઉપર ગયો. “ કેમ ભાઈ ? શું છે તને ? ” રાજાજીએ પૂછયું.

“ કોઈ પાંચ માણસ અંદર ગયા છે; પરંતુ હજુ બહાર નીકળ્યા નથી; હજુર. ”

“ પણ તેમાં તારે શું છે ? ”

“ કંઈ નહીં, રાજાજી. ” વિદ્યાચતુરે નમ્રતાથી કહ્યું; “ પરંતુ હું દરરોજ અંદર જતાં આવતાં માણસોનો હિસાબ રાખું છું. દરરોજ તો અંદર જેટલા જાય છે, એટલા બહાર નીકળે છે. પરંતુ આજે પાંચ જણ બહાર નથી નીકળ્યા. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાને વહેમ આવ્યો. તેણે તરત જ હુકમ કર્યો: "જાવ, હમણાં ને હમણાં મશાલો લઈને આખ્ખો ય મહેલ તપાસી લો."

નોકરો બધા ય મશાલો લઈને મહેલ ગોતી વળ્યા, તો એક ખૂણામાંથી પાંચ ધાડપાડુઓ મળી આવ્યા! તેમને બહુ જ ધમકી આપી ત્યારે તેમણે જણાવ્યું કે, તેમનો વિચાર રાજાનું ખૂન કરવાનો હતો. વાત સાંભળીને રાજા તો વિદ્યાચતુર ઉપર ઘણા જ ખુશ થયા, અને એની પીઠ થાબડતાં કહ્યું: "ભાઈ, તું કોણ છે?"

વિદ્યાચતુરે જવાબ આપ્યો: "હું આપના જૂના દિવાનનો પુત્ર છું."

"તું આવો હુશ્યળો કેમ છે?" વિદ્યાચતુર તો બુદ્ધિશાળી હતો. તે કંઈ આવી તક જવા દે? એટલે તરત જ બોલી ઊઠ્યો: "મહારાજ, આપ શ્રીમંતની નજર વગર." રાજાને તેના પર પ્રેમ ઊપજ્યો. તરત જ પોતાના ગળામાંથી હાર કાઢીને તેને ઇનામમાં આપ્યો, અને કહ્યું: "જા, કાલે તું દરબારમાં આવજે. હું તને કામ અપાવીશ."

દરબારમાં કામ મળશે, એ વિચારે ખુશ થતો વિદ્યાચતુર પોતાના ઘેર ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે રાજા દરબાર ભરીને બેઠા હતા, ત્યારે વિદ્યાચતુર તેની પાસે ગયો. રાજાજીએ તરત જ નવા દિવાનને હુકમ કર્યો: "આ છોકરો ઘણો જ બુદ્ધિશાળી છે. તેને દરબારમાં કંઈ કામ આપજો."

દિવાને વિચાર કર્યો કે, આ તો ઘણું ઓછું થયું. તેને કામ આપીશું તો તે તેની બુદ્ધિથી આગળ વધી જશે. માટે તેને એવું કામ આપવું કે જેથી તે પોતાની મેળે જ નોકરી છોડી દે.

ખૂબ વિચાર કરીને છેવટે દિવાને વિદ્યાચતુરને બોલાવ્યો અને પૂછયું: "કેમ? તમને કયું કામ ગમશે?"

"આપ આપો તે. ગમે તે કામ હું કરીશ."

"એમ?"

"હા જી."

"આપણા ગામની ભાગોળે એક તળાવ છે, તે તો તમને ખબર હશે?"

"હાજી."

"ત્યાં દરરોજ સવારથી સાંજ સુધી બેસી, તમારે તળાવના હિલોળા ગણવાના!"

"હા."

"કેમ? થશે ને એ કામ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા જી."

"ભલે; તો આવતી કાલથી કામ પર ચઢી જજો."

"જેવી આજ્ઞા." કરી વિદ્યાચતુર ઘેર ગયો.

દિવાનના મનમાં એમ કે, આ કામથી કંટાળીને વિદ્યાચતુર ચાલ્યો જશે. પણ વિદ્યાચતુર તો બીજે દિવસે દિવાનના હુકમ પ્રમાણે એક ચોપડી લઈ તળાવને કાંઠે બેઠો.

એટલામાં એક બાઈ પાણી ભરવા આવી. વિદ્યાચતુરે કહ્યું: "અરે બહેન, પાણી હમણાં નહીં ભરશો."

"કેમ, ભાઈ?"

"હું રાજાજીના હુકમથી તળાવના હિલોળા ગણવા બેઠો છું; એમાં ભૂલ થાય."

"તો પાણી ક્યારે ભરવું?"

"હું કહું ત્યારે."

વિદ્યાચતુરે થોડી વાર રહીને કહ્યું એટલે બાઈ પાણી ભરીને ચાલતી થઈ. આમ વિદ્યાચતુર પાણી ભરવા આવનારને પોતાની ગણતરીમાં ભૂલ પડે છે, એવો ડોળ કરી, થોડી વાર ખોટી કરતો. લોકો કંટાળી જતા. પણ શું કરે? વિદ્યાચતુર તો રાજાના હુકમથી બેઠો હતો. થોડા દિવસમાં તો આખા ગામમાં ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી ગઇ કે, વિદ્યાચતુર તળાવના હિસાબો ગણવા બેઠો છે !

એક વખત મોટો ધાર્મિક તહેવાર આવ્યો. આ દિવસે સૂરજ ઊગે તે પહેલાં તળાવમાં નહાવામાં આવે તો ઘણું જ પુણ્ય થાય, એવી ત્યાંના લોકોની માન્યતા હતી.

વિદ્યાચતુરે વિચાર કર્યો કે, આવતી કાલે ધાર્મિક તહેવાર છે, એટલે ઘણા લોકો વહેલી સવારના નહાવા આવશે. તેથી પોલીસનો પહેરો પણ જોઇશે. એટલે રાતોરાત વિદ્યાચતુરે પોલિસોને તળાવ ઉપર જુદેજુદે ઠેકાણે ગોઠવી દીધી, અને બધાય પોલિસોને કહ્યું: "જુઓ ! કોઇપણ માણસને નહાવા તો શું, પણ પગ બોળવા પણ દીધો છે તો હું તરત જ રાજાજીને ફરિયાદ કરીશ. "

હજુ તો માંડ પરોઢિયું થયું હશે, ત્યાં તો લોકો નહાવા માટે તળાવ પર ભેગા થયા. કપડાં બદલીને નહાવા જાય છે કે તરત જ પોલિસે બૂમ પાડી: "એઇ ! ઠેરો ! "

" શું છે ? "

" ખબરદાર, જો પાણીમાં પગ પણ બોળશો તો ! "

" પણ છે, શું ? " કેટલાકે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિદ્યાચતુર હીલોળા ગ ખેઠા વણા છે. તેમાં ભૂલ પડે."

"પણ આજ તો નહાવા દેવા જોઈએ ને?"

"એ અમે કાંઇ ન સમજીએ. વિદ્યાચતુરનો હુકમ છે."

લોકો બધાય જાણતા હતા કે, વિદ્યાચતુર રાજાના હુકમથી બેઠો છે. એટલે રાજાની રજા મળે તો જ નહાઈ શકાય. પણ રાજાજીની રજા લેવા જવાય એમ નહોતું, કારણ કે રાજાજી તો સવારના સૂતા હોય. બધાય વિચારમાં પડયા. છેવટે મોટા મોટા આગેવાન માણસો વિદ્યાચતુર પાસે ગયા અને કહ્યું "વિદ્યાચતુર! તમે આજે નહાવાની કેમ ના પાડો છો?"

"હું હીલોળા ગણું છું, સમજ્યા? તેમાં ભૂલ પડે."

"પણ આજે તો ધાર્મિક તહેવાર છે."

"તેમાં હું શું કરું?"

"તો નહાવા નહીં દો?"

"રાજાની રજા મળે તો મારી કયાં ના છે?"

"પણ રાજાજી તો સૂર્ય ઊગે પછી જ ઊઠે છે, અને અમારે તો તે પહેલાં નહાવું છે; કારણ કે તો જ પુણ્ય થાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તો મારાથી કંઈ ન થઈ શકે. ગણવામાં ભૂલ થાય તો રાજાજી મારો દંડ કરે ને ?

" આજે આવો મોટો તહેવાર છે, અને તમે નહાવાની ના પાડો છો, તેથી લોકોને દુઃખ થાય છે. અને તેમ કરવાથી તમને કંઈ લાભ પણ થવાનો નથી. "

" એટલે ? "

" એટલે તમે જો અમને નહાવાની રજા આપો તો અમે તમને દરેક માણસ દીઠ આઠ આના આપીશું. "

વિદ્યાચતુર વિચારમાં પડ્યો, અને જાણે બહુ જ જવાબદારીભર્યું કામ કરતો હોય એવો ડોળ કરીને કહ્યું: " પણ જોજો હો, રાજાજીને કે દિવાનને ખબર ન પડે. મારી જવાબદારી ઉપર નહાવા દઉં છું. "

" ના, ના, જરાય ખબર નહીં પડે. "

" ભલે, તો નહાઓ. "

જેવી વિદ્યાચતુરે રજા આપી કે તરત જ તેના પગ પાસે પૈસાનો ઢગલો થવા માંડ્યો. તેમાંથી થોડાક વિદ્યાચતુરે સિપાઈઓને વહેંચી આપ્યા, એટલે તેઓ પણ રાજી થઈ ગયા !

સવાર થયું ત્યારે દિવાનના જાણવામાં આ વાત આવી. એ તો વિચારમાં જ પડી ગયો કે આ વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવો બુદ્ધિશાળી છે કે, પાણીમાંથી પણ પૈસા પેદા કર્યા? આવા માણસને રાજ્યની નોકરી આપવી જ ન જોઇએ, નહીં તો કયાંક આપણને પણ રજા અપાવી દે!

વિચાર કરીને તેણે વિદ્યાચતુરને એક સિપાઇ સાથે કહેવડાવ્યું કે, "આજથી તમને હીસાબ ગણવાના કામ પરથી છૂટા કરવામાં આવે છે."

વિદ્યાચતુર વિચારમાં પડયો કે, તો પછી મને બીજું કંઇ કામ કેમ ન સોંપ્યું?

વિદ્યાચતુરે બહુ વિચાર કર્યો કે, હવે દરબારમાં કામ કેવી રીતે મેળવવું? દિવાન તો તેની વિરુદ્ધ હતો જ; અને તેણે તો નોકરીમાંથી રજા આપી હતી, એટલે તેની પાસે તો જવાય નહીં. છેવટે બહુ વિચાર કરી વિદ્યાચતુરે એક યુક્તિ ખોળી કાઢી.

તેણે એક નોંધપોથી રાખી.

કોઇ માણસ મુર્ખાઇભરેલું કાર્ય કરે કે તરત તેનું નામ અને હકીકત લખી લે. ધીરેધીરે લોકોને ખબર પડવા લાગી કે, વિદ્યાચતુરે નોંધપોથી રાખી છે, અને તેમાં બધાંય નામ લખે છે. એટલે જેવો વિદ્યાચતુર બજારમાં નીકળે કે બધાય વિચારીને કામકાજ કરે.

દિવાનને પણ આ વાતની ખબર પડી. એ તો ગભરાયો. દિવાનને થયું કે, મારા સ્વાર્થ અને મુર્ખાઇની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તે જરૂર નોંધ કરતો હશે. જો ભૂલેચૂકે એ નોંધપોથી રાજાજીના હાથમાં જાય તો આપણા તો બાર જ વાગી જાય. હવે શું કરવું ?

એક દિવસ રાજાજી ખુશમિજાજમાં બેઠા હતા. દિવાનને થયું કે, વિદ્યાચતુરની ચાડી ખાવાનો આ સારો લાગ છે, એટલે તેણે ધીમેથી કહ્યું :

" મહારાજ...,"

" કેમ દિવાનજી ? શું છે ? " રાજાએ પૂછયું.

" આપને એક વાત કહેવી છે. "

" કહો. "

" ઘણા દિવસથી કહેવાનો વિચાર કરતો હતો, પણ હિમત નહોતી ચાલતી. "

" ખુશીથી કહો; શું છે ? "

" પેલા વિદ્યાચતુરને તો આપ ઓળખતા હશો ? "

" જૂના દિવાનનો દિકરો ને ? "

" હા જી, એ જ. "

" શું છે એનું ? "

" તેણે હમણાં એક નોંધપોથી રાખવા માંડી છે. "

" શેને માટે ? "

" એમાં દરેકનું કંઈ ને કંઈ ખરાબ જ લખ્યા કરે છે. લોકો બિચારા કંટાળી ગયા છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ ?" રાજાજીએ આશ્ચર્યથી પૂછ્યું.

"હા જી. નવરો બેઠો નબોદ ધાલે! અને લોકો તો ઠીક, પણ આપણા રાજદરબારની પણ ઝીણીઝીણી વાતો એ લખવા મંડયો છે."

"તો તો એને જરૂર શિક્ષા થવી જોઈએ."

"હા, ખુદાવંદ." દિવાને જવાબ આપ્યો.

"અરે, કોઈ છે હાજર?" રાજાએ ઘૂમ પાડી.

"જી હજુર, પ્રતિહારી હાજર છે, મહારાજ." પ્રતિહારીએ આવી નમન કરીને કહ્યું.

"જાવ, હમણાં ને હમણાં વિદ્યાચતુરને બોલાવી લાવો. સાથે તેની નોંધપોથી પણ લેતા આવજો."

"જેવી આજ્ઞા, મહારાજ." કહીને સિપાઈ ચાલ્યો ગયો.

થોડી વારમાં વિદ્યાચતુરને લઈને સિપાઈ રાજ-દરબારમાં આવ્યો.

રાજા આ વખતે એક પરદેશી સોદાગર સાથે ચાળીસ ઘોડા ખરીદવાની વાતચીત કરતા હતા.

વિદ્યાચતુર એક બાજુ બેસી ગયો.

રાજાએ સોદાગરને પુછ્યું: "તમે ઘોડાની કિંમત કેટલી લેશો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોદાગરે કહ્યું: "મહારાજ! ઘોડા ઘણા જ સરસ લઈ આવીશ. માત્ર દરેકના હજાર રૂપિયા થશે."

"ભલે; પણ ઘોડા સરસ હોવા જોઈએ."

"એમાં પૂછવું ન પડે, મહારાજ. પણ શરૂઆતમાં તમારે ઘોડાના અર્ધા પૈસા, એટલે કે, પચ્ચીસ હજાર રૂપિયા મને આપવા પડશે."

"સોદાગરની વાત બરાબર છે, મહારાજ" દિવાને કહ્યું; અને તરત જ દિવાને ખજાનચી ઉપર ચિઠ્ઠી લખી મહારાજને સહી કરવા આપી.

વિદ્યાચતુર બેઠોબેઠો બધું ય જોયા કરતો હતો. તેણે તરત જ પોતાની પોથીપોથી કાઢી, અને તેમાં રાજાનું નામ લખી લીધું.

વિદ્યાચતુર લખતો હતો ત્યાં અચાનક દિવાનની નજર તેની પર પડી. તકનો લાભ લેવા તરત જ તેણે રાજાજીને ધીમેથી કહ્યું: "મહારાજ! જુઓ, જુઓ, વિદ્યાચતુર અત્યારે પણ કંઈક દરબારની વાતો લખતો લાગે છે."

રાજાએ સોદાગરને રજા આપી.

"વિદ્યાચતુર," રાજાએ ઘૂમ પાડી.

"જી, મહારાજ."

"અહીં આવો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાચતુર નજીક ગયો.

" શું છે, તમારા હાથમાં ? " રાજાએ પૂછ્યું.

" એ તો મારી નોંધપોથી છે, મહારાજ. "

" લાવો, જોઉં ? "

વિદ્યાચતુરે પોતાની નોંધપોથી રાજાજીને આપી. રાજા ધીરેધીરે વાંચવા લાગ્યા. ઘણાંની મુખાકૃતિ વાંચી. પણ જેવું પોતાનું નામ વાંચ્યું કે તરત જ ગુસ્સાથી નોંધપોથી બંધ કરી.

" વિદ્યાચતુર ! "

" જી મહારાજ. "

" આમાં મારું નામ શા માટે લખ્યું છે ? "

વિદ્યાચતુરે નમ્રતાથી જવાબ આપ્યો: " મહારાજ ! ગુનો માફ કરજો. આપનું નામ નછૂટકે લખવું પડ્યું છે. "

" શા માટે ? "

" મહારાજ ! આપે ઓળખાણ પિછાણ વગર સોદાગરને પચીસ હજાર રૂપીયા આપ્યા, તે સારું નથી કર્યું. "

" કેમ ? કેવી રીતે ? "

" ધારો કે સોદાગર ઘોડા ન લાવે, તો તમે તેને ક્યાં ગોતો ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાજી વિચારમાં પડયા. વાત તો ખરી છે. સોદાગર પૈસા લઈને ભાગી જાય તો તેને ગોતવા ક્યાં જવો ?

રાજાએ કહ્યું: " પણ ધારો કે સોદાગર ઘોડા લઈને આવ્યો તો ? "

"તો તમારા નામને ઠેકાણે હું તેનું નામ લખીશ!"

" કેમ ? તેનું નામ શા માટે ? "

" કારણ કે સોદાગર અરધા પૈસા તો કંઈપણ આતરી કે બંધન વગર લઈ ગયો છે. તે તેને નફો જ છે. હવે જો તે ઘોડા લાવવાનું કામ કરે તો સૌ પહેલાં ઘોડા ખરીદ કરવા માટે તેણે પચીસ હજારમાં બીજા પોતાના પૈસા ઉમેરવા જોઈએ; બરાબર ? "

" હા. " રાજાએ કહ્યું.

" તે ઉપરાંત ઘોડાને અહીં સુધી લાવવાની મહેનત તથા ખર્ચ પણ કરવો પડે. ત્યારે જ તેને બાકીના પચીસ હજાર રૂપિયા મળે. "

રાજાએ કહ્યું: " સાચું. ઘોડા લાવે પછી જ બીજા પૈસા આપવાના છે. "

" તો હવે એ બધો હિસાબ તમે કરી જુઓ. ઘોડા લાવે તો એને પચીસ હજાર, જે તમે એમ ને એમ આપ્યા છે, તેના કરતાં જરૂર ઓછો જ નફો થાય. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બરાબર."

"અને છતાં જો તે લાવશે તો તે વખતે હું તમારું નામ છેકી નાખીશ."

રાજા તો વિદ્યાચતુરની ચતુરાઈ અને હિંમત જોઈ ખુશખુશ થઈ ગયો, અને દિવાનને કહ્યું:

"દિવાનજી."

"જી મહારાજ."

"વિદ્યાચતુરને ઈનામ આપો." વિદ્યાચતુરને ઈનામ આપવામાં આવ્યું, પણ કંઈ કામ ન મળ્યું!

વિદ્યાચતુર તો પાછો ઘેર ગયો.

રોજ નવાનવા વિચાર કરે કે, હવે શું કરવું?

ફરી વાર રાજાને કેમ મળવું? રાજાજી તો મહેલમાં બેઠા છે. તેમને તો બબર પણ નહીં હોય કે મને નોકરીમાંથી દિવાને કાઢી મૂકયો છે! રાજા તો ભોળા છે. દિવાન ઉપર જ બધો ભરોસો રાખ્યો છે. રાજ્યમાં કેટલી બધી પોલ અને અંધેર ચાલે છે! દિવાન મરજીમાં આવે ત્યારે ગામના સુબાઓને બરતરફ કરી નાખે છે; અને તેમનો મોટો દંડ કરી, પોતાનું ઘર ભરે છે. છતાં કોઈ કાંઈ બોલી શકતું નથી. તેને પૂછી શકતું નથી.

તેણે રાજાજીને મળવા ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવાનના પ્રપંચથી તેનું કંઇ ચાલ્યું નહીં.

વર્ષમાં એક વાર દશેરાને દિવસે રાજની સવારી ગામમાં નીકળતી, અને જુદાજુદા રસ્તા પરથી પસાર થતી. છેવટે વિદ્યાચતુર એ દિવસની રાહ જોઇને બેઠો.

દશેરાનો દિવસ આવ્યો. રાજજીની સવારી નીકળી. ધૂમધામ કરતી ગામના મુખ્ય મુખ્ય રસ્તા પરથી પસાર થવા લાગી. આગળ બબ્બે ઘોડેસ્વાર હાથમાં ચમકતા ભાલા લઇને ધીરેધીરે આગળ વધતા હતા. પાછળ ઝમઝુમ ઝમઝુમ કરતા હાથી ડોલતા હતા. વચ્ચે પડઘમના સુર વાગતા હતા. એની પાછળ ચારચારની હારમાં સૈનિકો બંદૂક ભરાવીને કૂચ કરતા હતા; અને બરાબર વચ્ચે બાર ઘોડાની ગાડીમાં રાજજી બેઠા હતા. ઉપર છત્ર ધરવામાં આવ્યું હતું. ધીરેધીરે સવારી આગળ વધતી હતી.

એક મોટા રસ્તાના નાકા ઉપર વિદ્યાચતુર હાથમાં એક નાનકડો કાગળ લઇને ઊભો હતો.

જેવી સવારી તે રસ્તા પાસેથી પસાર થઇ કે તરત જ વિદ્યાચતુરે પેલી કાગળની ચિઠ્ઠી રાજના ખોળામાં પડે તેવી રીતે નાખી.

રાજની નજર ગઇ. તેમાં લખ્યું હતું: "રાજ રૂડું, રાજ રૂડા, પણ માંહે પોલંપોલ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિઠ્ઠી વાંચીને રાજા વિચારમાં પડ્યા. તેમને થયું કે મારા રાજ્યમાં પાકો બંદોબસ્ત છે. કોઇ પણ ઠેકાણે અંધેર ચાલતું નથી. દિવાનજી બરોબર ધ્યાન રાખે છે. તો પછી આ ચિઠ્ઠીમાં આમ કેમ લખ્યું છે ? ચોકકસ, આ લખનાર કોઇ અદેખો હોવો જોઇએ.

રાજા એતરત જ ચીઠ્ઠી નીચે લખ્યું: " પોલું દેખો ત્યાં પેસી જાવ. " લખીને તરત જ ચિઠ્ઠી નીચે નાખી દીધી.

વિદ્યાચતુર તો ટાંપીને જ ઊભો હતો. જેવી રાજાજીએ ચિઠ્ઠી ફેંકી કે તરત જ વિદ્યાચતુરે તે ઉપાડી લીધી.

ચિઠ્ઠી વાંચીને તેને ઘણો જ આનંદ થયો. ચિઠ્ઠીને રાજાનો હુકમ સમજી કબાટમાં મૂકી દીધી.

વિદ્યાચતુરને તો રાજ્યમાં બધે જ પોલું દેખાતું હતું. બીજે જ દિવસે તેણે વીસપચીસ ભાડૂતી સવારો, ડંકા, નિશાન, અને પાલખી લીધી. રાજધાનીથી સો ગાઉ દૂર રાજ્યનું એક ગામ હતું ત્યાં ગયો. ધામધૂમથી ગામમાં દાખલ થઇ ગામનો સુબો હતો તેના ઘર પાસે ગયો.

સુબો તો એકદમ ચમકીને બહાર આવ્યો. નમ્રતાથી પૂછયું.

" આવો સાહેબ, આપ કોણ છો ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારું નામ વિદ્યાચતુર છે."

"આવો, અંદર આવો."

વિદ્યાચતુર ઘરમાં ગયો અને કહ્યું, "મને દિવાને મોકલ્યો છે.

"કહો, શો હુકમ છે?" સુબ્બાએ નમ્રતાથી પૂછયું.

"રાજાએ તમને બોલાવી લીધા છે."

"કયારથી?"

"આજથી. અને આ ગામની સુબ્બાગીરી મને સોંપી છે."

"ભલે." સુબ્બાએ કહ્યું.

સુબ્બો તો વિદ્યાચતુરનો દમામ અને ભપકો જોઈને જ અંજાઈ ગયો. વિદ્યાચતુરની બોલવાની છટાથી જ ભરમાઈ ગયો. મનમાં રાજી પણ થયો, કારણ કે દિવાને તેનો કંઈ પણ દંડ નહોતો કર્યો; એટલે તરત જ તેણે વિદ્યાચતુરને સુબ્બાગીરી સોંપી દીધી!

વિદ્યાચતુરને તો જેવું જોઈતું હતું તેવું જ મળી ગયું! રાજ્યમાં તો ઘણું અંધેર ચાલતું હતું. તેણે લાભ લેવાનો પૂરેપૂરો વિચાર કર્યો. ગામની જે ઉપજ આવતી હતી, તે મોકલવી બંધ કરી. છાનોમાનો રકમ પોતાને ઘેર મોકલવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ને એમ એક વર્ષ વીતી ગયું. ગામની કંઈ ઉપજ આવી નહીં, એટલે દિવાને રાજાને વાત કરી.

રાજાએ તરત જ સુબાને બોલાવવા દસ સિપાઈ મોકલ્યા.

વિદ્યાચતુરે દસેય સિપાઈને સારુંસારું ખાવાનું આપી અને લાલચ આપી, પોતાને ત્યાં જ રોકી રાખ્યા!

ફરીથી દિવાને રાજાને વાત કરી.

રાજાજી એકદમ ગુસ્સે થયા, અને સો સિપાઈઓ મોકલી સુબાને પકડી લાવવાનો હુકમ કર્યો.

આવીને સો સિપાઈઓ વિદ્યાચતુરના ઘર પાસે ઊભા રહ્યા.

વિદ્યાચતુરે વિચાર કર્યો કે, હવે કંઈ આડાઈ કરવી નહીં ચાલે. એટલે એ તો તરત જ સિપાઈઓ સાથે રાજદરબારમાં ગયો.

વિદ્યાચતુરને રાજાજી સામે ઊભો કરવામાં આવ્યો. રાજા તો વિદ્યાચતુરને જોઈને એકદમ આશ્ચર્ય પામ્યો.

"એલા, તને કોણે સુબો નીમ્યો?"

"મહારાજ! આપે જ નીમ્યો છે."

"તો ગામનું ભરણું કેમ મોકલતો નથી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહારાજ ! હું સુધ્ધો થયો ત્યારથી દુકાળ પડવા લાગ્યો છે, એટલે કયાંથી મોકલું ?"

"તું જૂઠો છે. મેં તને કોઈ દિવસ સુધ્ધો નીમ્યો જ નથી."

"મહારાજ, આપની ભૂલ થાય છે. આપે જ મને સુધ્ધો નીમ્યો છે."

"બોટું. તારી નીમણુંક બાબતનો કંઇ લેખિત હુકમ છે ?"

"હા, મહારાજ !"

"તો બતાવ."

વિદ્યાચતુરે તરત જ પેલી ચિઠ્ઠી રજુ કરી. રાજાએ ચિઠ્ઠી વાંચી તો તેમણે જ લખેલું: "પોલું દેખો ત્યાં પેસી જાવ."

રાજા તો વિદ્યાચતુરની બુધ્ધિ પર ખુશ થઇ ગયો, અને તરત જ દિવાનને કહ્યું,

"દિવાનજી ! તમે કહેતા હતા ને કે, રાજ્યમાં કયાંય અંધેર નથી ? અને આ શું ?"

"મારી ભૂલ થઇ, મહારાજ."

"તમને આજથી છૂટા કરવામાં આવે છે."

"એક ગુનો માફ કરો, મહારાજ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક પણ નહીં. આટલી હદ સુધી તમે મારા રાજ્યમાં અંધેર ચલાવ્યું ? જાવ, હમણાં ને હમણાં ચાલ્યા જાવ."

નીચું જોઇને પ્રધાન ચાલ્યો ગયો.

"વિદ્યાચતુર."

"જી મહારાજ."

"આજથી હું તમને દિવાન બનાવું છું."

"મને ?"

"હા."

"આપની કૃપા, મહારાજ."

અને વિદ્યાચતુરને દિવાનપદ આપવામાં આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીડા તો પગે વળગી છે !

●

એક હતા શેઠ.

ભારે કંજુસ. ગાંઠેથી પૈસો છોડતાં તેમનો જીવ જાય. કોઇ એમને ત્યાં મહેમાન આવે તે પણ ન ગમે; અને જ્યાં સુધી મહેમાન રહે ત્યાં સુધી ચેન ન પડે. તેમની આ ટેવ આજુબાજુનાં પાડોશી અને સગાવહાલાં પણ જાણી ગયા હતાં, એટલે તેમને ત્યાં ભાગ્યે જ કોઇ જતું.

એક વખત ઘરના ઓટલા પર બેઠાબેઠા શેઠ કંઇક વિચાર કરતા હતા, ત્યાં તેમની નજર રસ્તાના નાકે ગઇ. એક મહેમાન આવતા હતા.

જોતાં જ શેઠને ફાળ પડી કે: અરેરે આ તો હમણાં ઘરે આવશે. હવે શું કરવું ? અરે ભગવાન ! તેં વળી આ પીડા કયાં મોકલી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદમ શેઠ ઘરમાં ગયા. શેઠાણીને બોલાવી અને કહ્યું, "જો સાંભળ, આપણે ત્યાં હમણાં એક પીડા આવી ચઢશે. હું કહું તેમ કરજે. સાંજે દીવો પણ કરીશ નહીં."

"પણ એમ શા માટે કરવું જોઈએ? ભલે ને બિચારા આવે. બે-ચાર દિવસ રહીને ચાલ્યા જશે."

"તું ડાહી થા મા. હું કહું તેમ કરજે. હું ઓઢીને સૂઈ જાઉં છું. તું મારા પગ દાબવા માંડ."

શેઠાણીએ કહ્યું, "એ મને પૂછે તો શું કહું?"

"કહેજે કે, શેઠને ભારે તાવ આવ્યો છે; સમજી?"

શેઠાણીએ કહ્યું, "હા, સમજી."

"ચાલ; તો પગ દાબવા બેસ."

શેઠ તો તરત જ માથે ઓઢીને સૂઈ ગયા.

શેઠાણી પગ દાબવા બેસી ગયાં.

શેઠે બરાબર મંદવાડનો ઢોંગ કર્યો.

એટલામાં મહેમાન ઘરમાં દાખલ થયા.

"કેમ? શેઠ છે કે?"

અંદર જઈને જુએ તો શેઠ માથે-મોઢે ઓઢીને સૂતા હતા; અને શેઠાણી પગ દાબતાં હતાં.

મહેમાને કહ્યું, "કેમ, શેઠની તબીઅત સારી નથી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠાણીએ કહ્યું, " ના, બે–ચાર દિવસથી તાવ આવે છે. "

મહેમાન પણ વાણિયો જ હતો. તેણે વિચાર કર્યો કે હજી હમણાં તો શેઠ સાજા–સમા ઓટલા ઉપર બેઠા હતા. એટલામાં તાવ કયાંથી આવી ગયો ? ઠીક છે; આપણે પણ વાણિયાગત કરીએ. એ તો શેઠના ખાટલા પાસે બેઠો.

કલાક થયો, બે કલાક થયા, પણ મહેમાન તો ખાટલા પાસેથી ઊઠે જ નહીં. ખૂબ અંધારું થયું. શેઠે ના પાડી હતી છતાં રોજની ટેવ પ્રમાણે શેઠાણી ભૂલમાં ને ભૂલમાં દીવો કરવા ઊભાં થયાં.

મહેમાનને હવે લાગ મળ્યો. તરત જ ઊઠીને શેઠના ખાટલા ઉપર બેઠો. શેઠ તો માથે ઓઢીને સૂતા હતા, એટલે તેમને આ ફેરફારની ખબર ના પડી. મહેમાન પગ દાબવા લાગ્યો. શેઠને તો એમ જ કે શેઠાણી પગ દાબે છે.

થોડી વાર થઇ. શેઠે ધીરેકથી પૂછ્યું, " કેમ ? પેલી પીડા ગઇ કે નહીં ? "

મહેમાનને હસવું આવ્યું. તેણે ધીરેથી જવાબ આપ્યો,

" તમે તમારે સુઇ રહો, પીડા તો પગે વળગી છે ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ સાંભળીને શેઠ ચમકયા.

આ શેઠાણીનો અવાજ નથી !

ત્યારે આ અવાજ કોનો ? ઓઢેલું જરાક ખસેડીને જોયું તો મહેમાન !

શેઠ ખૂબ શરમાઈ ગયા.

મહેમાને પૂછયું: "કેમ ? હવે તાવ કેમ છે ?"

શેઠે કહ્યું: "હવે તો સારું છે." પછી ખબરઅંતર પૂછી શેઠે મહેમાનને જમાડયા, અને આગ્રહ કરીને બે દિવસ વધુ રોકયા.

પણ તે પછી તો શેઠ ખૂબ જ સુધરી ગયા. કોઈ મહેમાન આવે તો હસીહસીને આવકાર આપવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાના દેવ

વાણિયાભાઇ બહારગામ જતા હતા.

રસ્તામાં જમાદાર મળ્યો. બંન્ને સાથે ચાલવા લાગ્યા.

અલકમલકની વાતો કરતા જાય છે, અને રસ્તો કાપતા જાય છે.

થોડેક દૂર ગયા ત્યાં રસ્તામાં એક તુળસીનો છોડ ઊગેલો હતો. વાણિયો તરત જ વાંકો વળીને તુળસીને પગે લાગ્યો.

જમાદારે કહ્યું, "અબે બનિયા, એ કયા કરતા હૈ ?"

વાણિયાએ કહ્યું, "જમાદાર સા'બ, આ અમારી મા છે. તેને પગે લાગું છું."

જમાદારે પૂછયું, "અરે ! એ તેરી મા હૈ ?"

વાણિયાએ કહ્યું, "હા, એ મારી મા છે. બહુ જ પવિત્ર ગણાય....."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાદાર તો એ સાંભળીને હસવા લાગ્યો. તેણે તુળસીની ડાળી તોડી નાખી. પાંદડાને પગે અને હાથે ચોળવા લાગ્યો અને કહ્યું, " લે બનિયા, દેખ તેરી મા ! એની આ દશા !...." જમાદાર તો એમ બોલતો જાય ને પાંદડાને પગે ચોળતો જાય. વાણિયો બહુ જ ગુસ્સે થયો. પણ શું બોલે ? બોલવા જાય તો જમાદાર કયાંક મારી બેસે. વાણિયો અપમાન ગળી ગયો, અને અપમાનનો બદલો લેવા કંઈક યુક્તિ શોતવા લાગ્યો.

બંન્ને આગળ ચાલ્યા.

થોડેક દૂર ગયા હશે ત્યાં કવચનો છોડ આવ્યો. કવચમાં એવો ગુણ છે કે તેને અડકીએ તો તરત જ ચેળ આવવા માંડે.

વાણિયે વિચાર્યું : આ લાગ ઠીક છે.

વિચાર કરી વાણિયો છોડ પાસે ગયો અને નીચો નમીને પગે લાગ્યો.

જમાદારે વળી પૂછયું, " અબે બનિયા, એ કયા હૈ ? "

વાણિયાએ કહ્યું, " આ મારો બાપ છે. તેને વંદન કરું છું. "

જમાદાર વધારે ગુસ્સે થયો. તેણે કહ્યું, " અક્કલકા દુશ્મન હૈ ! એ કયા તેરા બાપ હૈ ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, આ મારો બાપ છે.." વાણિયો ફરી પગે લાગ્યો.

જમાદારે તો તરત જ કવચને તોડી પગે ચોપડવાનું શરૂ કરી દીધું, અને બોલ્યો: "લે, એ તેરા બાપ! તેરા બાપકી ભી એસી હી હાલત!"

વાણિયો મનમાં ખુશ થવા લાગ્યો. તેણે કહ્યું "હં....હં....જમાદાર, મારા બાપ બહુ જ ગુસ્સે થશે!"

જમાદારે કહ્યું: "દેખતા હું, તેરા બાપ કયા કરતા હૈ?" એમ કહીને તે જોરથી પગે ને હાથે ચોળવા લાગ્યો.

જમાદાર જેમ જેમ ચોળતો હતો, તેમ તેમ વાણિયો વધુ ને વધુ ખુશ થતો હતો.

વળી બંન્ને આગળ ચાલ્યા.

થોડી વાર થઈ એટલે જમાદારને શરીરે ચેળ ઊપડી. જેમ જેમ ખંજવાળતો જાય તેમ તેમ વધુ ને વધુ ચળ આવવા મંડી.

જમાદાર તો આખે શરીરે ખંજવાળી ખંજવાળીને ગાંડોતૂર થઈ ગયો.

"અબે બનિયા!

"શું થયું?"

"અરે! હેરાન હો ગયા!"

"મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું કે, મારા બાપને ન છંછેડશો. નહીં તો એ ખરેખરા ખીજશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાદારે કહ્યું, " ભાઇ, ઉસકો મના લો. "

" હવે તો એ ન માને. "

" તું કહે વૈસા કરું. મેં તેરી ગૌઆં ! લેકીન ભાઇ, ઉસકો મના લે. "

વાણિયો તો આગળ ચાલવા માંડયો.

જમાદારે ફરી બૂમ પાડી, " અબે બનિયા ! "

" શું છે ? " વાણિયાએ કહ્યું.

" ખુદા કે ખાતર ઉસકો મના લે. અબ મૈં કભી ઐસા નહીં કરૂંગા. મુઝે બચા લે, બનિયા. તેરા ભારી અહેસાન હોગા. "

વાણિયો જમાદારને નદીકિનારે લઇ ગયો. ઢોંગ કરીને નદી સામે હાથ જોડયા.

" અરે ! કયા કરતા હૈ ? " જમાદારે કહ્યું.

" બાપાને અરજ કરું છું. "

" જલ્દી કરો ભાઇ ! મુઝે બચાઓ ! "

વાણિયે કહ્યું: " મારા બાપાએ મને કહ્યું કે આ નદીમાં નહાઓ, એટલે મટી જશે. "

જમાદાર નદીમાં પડયો, અને સારી પેઠે નહાયો, ત્યારે માંડમાંડ ચેળ ઓછી થઇ.

ત્યાર પછી વાણિયાના દેવનું અપમાન કરવાનું જમાદાર જિંદગીભર ભૂલી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લે ને ગ ઇ પુ ત

એક વાણિયો હતો.

તેને ગળે એક મોટી રસોળી નીકળી હતી.

નાનકડો વેપારી હતો. બિચારો એક ગામથી બીજે ગામ જાય. થોડોઘણો માલ વેચે, અને જે મળે તેમાંથી ગુજરાન ચલાવે.

એક દિવસ બીજે ગામથી માલ ખરીદ કરીને આવતો હતો. રસ્તામાં અંધારું થઇ ગયું. વાણિયાભાઇ આમ તો પોચા, એટલે ગભરાવા લાગ્યા. પણ મનમાં હિંમત રાખી આગળ વધવા લાગ્યા.

થોડેક દૂર ગયા ત્યાં તો જોરથી પવન ફુંકાવા લાગ્યો. વરસાદનાં ટીપાં પડવા લાગ્યાં. આગળ જવાય તેમ નહોતું, એટલે વાણિયો એક સારું મજાનું ઝાડ જોઇ નિરાંતે બેઠો. મનમાં તો એવો ગભરાય કે ઝાડનું પાન ખરે ને ધબકારા વધી જાય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં કોણ જાણે એકાએક પવન બંધ થઈ ગયો. કયાંકથી પ્રકાશ આવવા લાગ્યો. રાત જાણે દિવસમાં ફેરવાઇ ગઈ. વાણિયો વિચારમાં પડયો. એકાએક પ્રકાશ કેમ બંધ થઇ ગયો ?

ત્યાં તો સામેથી ભૂતનું ટોળું નાચતું–કૂદતું આવ્યું. કોઇને એક પગ હતો, તો કોઇને એક હાથ હતો. કોઇને પેટ ઉપર આંખ હતી, તો કોઇને માથા ઉપર વિકરાળ મોઢું હતું. કોઇ લાલ રંગનો, તો કોઇ કાળા રંગનો. વાણિયાભાઇને થયું કે, હવે આપણું આવી બન્યું. પણ ડાહ્યો ખરો ને, એટલે ધીરેથી ઝાડ પાછળ સંતાઇ ગયો.

બધાંય ભૂત ઝાડની સામે બેઠાં. એક ભૂતે અગ્નિ પેટાવ્યો. બીજો તેમાં ખાવાનું પકાવવા લાગ્યો.

બધાંયે ખૂબ ખાધું. ચોરના સરદારે કહ્યું, " આજે આપણે ખૂબ ખાધું છે. હવે કોઇ નાચ જોવો છે. "

" હા, હા, નાચ જોઇએ તો મજા પડે. " બધાય બોલી ઊઠયાં.

" ચાલ, તું નાચ કર. " સરદારે એક ભૂતને હુકમ કર્યો.

" ના; મારાથી નાચ નહીં થાય. મેં ખૂબ ખાધું છે. " ભૂતે કહ્યું.

" તારે નાચવું જ પડશે. " સરદારે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ મારામાં ચાલવાની ય તેવડ નથી."

સરદાર એકદમ ગુસ્સે થયો. અને પેલા ભૂતને જોરથી લાત મારી. ભૂત તો ગબડતો ગબડતો ઝાડ પાસે આવ્યો. તેની નજર વાણિયા ઉપર પડી. વાણિયાને તેણે અભેથી પકડયો, અને સરદાર પાસે લાવ્યો.

મસાણને જોઇને બધાં ભૂત એકદમ રાજી થઇ ગયાં; અને જોરથી ધૂમ પાડવા લાગ્યાં, "આજે માણસનું માંસ ખાવા મળશે ! આજે માણસ ખાવા મળશે !"

સરદારે બધાયને શાન્ત પાડયા.

ભૂત વાણિયાને સરદાર પાસે લઇ ગયો.

વાણિયાભાઇના તો ટાંટિયા ધ્રૂજતા હતા. મોઢામાંથી ફીણ નીકળતાં હતાં. છતાંય વાણિયો છૂટવાની યુક્તિ વિચારતો હતો.

જેવો તે સરદાર પાસે ગયો કે બધી ય હિંમત એકઠી કરીને બોલ્યો.

"સ....સર....સરદાર....સા....સાહેબ..."

"શું છે ?"

"ત....તમારે ના....ચ જોવો છે ને ?"

"હા."

"મને નાચ આવડે છે."

"તો ચાલ, નાચ કર." સરદારે હુકમ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયા પાસે બીજો રસ્તો જ નહોતો. જેમ તેમ આડાઅવળા પગ પાડતો ચેનચાળા કરવા મંડયો. એમ ને એમ અરધો કલાક પસાર થઇ ગયો. વાણિયાના પગ દુ:ખવા આવ્યા, ત્યાં સરદારે બૂમ પાડી:

" બસ કર. "

બધાંય ભૂત વાણિયાને આવા દોડયાં. પણ સરદારે કહ્યું, " એને કોઇ અડશો નહીં. તે સરસ નાચે છે. "

બધાંય ભૂત પાછાં પોતાની જગ્યાએ બેસી ગયાં.

" તારે અહીંથી જીવતા જવું છે ? " સરદારે પૂછયું.

" હા. " વાણિયાએ થોથરાતી જીભે જવાબ આપ્યો.

" એક સરતે જવા દઉં. "

" કઇ ? " વાણિયાને થોડીક હિંમત આવી.

" કાલે પાછો નાચ કરવા આવે તો. "

" અરે ! એમાં શું ? હું રોજ આવીશ ! " વાણિયાને પૂરેપૂરી હિંમત આવી.

" પણ ન આવે તો ? " સરદારે કહ્યું.

" એનો પગ રાખી લ્યો, એટલે જરૂર આવશે. " એક તે કહ્યું.

વાણિયાએ કહ્યું, " તો હું કેવી રીતે ચાલી શકું ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો એની આંખ રાખી લો." બીજા ભૂતે કહ્યું.

"તો પછી મને દેખાય કેવી રીતે?" વાણિયાએ કહ્યું.

છેવટે સરદારની નજર રસોળી ઉપર પડી. મજાની પોચી પોચી, અને સરસ ગોળ ગોળ!

સરદારે કહ્યું, "આ ગોળ વસ્તુ રાખી લો."

એક ભૂત આગળ આવ્યું. તેણે રસોળી કાપી લીધી, અને મંત્રથી એવું કરી નાખ્યું કે, જરાય લોહી ન પડયું.

વાણિયાને થયું: પીડા મટી! કેટલાય ઉપાયો કર્યા છતાં રસોળી કેમેય મટતી નહોતી!

જેવી સરદારે જવાની રજા આપી કે વાણિયો ભાગ્યો. પોતાનો માલ લેવા પણ ઊભો ન રહ્યો.

બીજે દિવસે ગામમાં બધા યે જોયું તો વાણિયાની રસોળી એકાએક ગુમ! બધાય પૂછવા લાગ્યા કે, રસોળી કયાં ગઈ? પણ વાણિયો કોઇને સાચો જવાબ આપતો નહીં.

છેવટે સાંજે એક કઠિયારો આવ્યો. તેણે કહ્યું: "શેઠ-સાહેબ, મારા ઉપર એક કૃપા કરો."

વાણિયાએ પૂછયું: "શેની?"

"જુઓ ને, મારે પણ એક રસોળી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે હું શું કરું ?"

"મહેરબાની કરીને મને પણ ઉપાય બતાવો તો હું પણ અજમાવું."

"એમાં તો હિંમત જોઇએ." વાણિયાએ બીક બતાવી.

"ઉપાય તો બતાવો?"

"તો આજ રાત્રે સામેના જંગલમાં જજે. ત્યાં ભૂત આવશે. તને નાચવાનું કહેશે. તું એમ કરજે, એટલે રસોળી લઈ લેશે."

"તો તો હું જરૂર જઇશ."

"પણ હિંમત રાખજે, નહીં તો મરી જઈશ."

"કાંઇ વાંધો નહીં."

વાણિયાના વચનમાં વિશ્વાસ મૂકતો કઠિયારો રાત્રે જંગલમાં ગયો. અંધારું થયું ત્યાં સુધી તો તેણે હિંમત રાખી. એટલામાં એક પછી એક ભૂત આવવા લાગ્યાં, અને કઠિયારાને પકડયો અને કહ્યું, 'તેં જેમ કાલે નાચ કર્યો હતો તેમ નાચ."

કઠિયારો તો એવો ગભરાયો કે કંઇ બોલી પણ ન શકયો.

ભૂતનો સરદાર ગુસ્સે થઈ ગયો. પણ કઠિયારામાં હિંમત ન આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે સરદારે કહ્યું: "જવા દો. એ માણસ જાત ને આપણે ભૂત. આપણને તેની સાથે શું સંબંધ?"

હા, હા; જવા દો એને." બધાય બોલી ઊઠ્યા.

સરદારે કહ્યું: "ગઇ કાલની એની વસ્તુ એને પાછી આપી દો."

એટલે એક ભૂતે તરત જ વાણિયાની રસોળી કઠિયારાને ગળે લગાવી દીધી!

એકને કાઢવા જતાં બીજી મળી, છતાંય જીવ બચ્યા બદલ ભગવાનનો પાડ માનતો કઠિયારો ત્યાંથી ભાગી છૂટ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયનું દાન

એક વાણિયો હતો.

એનું નામ હતું ફકીરચંદ.

દાન આપવામાં કોઇ દિવસ માને જ નહીં. ફૂટી કોડીનું દાન પણ આપે નહીં. ઘરે કોઇ સાધુસંત આવે તો, "ભાગ, ભાગ, જોગટા!" કહીને કાઢી મૂકે. તેની સ્ત્રી તેને રોજ કહ્યા કરે, "કંઇ દાન ધર્મ કરો. પરભવનું ભાથું બાંધો."

પણ એમ સહેલાઇથી દાન કરે, તો વાણિયાભાઇ શાના?

એક દિવસ તેની સ્ત્રીએ કહ્યું, "તમે કોઇ દિવસ કંઇ દાન કેમ નથી કરતા?"

"દાનધરમમાં તું ન સમજે."

"તે તમે એકલા જ સમજતા હશો; કેમ?"

વાણિયાએ કહ્યું: "તો તું કહે કે, દાન કોને કરવું?"

"સાધુ–સંતને. બીજા કોને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે! પણ ખરા સાધુ હોય તે કોઈ દિવસ દાન લે ખરા?"

"તો કોઈ બ્રાહ્મણને દાન કરો."

"એ લોટમંગાને હું કંઈ જ નહીં આપું."

"નહીં, આજે તો હું તમારી પાસે કંઈક દાન કરાવવાની જ!"

સ્ત્રીએ હઠ પકડી; એટલે ફકીરભાઈ વિચારમાં પડ્યા. ટાલ જેવા માથે હાથ ફેરવી છેવટે યુક્તિ ગોતી કાઢી.

તેણે કહ્યું, "સારું; તું રોજ કહ્યા કરે છે કે, દાન કરો, દાન કરો; તો આજ તો હું દાન કરવાનો જ—બસ!"

સ્ત્રી તો એકદમ રાજી થઈ ગઈ. તેણે કહ્યું: "શેનું દાન કરવાના?"

"અરે! નાનુંસૂનું દાન હું નથી કરવાનો; સમજી?" ફકીરચંદે કહ્યું.

"પણ શેનું દાન કરવાના છો, એ તો કહો?"

"જો; આપણી ગોરી ગાય છે તેનું દાન કરવાનો છું."

"ગૌદાન? વાહ! એ તો મોટામાં મોટું દાન છે."

"એટલે તો તેનું જ દાન આપવું છે."

તેની સ્ત્રી તો રાજીરાજી થઈ ગઈ.

પણ વાણિયો કંઈ કાચો નહોતો કે, ગાયનું દાન એમ ને એમ આપી દે. તે તો કોઈ બીજા જ વિચારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. ગાય એટલી બધી ઘરડી થઇ ગઇ હતી કે, તે વધારે જીવે તેવો સંભવ નહોતો.

વાણિયાભાઇ કોઇ પણ હિસાબે તેનો નિકાલ કરવા માગતા હતા; કારણ કે કદાચ ગાય મરણ પામે તો તેને દાટવાનો ખર્ચ થાય, અને સરકારને તેનો કર આપવો પડે.

હજી તો બંન્ને વાતો કરે છે ત્યાં એક બ્રાહ્મણ તરભાણું લઇને જતો હતો.

વાણિયાભાઇએ બૂમ પાડી:

" અરે જટાશંકર ! "

જટાશંકરે આવી કહ્યું, " આયુષ્યમાન ભવ ! શેઠ, કહો; શું કામ પડયું આ ગોરમહારાજનું ? "

" મહારાજ, મારે દાન કરવું છે. "

" ખુશીથી કરો; મારા જેવું પાત્ર આપ શ્રીમાનને કયાંથી મળશે ?

" એટલે જ તમને બોલાવ્યા ને ? "

" સારું કર્યું. ચાલો સંકલ્પ કરો. કહો; શેનું દાન કરવું છે ? "

" ગાયમાતાનું. "

" વાહ ! વાહ ! અતિ ઉત્તમ! ગૌદાનમ્ મહાદાનમ્ ! "

" મહારાજ, મંત્ર ભણો, અને આ ગાય આપ ખુશીથી લઇ જાઓ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુશ થઈને બ્રાહ્મણ મંત્ર ભણવા લાગ્યો, અને વાણિયાએ તેને ગાય આપી.

બ્રાહ્મણ ગાયનું દોરડું પકડી ઘરની બહાર નીકળ્યો, અને શેરીને નાકે પહોંચ્યો. નસીબજોગે ત્યાં જ ગાય નીચે પછડાણી, અને મરણ પામી.

મહારાજને તો જેવા જેવું થયું. થોડી વારમાં તો ગામલોકો ભેગા થઈ ગયા. ટોળામાં ફકીરચંદ પણ હવે શું થાય છે, તે જોવા ઊભો રહ્યો.

રાજ્યનો હવાલદાર આવ્યો અને કહેવા લાગ્યો, "ભટ્ટજી, રાજ્યનો કર લાવો."

બ્રાહ્મણે કહ્યું, "મને તો હમણાં જ આ ગાય ફકીરચંદે દાનમાં આપી છે."

હવાલદારે કહ્યું: "પણ તેં દાન સ્વીકાર્યું એટલે તારે જ કર આપવો પડશે."

"પણ મારી પાસે કર ભરવાના પૈસા જ ક્યાં છે?" જટાશંકરે કહ્યું.

ટોળામાંથી ફકીરચંદે ધીરેથી કહ્યું, "કંઈ વાંધો નહીં, તારું તરભાણું આપી દે, એટલે ચાલશે."

"હા, તે પણ ચાલશે." હવાલદારે કહ્યું.

જટાશંકરને તરભાણું પણ આપી દેવું પડ્યું!

વાણિયાભાઈની યુક્તિથી બિચારા બ્રાહ્મણે તરભાણું પણ ગુમાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂંડાથી ભૂત ભાગે

એક વાણિયો હતો.

બહુ જ ગરીબ હતો. વળી ભણેલો પણ નહીં, એટલે કયાંય કામ પણ નહોતું મળતું. અધૂરામાં પૂરું તેની સ્ત્રીએ એવું વ્રત લીધું કે, જ્યાં સુધી તે કમાઈને ન આવે ત્યાં સુધી તેને સવારના પહોરમાં સાત ચંપલ મારવાં.

થોડા દિવસ તો બરોબર ચાલ્યું. પણ પછી વાણિયો કંટાળી ગયો.

એક દિવસ પોતાની સ્ત્રીને બોલાવીને કહ્યું: "કાલે હું બહારગામ કમાવા જવાનો છું."

"સારું છે. કમાવા તો જવું જ જોઈએ ને?"

"તો બધી તૈયારી કર."

"તૈયારી તો કરું; પણ મારા વ્રતનું શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ હું ખૂબ કમાઈને આવીશ."

"એ તો આવો ત્યારે ને? ત્યાં સુધી શું કરું? મારું વ્રત કંઈ તોડાય?"

"થોડા દિવસ એમ ને એમ ચલાવ."

"એ કેમ બને? તમારે જવું હોય તો જાવ; પણ તમારે બદલે કોઈ મારું વ્રત પૂરું કરે, એવો માણસ મૂકતા જાવ."

"એવી સરત તે હોય? કોઈને બદલે માર ખાવા કોણ તૈયાર થાય?"

"તો જવાનું જ માંડી વાળો."

"એમ કર."

"શું?"

"આપણા આંગણામાં આ પીપળો છે તેને તું દરરોજ મારે બદલે સાત ચંપલ મારજે."

"તો એને કહેતા જાવ."

વાણિયો તરત જ પીપળા પાસે ગયો અને જોરથી બોલ્યો, "હે પીપળાદેવ, હું જ્યાં સુધી ન આવું ત્યાં સુધી તમે મારે બદલે સાત ચંપલ ખાજો."

નમન કરીને વાણિયો જવા તૈયાર થયો. તેના મનમાં તો હતું કે, અહીંથી નીકળ્યા પછી પાછું ચંપલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાવા આવવું જ નથી. એટલે ઘેરથી નીકળીને તરત જ ભાગવા જ માંડયેા. સવાર થાય તે પહેલાં તેા પાંચ ગાઉ પહેાંચી ગયેા. એક ઝાડ નીચે નિરાંતે સૂતેા.

બીજે દિવસે સ્ત્રીએ તેા ઊઠતા વેંત જૂનું ચંપલ લઈને પીપળાના થડમાં સાત વખત જોરથી માયું.

હવે બન્યું એવું કે, પીપળેા જૂનેા હતેા, અને તેમાં વરસેાથી એક ભૂત રહેતેા હતેા. તેના માથામાં અચાનક ઉપરાઉપરી ચંપલ પડવા લાગ્યાં એટલે તે તેા એકદમ ગભરાઈ ગયેા. મનમાં વિચારવા લાગ્યેા કે વાણિયાને કેાઈ પણ રીતે પાછેા લાવવેા જ જોઈએ. નહીં તેા રેાજ ચંપલ ખાવાં પડશે.

એટલે ભૂત તેા માણસનું રૂપ લઈ વાણિયાને ગેાતવા નીકળ્યેા.

ભૂતને કેટલી વાર લાગે! તેણે તેા તરત જ વાણિયાને ગેાતી કાઢયેા.

વાણિયેા તેા નિરાંતે સૂતેા હતેા. ભૂતે જઈને તેને જગાડયેા.

વાણિયે કહ્યું: "શું છે ભાઈ? મને શું કામ જગાડયેા?"

ભૂતે કહ્યું: "એલા, તને કેાઈ ન મળ્યું તે તું મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડા ખવરાવવા મૂકી ગયો ? આ મારું માથું તો જો ! કેવું લોહીલુહાણ થઈ ગયું છે ? ”

“ પણ તમે કોણ છો ? ” વાણિયે ગભરાઈને પૂછ્યું.

“ ભલા માણસ,” ભૂતે કહ્યું, “ આજ કેટલાય વર્ષોથી હું પીપળામાં રહું છું. હું ભૂત છું. આજ સવારના પહોરમાં તારી સ્ત્રીએ ઉપરાઉપરી સાત ચંપલ મારી મારો દમ કાઢી નાખ્યો. માટે ઘરે પાછો ચાલ, અને તારું કામ સંભાળી લે. નહીં તો હું બંનેને મારી નાખીશ ! ”

વાણિયો ગભરાયો કે, આ વળી નવી આફત કયાં આવી પહોંચી ?

નરમ થઈને બોલ્યો, “ જુઓ ભૂતભાઈ, હું જરાય ભણ્યો નથી, એટલે મને કોઈ નોકરીએ રાખે તેમ નથી. વળી, મારામાં ધંધો કરીને કમાવાની શક્તિ પણ નથી. અને હું જ્યાં સુધી કમાઈશ નહીં, ત્યાં સુધી મારે આ દુઃખ ભોગવવું પડશે. હવે તમે જ કહો કે, ત્યાં આવીને હું શું કરું ? ”

“ ઓહો ! એટલી જ વાત છે ને ? ” ભૂતે કહ્યું.

“ હા. ”

“ તો ચાલ મારી સાથે બાજુના નગરમાં, અને હું કહું તેમ કર. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બોલો."

"શહેરમાં જઈને હું કેટલાક ધનિક માણસોને વળગીશ. તું ભૂત કાઢનારનો ઢોંગ કરી ત્યાં આવજે. અગડં–બગડું કરજે, એટલે હું તેના શરીરમાંથી નીકળી જઈશ. તને પૈસા પણ સારા મળશે."

"કબૂલ."

બંન્ને નજીકના શહેરમાં ગયા. ભૂત પૈસાદારના છોકરાઓને વળગવા લાગ્યો. વાણિયો પણ ઓટેઓટા મંત્ર પઢી દોરા બાંધવા લાગ્યો.

થોડા દિવસમાં તો વાણિયાભાઈ પૈસાદાર થઈ ગયા.

એક દિવસ ભૂતે કહ્યું, "વાણિયાભાઈ, હવે ભાગવા માંડો."

"કેમ?"

"હું રાજકુમારીને વળગનાર છું, અને ત્યાં જ રહેવાનો છું. રાજા તને બોલાવશે, પણ તું મને કાઢી નહીં શકે, એટલે તને મારી નાખશે. માટે હવે ભાગવા માંડ."

વાણિયા ભાઇના પગ ઢીલા થઈ ગયા. જેટલા પૈસા હતા એટલા લઈને ભાગ્યા.

વાણિયો ગામની બહાર નીકળ્યો, ત્યાં ભૂત રાજકુમારીને વળગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ તરત જ વાણિયાની તપાસ કરાવી. પણ તે હોય તો આવે ને? તરત જ તેની તપાસ કરવા ઘોડેસ્વાર દોડાવવામાં આવ્યા.

વાણિયાભાઈ ચાલી ચાલીને કેટલેક પહોંચે? ઘોડેસ્વારોએ તેને પકડી પાડયો. લાવ્યા રાજા પાસે.

રાજાએ કહ્યું, "ભાઈ, આ મારી એકની એક દિકરી છે. કોઈ પણ હિસાબે બચાવો."

વાણિયાભાઈના ગભરાટનો પાર રહ્યો નહીં. જો કાઢવા જાય તો ભૂત મારી નાખે, અને ભૂત ન કાઢે તો રાજા મારી નાખે! તેની નજર સામે મોત દેખાવા લાગ્યું. મગજ ભમવા લાગ્યું અને પગ ઢીલા પડવા લાગ્યા.

પણ વાણિયાભાઈ ખરા ને? તરત જ યુકિત ગોતી કાઢી.

રાજાએ કહ્યું: "રાજકુમારીને એક ઓરડીમાં મજબૂત બાંધી દો. આજુબાજુ કોઈ ન હોવું જોઈએ, સમજ્યા? જો કોઈ રહેશે તો ભૂત નહીં જાય."

રાજાએ કહ્યું: "ભલે."

રાજકુમારીને એક એકાંત ઓરડીમાં મજબૂત બાંધીને રાખવામાં આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાભાઇ પહેલાં તો ખૂબ દોડયા. પરસેવે રેબઝેબ થઇ ગયા. પછી રાજકુમારી હતી ત્યાં ગયા. ભૂતે તેને જોયો એટલે જોરથી બૂમ પાડી.

" અહીં કેમ આવ્યો, તને ના નહોતી પાડી ?"

વાણિયે કહ્યું: " ભલા માણસ જોતો નથી હું પરસેવે રેબઝેબ થઈ ગયો છું. ઠેઠ ગામની ભાગોળેથી દોડાય તેટલું જોરથી દોડી તને ખબર આપવા આવ્યો છું. "

" શેની ખબર ? "

" થાક તો ખાવા દે, જરાક."

" અરે ! જલ્દી બોલ. શેની ખબર લાવ્યો છે ?"

વાણીયે હાંફતાં હાંફતાં કહ્યું: " પેલી આવે છે. "

" કોણ પેલી ?"

" પેલી ચંપલવાળી ! હાથમાં ચંપલ છે. "

" હેં !" કરતોકને ભૂત રાજકુમારીના શરીરમાંથી નીકળીને ભાગ્યો. પાછું જોવા પણ ન ઊભો રહ્યો. તેને થયું: હમણાં તડાતડ ચંપલ પડશે.

રાજકુંવરી સારી થઈ એટલે રાજા તો વાણિયા ઉપર ખુશખુશ થઇ ગયા. એને પુષ્કળ ઇનામ આપ્યું.

વાણિયો ખૂબ કમાઇને પોતાને ઘેર ગયો. તેની સ્ત્રી રાજીરાજી થઇ ગઈ.

પછી બન્ને આનંદથી રહેવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટક મેહુલા

એક વાણિયો હતો.

બિચારો બહુ જ ગરીબ. સવારનું લાવીને સાંજે ખાય, અને સાંજનું લાવીને સવારે ખાય.

એક દિવસ તેને વિચાર આવ્યો. ગામમાં બેઠાં કંઈ કમાણી નહીં થાય. માટે પરદેશ જઉં.

તેની સ્ત્રીને બોલાવીને કહ્યું; "મને ભાથું કરી દે. હું પરદેશ જઉં છું."

"પણ ભાથું કયાંથી કરી દઉં ?"

"કેમ ?"

"ઘરમાં જરાય લોટ નથી."

"તો પાડોશીને ત્યાંથી થોડોક લઈ આવ. રસ્તામાં કંઈક તો મને ખાવા જોઈશે ને ?"

સ્ત્રી બિચારી આજુબાજુમાંથી માગી માગીને થોડોક લોટ લઈ આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડ બે રોટલા થયા.

વાણિયાભાઇએ તો રોટલા બાંધ્યા. સાથે થોડું ક મીઠું લીધું, અને બે મરચાં લીધાં.

રસ્તામાં એક ગરાશિયો મળ્યો.

ગરાશિયો કહે: "વાણિયાભાઇ કયાં જવું ?"

વાણિયે કહ્યું: "સામે ગામ."

ગરાશિયે કહ્યું: "વાહ ! વાહ ! ઘણુ સારું થયું. મારે પણ ત્યાં જ જવું છે. સથવારો થશે."

બંને આગળ ચાલવા લાગ્યા.

બપોર થયું. માથે તડકો તપતો હતો. ભૂખ કહે: મારું કામ. એવામાં એક નદી આવી. કાંઠે મજાનાં મોટાંમોટાં ઝાડ ઉગ્યાં હતા. છાંયો પણ મજાનો હતો.

ગરાશિયે કહ્યું: "ભાઈ, આપણને તો ભૂખ લાગી છે."

"ભખ તો મને ય લાગી છે."

"તો આપણે અહીં બેસીએ અને નિરાંતે ખાઇએ."

બન્ને બેઠા. ગરાશિયો તો પૈસાદાર હતો એટલે તેની પાસે સારું સારું ખાવાનું હતું. અને પાસે તો બાજરાના બે રોટલા જ હતા.

ગરાશિયાનું ખાવાનું જોઇ વાણિયાભાઇને મોઢામાં પાણી છુટયું. મનમાં થયું કે આ ખાવાનું મળી જાય તો મજા પડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયો તો ધીરેધીરે ખાવા મંડ્યો. રોટલાનું એક બટકયું લ્યે, અને ઉપર મીઠામાં બોળીને થોડુંક મરચું ખાય, અને મરચું તીખું લાગે એટલે ઉપર પાણી પીએ. પીણી પીતી વખતે મોઢામાંથી ઘટક ઘટક એવો અવાજ આવે.

ગરાશિયો વિચારમાં પડયો કે આ તો નવી જાતનું ખાવાનું!

ગરાશિયે પૂછ્યું: "ભાઇ, તું શું ખાય છે?"

વાણિયે કહ્યું: "ઘટક મેહુલા!"

"ઘટક મેહુલા? એ વળી શું?"

"અમારી જ્ઞાતિમાં એવું ખાવાનું થાય છે; અને તે આવી રીતે જ ખવાય."

ગરાશિયો વિચારમાં પડયો કે આવું ખાવાનું તો કયાંય નથી સાંભળ્યું. પકવાન તો હું રોજ ખાઉં છું. લાવ ને આજ આ નવી ચીજ ચાખી જોઉં.

"વાણિયાભાઇ, એક કામ કરો."

"બોલો."

"તમારું ખાવાનું મને આપી દો; અને મારું ખાવાનું તમે લઇ લો."

"કેમ?"

"મને એ નવી વસ્તુ ખાવાનું મન થયું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ભલે ભાઇ, તમારી મરજી છે તો આપુ છું."

એમ કહી વાણિયે પોતાનું ખાવાનું ગરાશિયાને આપી દીધું, અને તેનું ખાવાનું વાણિયે લીધું.

જેવું ખાવાનું વાણિયાના હાથમાં આવ્યું કે તરત જ એ તો મંડી જ પડયો. થોડી જ વારમાં ખાવાનું ખલાસ. આ બાજુ ગરાશિયે એકાદ બે બટકાં ખાધાં પણ કેમે ય ગળે ઊતરે નહીં. છેવટે તેણે કહ્યું: "ભાઇ તારું ખાવાનું લઇ લે."

" લાવો. "

" અને મારું ખાવાનું મને પાછું આપ."

" એ તો હું ખાઇ ગયો. "

" એટલી વારમાં ? "

"હા. "

" હશે, જેવી ભગવાનની મરજી. ચાલો, જશું ને ? "

" હા."

અને બંન્ને આગળ ચાલ્યા

વાણિયાભાઈની યુકિતથી બિચારા ગરાશિયાને ભૂખ્યા રહેવું પડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા૨ ગાય ગોથું

સુંદરપુર નામે એક ગામ હતું.
તેમાં એક વાણિયો રહેતો હતો.
નામ હતું અમીચંદ.
પૈસે ટકે સુખી; પણ સ્વભાવે કંજુસ.
કોઇને કંઇ આપે નહીં.

દિવસ જતાં એક દિવસ તે માંદો પડયો. તેના દિકરાઓએ દવા કરાવવા માંડી. વૈદ્ય અને ડોકટરને તેડી લાવ્યા. પણ અમીચંદે કહ્યું: "દિકરાઓ, હવે હું બચવાનો નથી. પછી શા માટે દવામાં પૈસા બગાડવા ?"

માંદવાડ તો દિવસે દિવસે વધવા લાગ્યો. સગાંવહાલાં ભેગાં થવા લાગ્યાં. તેમણે કહ્યું, "અમીચંદભાઇ, આખરનો સમય છે કંઇક દાનપુન્ય તો કરો ?"

પણ અમીચંદ કેમે ય માને નહીં. છેવટે બધાએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે તેણે કહ્યું: "જુઓ મેં આખી જિંદગીમાં કયારે ય પણ દાન કર્યું નથી. અને આ પહેલું કે છેલ્લું જે ગણો, તે દાન કરવાનો છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ સાંભળીને બધા ય ખુશ થયા.

ગાયના દાનથી તો મોટું પુણ્ય થાય.

મોટો દિકરો જઈને એક સુંદર મજાની ગાય લઈ આવ્યો.

અમીચંદે ગાય જોઈ. તેણે કહ્યું, "આવી સરસ ગાય દાનમાં આપવાં મારો જીવ નથી ચાલતો. માટે કોઈ મારી જેમ મરવાને આરે ઊભેલી હોય તેવી ગાય લઈ આવો."

કચવાતે મને છોકરાઓ એક દુબળી ગાય લઈ આવ્યા. ગાય પણ આજ મરે કે કાલ મરે એવી હતી.

અમીચંદે શુકન જોઈને બ્રાહ્મણને ગાયનું દાન કર્યું, ત્યાં તેનો આત્મા ઊડી ગયો.

યમદૂતો આવ્યા. અમીચંદને સ્વર્ગમાં લઈ ગયા.

ધર્મરાજના દરબારમાં તેનો ઇન્સાફ થયો.

ધર્મરાજાએ કહ્યું, "તેં આખી જિંદગી કંઈ પણ પુણ્યનું કામ કર્યું નથી. વેપારમાં જૂઠું બોલીને પાપ કર્યું છે. એટલે પુણ્ય કરતાં તારું પાપ વધારે છે. પુણ્યમાં તેં એક ગાય દાનમાં આપી હતી તે છે."

"પણ ગાયનું દાન તો મોટું ગણાય છે?"

"હા, પરંતુ દાનમાં આપ્યા પછી ગાય પાંચ મિનિટ જ જીવી હતી, એટલે તારું પુણ્ય પાંચ મિનિટનું જ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બોલ. તારે પહેલાં પાપ ભોગવવું છે કે પુણ્ય?"

અમીચંદે પૂછ્યું: "પુણ્ય કેવી રીતે ભોગવાય?"

ધર્મરાજાએ કહ્યું: "ગાય પાંચ મિનિટ સુધી જીવી હતી. એટલે પુણ્યમાં પાંચ મિનિટ સુધી ગાયને તું જે કહીશ તે કરશે."

"હું કહું તે બધું કરશે?"

"હા."

અમીચંદ તો વાણિયો હતો, એટલે પડ્યો વિચારમાં. અને કંઈક યુક્તિ ગોતવા લાગ્યો. બહુ બહુ વિચાર કરી, છેવટે તેણે કહ્યું, "દયાળુ ધર્મરાજ, મારે પહેલાં પુણ્યનું ફળ ભોગવવું છે.

ધર્મરાજાએ તરત જ ગાયને બોલાવી. વાણિયો ગાયને પગે લાગ્યો અને પછી બોલ્યો, "ગાયમાતા, જો તું મારી ઇચ્છા પ્રમાણે કામ કરતી હો તો માર ગાય, ધર્મરાજને ગોથું!"

વાણિયાનો હુકમ થયો કે તરત જ ગાય તો ધર્મરાજાને ગોથું મારવા દોડી.

ધર્મરાજાએ જોયું અને તરત જ દોડ્યા. આગળ ધર્મરાજા અને પાછળ ગાય, તેની પાછળ વાણિયો. ત્રણે ય દોડ્યા જાય છે.

ધર્મરાજા દોડતાં દોડતાં થાકી ગયા. તો ય દોડે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં બ્રહ્મા પાસે આવી પહોંચ્યા.

બ્રહ્માએ પૂછયું "ધર્મરાજ શું છે ?"

"આ વાણિયાની ગાય મને મારવા દોડે છે, મને બચાવો."

એટલામાં તો ગાય અને વાણિયો ત્યાં આવી પહોંચ્યાં.

બ્રહ્માએ વાણિયાને કહ્યું : "કેમ વાણિયા, આ શું પાપ કરે છે ? શા માટે ધર્મરાજને સતાવે છે ?"

વાણિયાએ કહ્યું "માર ગાય બ્રહ્માને પણ ગોથું."

ગાય તો શિંગડા ઉગામી બ્રહ્મા તરફ પણ દોડી.

બ્રહ્મા પણ જીવ બચાવવા દોડયા. આગળ જાય ધર્મ-રાજ. પાછળ જાય બ્રહ્મા તેની પાછળ પૂછડું ઊંચું કરી શિંગડા નીચાં કરતી ગાય જાય, અને છેલ્લો દૂમ દબાવતો વાણિયો દોડયો જાય છે.

દોડતાં દોડતાં ધર્મરાજ અને બ્રહ્મા વિષ્ણુ પાસે આવી પહોંચ્યા.

વિષ્ણુ ભગવાનને આશ્ચર્ય થયું. તેમણે પૂછયું: "અરે તમારા ઉપર એવી તે શી આફત આવી છે કે તમારે ભાગવું પડે છે ?"

ધર્મરાજએ કહ્યું: "હમણાં આફત અહીં આવશે. અમે તો દોડી દોડીને થાકી ગયા. વાણિયાની ગાયે અમારો જીવ લીધો. હવે તો તમે બચાવો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં વાણિયો અને ગાય ત્યાં આવ્યાં. ત્યાં જ બરાબર પાંચ મિનિટ પૂરી થઇ ગઇ એટલે ગાય એક બાજુ ઉભી રહી.

વાણિયાએ તરત જ વિષ્ણુ ભગવાનને નમસ્કાર કર્યા.

ભગવાને કહ્યું " વાણિયા, તેં બહુ પાપ કર્યું છે. આ દેવતાઓને તેં હેરાન કર્યા છે, માટે તને હું નરકમાં જવાની શિક્ષા કરીશ. "

વાણિયે કહ્યું " પ્રભુ ! મારી એક પ્રાર્થના સાંભળો, પછી જેમ કરવું હોય તેમ કરજો."

" બોલ, શું કહેવું છે ?"

વાણિયે કહ્યું " અમારા મૃત્યુ લોકમાં તો કહેવાય છે કે જે માણસ વિષ્ણુ ભગવાનનાં દર્શન કરે તેનાં બધાંય પાપ બળી જાય છે. તો પછી હજુ મારાં પાપ બળ્યાં નથી ? તો પછી શાસ્ત્રોમાં સુધારો કરો કે ભગવાનનાં દર્શન કરવાથી નરકમાં જવાય છે !"

ભગવાન તો વાણિયાના બોલવા પર ખુશ થઈ ગયા. વાણિયાએ ધર્મરાજ અને બ્રહ્માની માફી માગી. ભગવાને તેને મોક્ષ આપ્યો.

વાણિયો કેવો ડાહ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંકો પણ મારો છે ને !

એક હતો વાણિયો.

એનું નામ હતું ટેકચંદ.

નામ એવા જ ગુણ હતા. કોઈનું પણ કંઈક લે કે તરત જ યાદ કરીને પાછું આપી દે.

એક વખત ઘણે દૂર વેપાર માટે ગયો. ખૂબ માલ ખરીદ કર્યો. પણ પાસે પૈસા નહોતા. ટેકચંદ વિચારમાં પડયો. પૈસા કયાંથી કાઢવા ? લીધેલો માલ પાછો અપાય નહિ, અને ખરીદેલા માલના વધુ પૈસા પાસે હતા નહિ.

છેવટે બહુ વિચાર કરીને તે એક શાહુકાર પાસે ગયો, અને નમ્રતાથી કહ્યું: "હું પરદેશથી માલ ખરીદવા આવ્યો છું. થોડાક રૂપીયા ખૂટે છે. જો તમે આપો તો ઘણો જ ઉપકાર થશે. દેશમાં પહોંચીશ કે આપને તરત જ પાછા મોકલી આપીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહુકારે થોડીક વાર વિચાર કર્યો, અને પછી પૂછ્યું: "તમે કઇ વસ્તુ પર રૂપીયા માગો છો ?"

"વસ્તુ તો મારી પાસે કંઇ નથી, પણ મારી શાખ ઉપર પૈસા આપો."

"પણ તમારી શાખ કેવી છે તે મને શું ખબર ?"

"તમારે જે ખાતરી કરવી હોય તે કરી લ્યો." ટેકચંદે કહ્યું.

શાહુકારે ખાતરી કરવા કહ્યું: "તો તમારી મુછનો એક વાળ આપો."

ટેકચંદે તરત જ મુછનો વાળ કાઢી આપ્યો, અને કહ્યું: "લ્યો, આ વાળ સાચવીને રાખજો. તમારા રૂપિયા મોકલી પાછો મંગાવી લઇશ."

શાહુકારે તેની ટેકની પરીક્ષા કરવાનો વિચાર કર્યો, અને વાળ પાછો આપવા લાગ્યો. તેણે કહ્યું: "શેઠજી, આ વાળ તો વાંકો છે, માટે બીજો આપો."

"વાંકો પણ મારો છે ને ?" ટેકચંદે કહ્યું. "ભલે ને વાંકો રહ્યો. તમે રૂપિયા કંઇ વાળને નથી આપતા. વાળ વાંકો હોય કે સીધો હોય, તેને છોડાવવાની ચિંતા તો મારે જ છે ને ?"

શાહુકાર તો તેની આવી વાતથી ખૂબ ખુશ થઇ ગયો, અને તરત જ પૈસા ગણી આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલ લઇને ટેકચંદ પોતાને ગામ પહોંચ્યો. તરત જ પોતાના મુનીમ સાથે પૈસા મોકલી પેલો વાળ પાછો મંગાવી લીધો.

થોડા જ દિવસોમાં આ વાત જાહેર થઇ ગઇ. એક બીજા વાણિયાને આ વાતની ખબર પડી. તેણે વિચાર કર્યો કે "આ તો સારી વાત છે. વાળ ઉપર આટલા બધા પૈસા મળતા હોય તો લઇ આવીએ. પછી પાછા જ ન આપવા."

વિચાર કરીને એ તો ઊપડયો પેલા શાહુકાર પાસે. જઇને તરત જ કહ્યું, "શેઠજી, મારે રૂપિયાની જરૂર છે, આ મૂછનો વાળ રાખો, અને મને પૈસા આપો."

તેની બોલવાની રીતભાતથી શાહુકાર તરત જ સમજી ગયો અને બોલ્યો "પણ આ વાળ તો વાંકો છે. બીજો આપો."

"વાંકો હોય તો રહેવા દો. લ્યો આ બીજો." પેલાએ બીજો તોડી આપ્યો.

શાહુકારે કહ્યું: "આ પણ વાંકો છે. વાણિયાએ બીજો તોડી આપ્યો. આમ એક પછી એક વાળ વાણિયો તોડતો ગયો. અને શાહુકારને આપતો ગયો. પણ શાહુકાર બધાને વાંકા જ કહેવા લાગ્યો.

વાણિયો થાકયો. તેણે કહ્યું "શેઠ, આટલા વાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યા, પણ તમે બધાને વાંકા જ કહેા છેા. કંઇ નહીં. એટલા બધાય રાખીને મને પૈસા આપેા."

"નહીં. આ વાંકા વાળ ઉપર હું નહીં આપું."

"વાળ તેા બધાય વાંકા જ નીકળે છે." વાણિયેા બેાલ્યેા.

"તેં સીધા વાળ માટે બહુ પ્રયત્ન કર્યો. હું રૂપીઆ આપત તે કંઇ સીધા વાળની કિંમત જોઇને નહીં. આ તેા તારા વહેવારની પરીક્ષા કરતેા હતેા. પણ તને મુછના વાળની કંઇ કિંમત નથી. તને રૂપીઆ આપવા એટલે પૈસા પાણીમાં નાખવા જેવું છે. માટે જા ભાઇ જા. કંઇક ધંધેા કર; સમજ્યેા."

લેભાગુ વાણિયેા બિચારેા વીલે મેાઢે ચાલ્યેા ગયેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને મિંયાઉં, તારા બાપને મિંયાઉં !

●

બોધાશા આમ તો હુશિયાર હતો, પણ નશીબ આડું એટલે વેપારમાં ખોટ ગઈ. લોકો પૈસા માગવા લાગ્યા. બોધાશા દુકાન બંધ કરીને ઘરમાં સંતાઈ ગયો. લેણદારો ઘરે આવવા લાગ્યા. બોધાશા બિચારો કંટાળી ગયો.

કોઇને ખબર ન પડે તેમ તેણે પોતાના મિત્ર ધીરજ ને બોલાવ્યો અને કહ્યું " ભાઈ તું તો જાણે છે કે હું હમણા ઘણો જ દેવામાં ડુબેલો છું તારા તો હું બધાય પૈસા આપીશ પણ હમણાં મને આ બીજા લેણદારોથી બચાવ."

" બચાવું તો ખરો. " ધીરજલાલે કહ્યું " પણ પછી ગરજ સરી એટલે વૈદ વેરી એવું તો નહીં કરેને ? "

" ના ભાઇ ના, એમ કંઇ તારો ઉપકાર ભૂલી જાઉં."

" તો સાંભળ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કહે."

" જ્યારે કોઇ પૈસા માગવા આવે ત્યારે તારે કંઇ બોલવું નહીં માત્ર " મ્યાંઉં " એટલું જ કહેવું. "

" પણ તેનાથી શું થાય ?"

" મૂર્ખા, એટલું ય ન સમજ્યો. લોકો સમજશે કે બોધાશા ગાંડો થઈ ગયો છે એટલે કોઈ પાછા ઉઘરાણીએ નહીં આવે સમજ્યો ? "

" હા, ભાઇ એ વાત ખરી. "

બીજે દિવસે એક પછી લેણદારો પૈસા લેવા આવવા મંડ્યા. સૌ પહેલાં એક વેપારી આવ્યો તેણે કહ્યું " બોધાશા અમારો હિસાબ ચુકવી આપો."

" મ્યાઉં ! ! ! " બોધાશાએ જવાબ આપ્યો.

" પાધરો જવાબ આપતાં કંઇ મોઢું દુઃખે છે ? શરાફે કહ્યું.

" મ્યાઉ ! ! ! "

" મ્યાઉંવાળા જાણ્યું તારું ડહાપણ. લેતી વખતે તો નાણાવટી થઈને આવ્યો હતો. યાદ રાખ અમે પૈસા લીધા વિના જવાના નથી." બીજા વેપારીએ કહ્યું.

" મ્યાઉં ! ! ! " બોધાશા ફરીવાર બોલ્યો.

કઠીયારે પણ પૈસા મુકયા હતા એટલે તરત જ તે બોલ્યો " ભલા માણસ મેં તો થાપણ મુકી છે. કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામના વખતમાં અમારા પૈસા તમને કામમાં લાગતા તો હવે બેઠાની ડાળ શા માટે કાપો છો ?"

બોધાશાએ કહ્યું: "મ્યાઉં ! ! !" એટલામાં પીંજરો આવ્યો. તેણે કહ્યું: " આ તો ગજબ, લેતી વખતે તો સો મણની તળાઈમાં સૂવાનું કહેતા હતા, શેઠ; અમને તો રૂપીયા આપો?"

" મ્યાઉં ! ! ! બોધાશાએ તરત જ અવાજ કર્યો."

પૈસા માગવાવાળો સોની પણ ત્યાં જ બેઠો હતો. તેણે કહ્યું: " શેઠ તમારે પારકા ઘર ઉપર ધામધુમનો વેપાર શા માટે કરવો પડયો ? એવું શું છે કે સોનું પહેરીએ ને કાન તૂટે ? આ રૂપિયા લીધા છે તે તો આપવા પડશે."

" મ્યાઉં ! ! ! " બોધાશાએ કહ્યું.

આખા દિવસમાં કેટલાય લહેણદારો આવ્યા. પણ બોધાશાએ તો બધાયને " મ્યાઉં, મ્યાઉં " થી જ પતાવ્યું. લોકો સમજ્યા, બિચારાને બોટ ગઈ છે, એટલે ગાંડો થઈ ગયો લાગે છે.

થોડા દિવસમાં તો બધા લેણદારો આવતા બંધ થઈ ગયા.

ધીરજલાલે વિચાર કર્યો કે, હવે કોઈ લહેણદારો નહીં જતા હોય માટે લાવ મારા પૈસા તો લઈ આવું ?

એમ વિચારીને બોધાશાને ત્યાં ગયો અને કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બાદશા હવે મારો હિસાબ કરો."

થોડી વાર તો બાદશા તેની સામે જોઈ રહ્યો. પછી તરત જ બોલી ઊઠયો: "મ્યાઉં !"

ધીરજલાલ એકદમ ચમકી ઊઠયો અને બોલ્યો: "એલા, મને ય મ્યાઉં ?"

"તને તો મ્યાઉં; પણ તારા બાપને ય મ્યાઉં !" બાદશાએ કહ્યું.

"એમ છે, તો હવે બધા પાસે તારી પોલ ઉઘાડી પાડું છું. યાદ રાખ."

"અરે, ના, ના, એમ ન કરીશ."

"તો મારા પૈસા આપી દે."

બાદશાએ તરત જ તેના પૈસા ગણી આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહાવાની બાધા

ગામમાં સાધુ મહારાજ આવ્યા હતા.

શું સરસ વ્યાખ્યાન કરે કે બસ! લોકો ખુશ ખુશ થઈ જાય. વ્યાખ્યાન પૂરું થાય એટલે ગામના લોકો પાસે કંઈ ને કંઈ બાધા લેવરાવે.

લોકો પણ કંઈને કંઈ બાધા લેવા લાગ્યા. કોઈ જૂઠું ન બોલવાની તો કોઈ દરરોજ કંઈક દાન કરવાની બાધા લેવા લાગ્યા.

એ ગામમાં બે વાણિયા રહેતા હતા. બન્ને પાકા દોસ્ત. કોઈ દિવસ વ્યાખ્યાનમાં ન જાય. તેમને બીક લાગતી હતી કે કંઈ બાધા લેવી પડે તો ?

આખો દિવસ ધંધો કરે એટલે પૂજાપાઠ કરવાનો સમય ન મળે. સ્વભાવે કંજૂસ એટલે દાનધર્મ પણ ન બને. ડગલે ને પગલે ખોટું બોલવાનું કોઈ જાતની બાધા લેવાય તેમ ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોએ ઘણું કહ્યું, એટલે છેવટે બબ્બે દિવસે વ્યાખ્યાનમાં જવા લાગ્યા.

એક દિવસ વ્યાખ્યાન પૂરું થયું એટલે સાધુ મહારાજે તેમને ઊભા રાખ્યા અને કહ્યું: "જુઓ ભાઈ, આ ગામમાં બધાએ કંઈ ને કંઈ બાધા લીધી; પણ તમે કંઈ બાધા લીધી નથી."

તેમણે તરત જ પોતાની મુશ્કેલી જણાવી. મહારાજે કહ્યું: "એમાં શું છે? તમે નદીએ નહાવાની બાધા લો."

"એ બરાબર છે." વાણિયાએ કહ્યું, અને તરત જ બન્નેએ નહાવાની બાધા લઈ લીધી.

ઉનાળાના દિવસો હતા એટલે નહાવાની બહુ મજા પડે. હંમેશાં નિયમ પાળતા. કોઈ કોઈ વખત તો બે થી ત્રણ વખત પણ નદીએ નહાઈ આવતા.

ઉનાળો પૂરો થયો.

ચોમાસું આવ્યું.

વરસાદ પડવા લાગ્યો. નહાવાની મજા ઊડી ગઈ. તો પણ જેમતેમ કરીને ચોમાસામાં તો નહાવાનો નિયમ પાળ્યો.

એ પછી શિયાળો આવ્યો.

કારતક–માગશર તો જેમ તેમ કરીને ખેંચી કાઢયા. પણ પોષ મહિનો આવ્યો એટલે તો એવી ટાઢ પડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી કે, નદીએ નહાવા જાય તો સીધા સ્વર્ગે પહોંચી જાય!

બન્ને વિચારમાં પડયા કે, આનો ઉપાય તો કરવો જોઇએ.

એકે યુક્તિ ગોતી કાઢી.

દરરોજ તો બન્ને સાથે નહાવા જતા. પણ તે દિવસે એક જણ વહેલો ઊઠી નદીએ જઇ ધોતિયું બોળીને પાછો ઘેર આવ્યો.

રસ્તામાં બીજો મળ્યો. તેણે પૂછયું: "એલા, આજે વહેલો કેમ?"

"બસ."

પેલો વિચારમાં પડયો કે, મને તો આઠ વાગે નહાતાં પણ ટાઢ વાય છે અને આ તો મારી પહેલાં જઇને નહાઇ આવ્યો, માટે જરૂર કંઇ ભેદ હોવો જોઇએ.

બીજે દિવસે તે વહેલો ઉઠી નદીએ જઇને સંતાઇ ગયો.

પેલા મિત્રે તો આવીને ધોતિયું બોળી ચોલવા માંડયું. તરત જ છુપાયેલો મિત્ર બહાર આવ્યો, અને પૂછયું "કાં ભાઇ?"

અને બન્ને તે દિવસથી ધોતિયું બોળીને ચાલવા માંડયા.

દિવસે દિવસે ટાઢ એટલી બધી પડવા લાગી કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીમાં હાથ પણ નખાય તેમ નહોતું.

વળી પાછો પેલો માણસ એકલો નદીએ ગયો; અને કાંઠે બેસી ઘણો વિચાર કર્યો. પછી નદીમાં એક કાંકરો નાખી બોલ્યો: "કંકર સ્નાનમ્ અહમ સ્નાનમ્ અહમ્ એટલે કે "કાંકરો નહાયો તે હું જ નહાયો" એમ બોલી ઊભો થઈને ચાલવા લાગ્યો.

રસ્તામાં બીજો મિત્ર મળ્યો. તેણે કહ્યું "એલા, આજ શું કરી આવ્યો?"

"હું તો નહાઈ આવ્યો."

"ખોટી વાત, આજ તો ધોતિયું પણ બોજ્યું નથી."

પેલાએ કહ્યું: "આજ તો કંકર સ્નાનમ્ અહં સ્નાનમ્ કર્યું."

બીજાએ કહ્યું: "જો એમ જ છે તો પછી હું શું કામ નદીએ જાઉં? એ તો ત્વમ્ સ્નાનમ્ અહં સ્નાનમ્. માટે ચાલો."

એમ કહી બન્ને ઘર ભેગા થઈ ગયા.

રંગ છે ને એમને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોકા હુવા સાઠ

●

એક હતા મિંયા.

એમને એવી ટેવ કે જેનું લીધું તેને પાછું આપવું જ નહિ. લોકો પણ તેની એ ટેવ જાણી ગયા, એટલે તેમને કોઇ કંઈ આપતા નહિ.

વાણિયા પાસેથી થોડાક પૈસા લીધા હતા. વાણિયે પૈસા માટે ઘણી વાર કહ્યું, પણ મિંયા ગણકારે જ નહિ. મિંયા રહ્યા એટલે વધારે તો માથાઝીક થઇ શકે તેમ નહોતું. વાણિયો સારી રીતે સમજતો હતો કે સમજાવીને પૈસા કઢાવ્યા વિના છૂટકો નથી.

એક દિવસ મિંયા ખુશમિજાજમાં હતા. વાણિયે વિચાર કર્યો કે આજ સારો લાગ છે. તરત જ મિંયા પાસે ગયો, અને કહ્યું: "મિંયા સાહેબ."

"શું છે?" મિંયાએ રૂઆબમાં પૂછયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જરા આગલો હિસાબ..."

"નહીં, ચાલ્યો જા અહીંથી."

"પણ મારું સાંભળો તો ખરા?"

"મને વખત નથી."

"તો તમારી મરજી, આ તો તમારા લાભની વાત હતી."

"ઠીક, તો બોલ જલ્દી, કહી દે શું છે?"

"આપણો હિસાબ...."

"હિસાબની વાત કર માં."

"પણ એ હિસાબ ચૂકતે થાય તો નવું ખાતું બોલવાનું ઠીક પડે. તમારે વસ્તુ જોઈતી હોય તો ખુશીથી લઈ જજો. દુકાન તમારી જ છે ને?"

"ઠીક, તો બોલ કેટલા રૂપિયા છે."

વાણિયો હરખાતો હરખાતો દુકાને ગયો. બે-ચાર ચોપડા બગલમાં મારી આડો અવળો હિસાબ માંડી મીંયા પાસે આવ્યો.

"બોલ કેટલા રૂપિયા છે?" મિંયાએ પૂછયું.

"વધારે તો નથી, માત્ર સો રૂપિયા છે."

"સો રૂપિયા?" મિંયાએ આશ્ચર્યથી પૂછયું. "ગજબની વાત છે. પણ એ તો તારા મોઢેથી કહે છે, કેટલા લેવાનો વિચાર છે એ વાત કર ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેટલા કેમ ? વ્યાજ સાથે લેણા નીકળે છે. એમાં કંઈ ચાલે ? હિસાબ કોડીનો ને બક્ષિસ લાખની. આંખમાં કણું સમાય તો હિસાબમાં પાઈ સમાય."

"અરે બનિયા, અમારે વ્યાજ કેવું ?"

"દિકરો હોય તો વહુ આવે ને ? રૂપિયા આપ્યા છે એટલે વ્યાજ માગું છું. ને વાણિયાનો દિકરો આપે એટલું જ પાછું લે તો ખાય શું ?"

"જો તારે હિસાબ કરવો હોય તો હું બોલું એમ કર. ખાલી માથું ન ફરાવ. વ્યાજ હું નહી આપું."

વાણિયો વિચારમાં પડયો. તેને થયું આજ કેટલે ય વર્ષે માંડ હિસાબ પતાવે છે, તો જે મળે તે લઈ લેવું; નહિ તો એ પણ જશે. એમ વિચાર કરી વાણિયાએ કહ્યું: "ઠીક ભાઈ, તમારી મરજીમાં આવે તેમ હિસાબ કરો."

"તો સાંભળ," ભીંયો બોલ્યો: "સો તો તું તારા મોઢેથી કહે છે, એટલે સોના થયા સાઠ. આધા ગયા નાઠ, દશ આપીશ, દશ કોઈની પાસેથી અપાવીશ, અને દશમાં શું લેવું 'તું ને આપવું 'તું પણ શું ? ચલ જા, હિસાબ થઈ ચૂકયો."

"પણ એ કેવી રીતે ?" વાણિયે પૂછયું.

"સોમાંથી ચાલીશ વ્યાજના ગયા. બાકી સાઠ રહ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી અરધા છૂટના મૂકયા. બાકી ત્રીસ રહ્યા. દશ આપીશ, અને દશ બીજા પાસે અપાવીશ. પછી રહ્યા દસ, તો તેમાં શું આપવું, ને લેવું શુ ?"

વાણિયો બિચારો ઢીલો થઈ ગયો. સો રૂપિયા તો ધૂળધાણી કરી નાખ્યા એક પાઇ રોકડી તો આપતો નથી ! ફક્ત વીસ રૂપિયા આપવાનું કહે છે, તે પણ નસીબમાં હશે તો મળશે.

વાણિયો આવ્યો'તો એમ પાછો ચાલ્યો ગયો.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી પાઘડી બાંધ

●

રાણપુરમાં એક અમલદાર રહેવા આવ્યા.

કમનશીબે તેમનો ઘોડો ભાગી ગયો. અમલદારે તરત જ પોતાના સિપાઇને ઘોડો ગોતવા મોકલ્યો.

સિપાઇએ ગામમાં ઘણી શોધ કરી પરંતુ કંઇ પત્તો લાગ્યો નહીં. બાજુમાં જ વાણિયાની દુકાન હતી. તરત જ તેણે વાણિયાને પૂછ્યું: "અરે વાણિયા, અહીંથી કોઇ ઘોડો જતાં જોયો ?"

વાણિયો ઉંમરમાં નાનો હતો. વળી અનુભવી પણ નહોતો. એટલે તેણે તો સાચી વાત કરી દીધી. "હા, જમાદાર સાહેબ, એક ઘોડો સામી બાજુ જતાં જોયો છે."

"તો ચાલ મારી સાથે."

"શું કરવા ?"

"ઘોડાને ગોતવા."

"અરે વાહ, જમાદાર સાહેબ, ઘોડો સામેના રસ્તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેા છે. ત્યાં જશેા એટલે હશે તેા મળી આવશે. એમાં મારે સાથે આવવાની શી જરૂર છે ?''

''અરે ! હું કહું છું કે ચાલ મારી સાથે.''

''દુકાન મૂકીને કેમ અવાય ?''

''તેં અમલદારનેા ઘેાડેા જોયેા છે, પણ બતાવવા સાથે નથી આવતેા, એટલે મને શક છે કે, તેં જ ઘેાડેા સંતાડયેા છે !''

વાણિયાભાઇને તેા નમાજ પઢતાં મસ્જિદ કેાટે વળગી ગઈ !

એટલામાં બાજુની દુકાનવાળા વાણિયાની નજર તેના પર પડી. તે તરત જ બેાલ્યેાઃ ''ફરીથી પાઘડી બાંધ.''.

વાણિયેા મૂળ તેા ડાહીમાનેા દીકરેા ખરેા ને ? એટલે તરત જ સમજી ગયેા, અને બેાલ્યેાઃ ''પણ હેં...હેં.... હેં જમાદાર સાહેબ, મેં જે ઘેાડેા જોયેા તેને તેા બે શિંગડાં હતાં. તમારા ઘેાડાને કેટલાં હતાં ?''

''હેવાન, ઘેાડાને શિંગડા હેાય ? એ તેા બળદ હશે, બળદ !''

''તેા એમ જ હશે. આંખે બરાબર દેખાતું નથી ને એટલે આમ થયું હશે.''

સાંભળીને સિપાઈ ચાલ્યેા ગયેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લપોડશંખ

એક હતો સાધુ.

એનું નામ હતું શીતળદાસ. પાસે એક નાનકડી શંખલી હતી. તેની રોજ સવારે નાહી ધોઈ ધૂપ તેલ ચઢાવી, અગરબત્તીની સુવાસ ફેલાવીને પૂજા કરતો. શંખલી તેને રોજ સવા વાલ સોનું આપતી; એટલે સાધુ મહારાજનુ ગુજરાન ચાલ્યા કરતું.

તેની બાજુમાં જ એક ગરબડદાસ નામનો વાણિયો રહેતો હતો. તેની પાસે પણ એક શંખ હતો. શંખનું નામ હતું લપોડશંખ. વાણિયો રોજ એની પૂજા કરે અને માગે: "લપોડશંખ દે ને લાખ."

એટલે લપોડશંખ કહે: "લે ને સવા લાખ." લપોડશંખ માત્ર બોલતો જ. કંઈ આપતો નહીં.

શીતળદાસ રોજ આ સાંભળે. તેને ખબર નહીં કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લપેાડશંખ માત્ર મેાઢેથી જ બેાલે છે. સાધુને લેાભ લાગ્યેા. તેને થયું: જો આ શંખ મારા હાથમાં આવી જાય તેા બેડેા પાર થઇ જાય.

વાણિયેા વેપાર માટે બીજે ગામ જતેા હતેા, ત્યાં શીતળદાસ આવ્યેા અને કહ્યું. "ભાઇ ગરબડદાસ, તું તેા હવે અહીંથી ચાલ્યેા જાશ. પણ મારું એક કામ નહીં કરે ?

"બેાલેા ને મહારાજ. કંઇ તમારા કામની ના કહેવાય ?"

"કામ તેા ખાસ નથી પણ તારી યાદગીરી મારે જોઇએ છીએ."

"આહેા, બસ એટલું જ ને ? માગી લેા જે જોઇએ તે."

"એમ કર, તું આ મારી શંખલી લઇ જા, અને એને બદલે તારેા શંખ મને આપીજા."

"મહારાજ આવેા શંખ...." વાણિયેા જાણે વિચાર કરતેા હેાય તેમ બેાલ્યેા. "કંઇ વાંધેા નહીં. તમે સાધુ છેા. તમને મારાથી ના કહેવાય ? લ્યેા આ શંખ."

વાણિયે તરત જ શંખ આપી દીધેા. સાધુએ તેના બદલામાં પેાતાની શંખલી આપી. શંખલી લઇને વાણિયેા તેા ચાલતેા થયેા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીતળદાસને તો જાણે બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો. એ તો ખુશ થતો થતો ઘરે આવ્યો.

પેાતાની સામે શંખને મૂકીને તેનાં વખાણ કરવા લાગ્યો. " અહાહા, આ શંખ કેટલો બધો મોટો છે. વળી દેખાવમાં પણ કેટલો સુંદર છે ! પેલી તો નાની શંખડી, એ વળી શું કામની ? આવા શંખ વિના કંઈ ગરીબાઈ જાય ? "

સાધુ તો તરત જ નાહીધોઈને તૈયાર થઈ ગયો શંખની પૂજા કરી. અંબર કસ્તુરીનો ધૂપ કર્યો, અને કહ્યું: "લાવ લપેાડશંખ લાખ." તરત જ શંખ બોલ્યો: " લેને સવા લાખ."

" લાવ સવા લાખ ! "
" લે ને બે લાખ ! "
" લાવ બે લાખ ! "
" લે ને ત્રણ લાખ ! "

આમ શંખ તો સંખ્યા વધારતો જ ગયો. શીતળદાસ ખૂબ ખુશ થયો અને વધારે માગવામાં મજા છે, એમ વિચારી તેણે કહ્યું.

" લાવ ત્રણ લાખ ! "
" લે ને ચાર લાખ ! "
" લાવ પાંચ લાખ ! "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લે ને છ લાખ!"

શંખે તો દશ લાખ સુધી કહ્યું. શીતળદાસને થયું, "દશ લાખ! અધધધ. આટલા બધા રૂપિયા? હવે આપણે શેની ખોટ? પણ હવે વધારે રકમ સાંભળવાને બદલે તેને રૂપિયાનો ઢગલો જોવાનું મન થયું એટલે તેણે કહ્યું, "બસ, બસ, હવે એ રૂપિયા આપ!"

"રૂપિયા આપવાની વાત કેવી?" શંખે કહ્યું, "આ તું રૂપિયા આપવાનું મોઢેથી કહે છે તે લેવા હું તૈયાર છું; માટે લાવ." શીતળદાસે કહ્યું.

શંખે કહ્યું, "હું તો લપોડશંખ! સમજ્યો? કહું પણ આપું નહીં. માટે જે માંગવું હોય એ માગ પણ મળશે કશું નહીં."

"હેં!" સાધુની આંખ ફાટી ગઇ. પોતાની સવા વાલ સોનું આપતી શંખલી પણ ગુમાવી!

વાણિયાભાઇ તો શંખલી લઇ કયાંય રવાના થઇ ગયા હતા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકમાં અનેક

રામદાસ નામનો એક વાણિયો હતો.

નાનો હતો ત્યારે જ બિચારાનાં માબાપ મરી ગયાં હતા. બીજું કોઇ સગુંવહાલું નહોતું. અધુરામાં પૂરું તેને શીળી નીકળ્યા તેમાં તેની બન્ને આંખો પણ ગઈ.

આમ તેમ રઝળીને પોતાનું પેટ ભરતો. કોઇ કોઇ વખત તો ભૂખે પણ સૂઇ રહેવું પડતું. ગામના મંદિરના ઓટલા પર રાત્રે સૂઇ રહેતો.

એક દિવસ તેને એક ધર્માચાર્ય મળ્યા. તેણે રાત-દિવસ પ્રભુના ભજનો કેમ કરવાં એ શીખવાડયું. આંધળો માણસ બીજું કરી પણ શું શકે ? કાં તો દળે અને કાં તો ગાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધળા વાણિયાને ગાવામાં બહુ મજા પડતી. તેનો અવાજ પણ સારો હતો, એટલે કીર્તન, પદ કે સ્તુતી એક વખત સાંભળે કે તરત જ યાદ રાખી લેતો.

વાણિયો હવે તો આખો દિવસ કીર્તન ગાતો. લોકો તેને ભકત કહેવા લાગ્યા. ઇશ્વર સ્તુતી તો એવી કરતો કે ખાવાનું પણ ભાન નહોતું રહેતું. લોકો જે કંઇ તેની પાસે મૂકી જાય તે ખાઇ લેતો.

એમ ને એમ દિવસો વીતવા લાગ્યા. વાણિયો વધુ ને વધુ ભકિત કરવા લાગ્યો. ભગવાન સોમનાથ તેની આ ભકિતથી ખુશ થયા અને પ્રગટ થઇને કહ્યું: "ભાઈ, તારી ભકિતથી હું પ્રસન્ન થયો છું. માટે જે માગવું હોય તે માગ."

સાંભળીને વાણિયો તો વિચારમાં પડયો. માગવું શું? જો આંખો માગે તો પછી કમાવાની ચિંતા. પૈસા માગે તો આંખ વગર શા કામના? સ્ત્રી માગે તો વળી ગુજરાન ચલાવવાની ચિંતા. બધું ય મગાય તેમ નહોતું. વરદાન એક જ હતું. વાણિયો વિચારમાં પડયો.

પણ ગમે તેમ તો વાણિયો ને? બુદ્ધિવાળો એટલે છેવટે વિચાર કરીને કહ્યું "હે મહાદેવ, તમે મારા પર ખરેખર પ્રસન્ન થયા છો?"

"હા ભાઈ, જે જોઇએ તે માગી લે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું જે માગું તે આપશો ?"

"હા, પણ એક જ વરદાન."

"ભલે; તો હું મારા દિકરાના દિકરાની વહુને સાત માળની હવેલી પર સોનાની ગોળીમાંથી માખણ ઉતારતી જોઉં, એવું આપો."

મહાદેવ તો વાણિયાની બુદ્ધિ ઉપર ખુશ થઇ ગયા, કારણ કે વાણિયાએ એક જ વરદાનમાં પોતાની આંખો, સ્ત્રી, પૈસા, પુત્ર અને પુત્રવધૂ માગી લીધાં હતાં.

"તથાસ્તુ" કહીને મહાદેવ અંતર્ધાન થઇ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાનું વચન

નેમચંદ શેઠ ભારે કંજુસ. કોઇ દિવસ કોઇને ભૂલે-ચૂકે પણ કંઇ ન આપે.

એ વખતે આજની જેમ કંઇ નાટક-સિનેમા ન હતા. કોઇ કોઇ વાર ભવાઇયાઓ ગામમાં આવીને ખેલ કરતા.

ગામની ભાગોળે એક વખત ભવાઇયાઓ ભવાઇ કરતા હતા. દિવસભરના કામથી થાકેલા નેમચંદ શેઠને પણ ભવાઇ જોવાનું મન થયું, એટલે એ પણ ઊપડયા.

ભવાઇ શરુ થઇ. ભવાઇયાઓ એક પછી એક વેશ કાઢવા લાગ્યા.

એક નાના છોકરાએ એવું સરસ ભજન ગાયું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નેમચંદ શેઠ એકદમ આવેશમાં આવી બોલી ઊઠયા "સાબાશ, કમાલ કરી તેં. જા તને, મારી ભેંસ ઇનામમાં."

ભવાઇયા તો ખુશ ખુશ થઇ ગયા. ભેંસ મળવાની હતી પછી કેમ ખુશ ન થાય ? પણ બીજી બાજુ શેઠના પેટમાં તેલ રેડાયું. ખુશ થઇને ઇનામ તો આપ્યું, પણ મનની દુઝણી ભેંસ આપતા જીવ કેમ ચાલે ? અને વળી મુસીબત તો એ હતી કે ગામના લોકો વચ્ચે વચન આપેલું એટલે ફોક પણ કેમ થાય ? બીજા સાથે તો ચાલાકી ચાલે પણ આ તો ભવાઇયાની જાત. તરત ફજેત કરે.

પણ શેઠ તો ડાહીમાના દિકરા એટલે ઠંડે પેટે એક સરસ યુકિત ગોતી કાઢી.

થોડી વારમાં બીજો વેશ આવ્યો કે તરત જ શેઠ બોલી ઊઠયા " રંગ છે તમને, જાવ તમને બન્નેને એકેક ભેંસ ઇનામ !"

ભવાઇયાને નવાઇ લાગી. આવી રીતે એકસામટી ભેંસ ઇનામ આપનાર આજે જ જોયો હતો.

થોડી વાર પછી એક રાજદરબારનો દેખાવ આવ્યો કે શેઠે તરતજ ફેંકયુ: " જાવ, તમને દરેકને એક એક ભેંસ આપીશ."

ભવાઇયાઓને ભારે નવાઇ લાગી. ગામના માણસો પણ શેઠ બોલે છે કે બકે છે તે જોવા શેઠ સામું જોવા મંડયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં છેલ્લેા લડાઇનેા દેખાવ આવ્યેા, અને તેમાં બધા જ ભવાઇયાએા કામ કરતા હતા.

તરત જ નેમચંદ શેઠ પેાતાની જગ્યાએથી ઉભા થઇ ગયા. હાથમાં પાઘડી લીધી. બીજા હાથમાં બેસ પકડયેા અને જેરથી ગેાળ ગેાળ ફરતા ફરતા ગાવા લાગ્યા.

ભવાઇયાને રંગ છે રંગ છે રે,
તેઓ બધા ય જુઓ નંગ છે નંગ છે રે,
જુઓ અહીં જામ્યેા જંગ છે જંગ છે રે.

દરેકને એકેક ભેંસ આપીશ, સાંભળવા આવનારને, જેવા આવનારને દરેકને એકેક ભેંસ આપીશ. હા....હા ....હી....હી....હા....હા ! ભેંસ.

ભવાઇયાને થઇ ગયું કે શેઠ મશ્કરી કરતા હતા. એટલામાં કેાઇએ મશ્કરીમાં પૂછ્યું : "કેમ શેઠ, આજે કેટલી ભાંગ પીધી છે ? "

શેઠ જાણે ગુસ્સે થયા હેાય તેમ બેાલ્યા : "જા....જા, મેં તેા એક જ ઘડેા પીધી છે....હી....હી...હા....હા.... હા....હા....તું કેમ ફરશ; આ દીવા કેમ નાચે છે ?"

બધાને ખાતરી થઇ કે શેઠે આજે જરા વધારે ભાંગ પીધી છે અને તેથી જ બકવાદ કરે છે. બાકી સુમ જેવા નેમચંદ શેઠ ફાટેલેા કટકેા પણ ઇનામમાં આપે તેવા નથી ત્યાં વળી ભેંસની વાત કયાં કરવી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવાઇયાને ભેંસ મળવાની વાત ટળી ગઇ. શેઠના મિત્રને દયા આવવાથી તે શેઠને લઇને તેમને ઘેર મૂકી આવ્યો.

શેઠાણીએ ઘરનાં બારણાં બંધ કર્યાં. હવે શેઠને નિરાંત વળી.

શેઠનું ચરિત્ર શેઠાણી બરાબર સમજે એટલે એ પણ શેઠ પાસેથી બધી વાત સાંભળીને ખડખડ હસી પડયા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તલવારબાઇ વળીને વાંકા વળ્યા !

મિયાં શેરખાં દિલનાં તો નેક હતા;. પણ ખરચો ભારે. પૈસાની જરૂર પડે એટલે વાણિયાની દુકાને જઈને ઉધાર લઈ આવે.

એક વખત તેમને ત્યાં પુત્રીનાં લગ્ન આવ્યાં. લગ્નમાં પૈસાની તો પહેલી જરૂર પડે. એ તો ઉપડયા તરત જ વાણિયાની દુકાને અને કહ્યું : "શેઠ, તમારું કામ પડયું છે."

"હા, બોલો ને."

"ઘેર છોકરીના લગ્ન છે એટલે થોડાક પૈસાની જરૂર છે."

વાણિયાએ તરત જ મિયાંનું ખાતું કાઢયું. હિસાબ માંડીને કહ્યું : "ભાઈ શેરખાં, આ વખતે તમને પૈસા નહિ મળે."

"કેમ ?"

"તમારા ઘણા પૈસા લેણા નીકળે છે."

"તે હું બધાય આપી દઈશ, પણ આ વખતે તો મને પૈસા આપો."

"ના ભાઈ, છેલ્લા છ મહિનાથી તમે એક પૈસો પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભર્યો નથી, એટલે હું નહિ આપું.''

''તમારે આપવા જ પડશે.'' મિયાંએ જરાક આંખ ફેરવીને કહ્યું.

વાણિયાએ પણ મોં ફેરવીને કહ્યું : ''હું એક દમડી પણ આપવાનો નથી.''

મિયાંએ અબે તબે કરવા માંડયું. વાણિયાનો પણ મિજાજ ગયો.

છેવટે મિયાંથી ન રહેવાયું. તેણે તરત જ મ્યાનમાંથી તલવાર કાઢી : ''આપશ કે નહિ ?''

તલવાર જોઈ વાણિયો ઢીલો પડી ગયો અને બોલ્યો: ''મિયાં, મિયાં ! એ અંદર નાખી દે. તને સો ને બદલે સવાસો આપું.''

''હવે ઠીક.'' કહીને મિયાંએ તલવાર મ્યાનમાં નાખી.

વાણિયો દુકાનમાં ગયો. એક સુંદર મજાની રેશમી કોથળી લીધી, અને તેમાં શેર, અચ્છેર, બશેર વગેરે કેટલાં ય નાનાંમોટાં વજન નાખ્યાં, અને પછી બહાર આવ્યો.

મિયાં દુકાનની બહાર ઊભા હતા. દુકાનનો ઓટલો છાતી સુધી ઉંચો હતો. એટલે દુકાનમાં ઊભાઊભા જ વાણિયે કહ્યું: ''લ્યો સાહેબ, આ કોથળીમાં રૂપિયા ભર્યા છે.''

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિયાંએ કોથળી લેવા હાથ ઉંચો કર્યો. તરત જ વાણિયો ઉપરાછાપરી કોથળી મિંયાના માથામાં મારવા મંડયો.

મિયાં તમ્મર ખાઇને નીચે પડયા.

વાણિયો નીચે ઊતર્યો. મિયાંની તલવાર લઇ લીધી, અને ઘરમાં જઇને સંતાડી દીધી. દુકાનમાંથી નાનું દાતરડું લાવી ઉપર ટીંગાડી દીધું.

થોડી વારમાં તો ત્યાં લોકોનું ટોળું ભેગું થઇ ગયું. મિયાંને પાણીબાણી છાંટયું, એટલે માંડ મિયાં ભાનમાં આવ્યા.

જેવા મિયાં ભાનમાં આવ્યા કે તરત જ વાણિયાને મારવા માટે "મેરી તલવાર કહાં, મેરી તલવાર કહાં" કરવા મંડયા.

વાણિયે દાતરડું બતાવીને કહ્યું, "આ તમારી તલવાર લટકે."

"એ તો દાતરડું છે." મિયાંએ રીસમાં કહ્યું, વાણિયે કહ્યું "એ તો તલવારબાઇ વળીને વાંકા વળ્યાં છે."

લોકો એકદમ હસી પડયા.

મિયાંને માંડ સમજાવીને ઘરભેગો કર્યો. લગન લગનને ઠેકાણે રહ્યું ને ઉપરથી તલવાર પણ ખોઇ તે વળી જુદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ તાંતણે બળીયું

રાંધણપુરમાં રાત્રે એક વાણિયાને ઘરે ચોર પેઠો. વાણિયો ગભરાયો. મનમાં વિચાર કરવા લાગ્યો કે ચોર આવ્યો છે એટલે કંઇ લીધા વગર પાછો નહીં જાય. એવી શું યુક્તિ કરું કે જેથી તે પકડાઈ જાય ?

થોડી વાર વિચાર કરી વાણિયો ઊઠ્યો અને ચોર પાસે ગયો. વાણિયાને આવતો જોઈ ચોર પણ ગભરાયો. પણ ત્યાં તો વાણિયો એકદમ બોલી ઊઠયો. " અરે! તમે તો મારા દેવ છો. આજ એકાએક મને દર્શન આપ્યાં. મારાં કોટી પાપ નાશ થઈ ગયાં." એમ બોલી ચોરને ખુશખુશ કરી નાખ્યો. ચોર વાણિયાની યુક્તિ ન સમજી શકયો. મનમાં ને મનમાં વાણિયાની મૂર્ખાઈ ઉપર હસવા લાગ્યો.

વાણિયો તો કંઇક ચાળા કરવા મંડયો. ઘડીકમાં હાથ જોડે તો ઘડીકમાં પગે લાગે. ઘડીકમાં કૂદે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડીકમાં હસવા મંડે. તેને થયું કે ચોર હવે બરાબર સપડાયો છે. એટલે તેણે પોતાની સ્ત્રીને જગાડી અને કહ્યું, "આપણે ત્યાં પ્રભુ પધાર્યા છે. જા જલદી કર. પુજાની સામગ્રી લાવ."

સ્ત્રી તરત જ સમજી ગઇ. થોડી વારમાં બધી સામગ્રી લઇ આવી.

વાણિયાએ ચોરને ચાંદલો કર્યો. ચોખા ચોડયા. ધુપદીપ કરી નૈવેદ્ય મૂકયું. અને હાથ જોડીને બોલ્યો, "પ્રભુ, મારી એકસો આઠ પ્રદક્ષિણા ફરવાની ઇચ્છા પૂરી કરો."

ચોરે હસતાં હસતાં કહ્યું "ભલે."

વાણિયો ચોરને થાંભલા પાસે લઇ ગયો. પછી તરત જ સુતર લાવી એક છેડો ચોરને આપ્યો, અને પોતે ગોળ ગોળ ફરવા લાગ્યો. એક ફાળકી વીંટાળી એટલે વાણિયાના પગમાં જોર આવ્યું અને બીજી ફાળકી વીંટાળતાં બોલવા લાગ્યો: "બહુ તાંતણે બળીયું: બહુ તાંતણે બળીયું."

એકસો આઠ આંટા ફર્યો એટલામાં તો ચોર થાંભલા સાથે બરાબર બંધાઇ ગયો.

હજી પણ ચોર વાણિયાની મૂર્ખાઇ ઉપર હસતો હતો.

છેવટે સૂતર વીંટાળવું બંધ કરી વાણિયો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુ બેઠો.

ચોરે કહ્યું, "કેમ, હવે તારી પૂજા પૂરી થઈ ?"

વાણિયે કહ્યું, "હા, બરાબર પૂરી થઈ."

"તો હવે આ બધું કાઢી નાખ."

"એ તો હવે મારાથી ન નીકળે." વાણિયે કહ્યું.

"કેમ ન નીકળે ?" ચોરે રૂવાબથી પૂછયું.

"કારણ કે એ કાઢવાનું કામ ચોકીદારનું છે. સવારે આવીને કાઢશે, સમજ્યા ?"

હવે ચોરના સમજવામાં બધું ય આવી ગયું. પણ થાય શું ? છૂટવા માટે ઘણાં ફાંફા માર્યા પણ કંઈ ન વળ્યું. વાણિયાને છોડવા માટે ઘણી આજીજી કરી, કાલાવાલા કર્યા, પણ વાણિયો તેને છોડે ને ચોર પાછો મારે તો ?

"મને છોડ ભાઈ, તારો ઉપકાર ન ભૂલું." ચોરે આજીજી કરી.

"ના રે ના ભાઈ, એવું હું શીખ્યો જ નથી ને ? વાણિયે જવાબ આપ્યો."

સવારે સિપાઈને બોલાવી વાણિયે ચોરને સોંપી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયા મગનું નામ મરી ન પાડે!

એક દિવસ બાદશાહ અકબરે બીરબલને પુછયું, " બીરબલ, સૌથી ચકોર જાત કઇ ?

" ખુદાવંદ, વાણિયા. " બીરબલે તરત જ જવાબ આપ્યો.

" તું શાના ઉપરથી કહે છે ? "

" અનુભવથી. પારખું કરવું હોય તો કરી જુઓ."

" કેવી રીતે ? " બાદશાહે પૂછયું.

"મગના ઢગલા કરો, અને વાણિયાને પૂછો કે આ શું છે ? તેઓ મગનું નામ જ નહિ પાડે. "

" સારું. " કહી બાદશાહે રાજમહેલના ચોગાનમાં મગનો મોટો ઢગલો કર્યો. સિપાઇને મોકલ્યો મહાજનને બોલાવવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાજન વિચારમાં પડયું, દરબારમાં આવતાં આવતાં અંદર અંદર વાતો કરવા મંડયા.

" નક્કી, કંઈક ભેદ હોવો જોઈએ. નહિ તો બાદશાહ આખા મહાજનને શું કામ બોલાવે ? "

છેવટે બધા યે નક્કી કર્યું કે બાદશાહ જે કંઈ પૂછે તેનો વિચારીને જવાબ આપવો.

મહાજનનું સરઘસ ધીરેધીરે મહેલ આગળ પહોંચ્યું. ચોગાનમાં બાદશાહ ગાદી તકિયે બેઠો હતો. બાજુમાં બીરબલ બેઠો હતો. સામે મગનો ઢગલો પડયો હતો.

કુરનીસ બજાવીને બધા ય વાણિયા એક બાજુ બેઠા. મહાજનના આગેવાને પૂછયું, મહારાજ, શો હુકમ ? "

બાદશાહે કહ્યું, " આ મારી સામે જે ઢગલો પડયો છે, તે શેનો છે, તે જરા તપાસવાનું છે. તમે વેપાર કરો છો એટલે એ વસ્તુને ઓળખતા જ હોવા જોઈએ. "

જાણે મહાન ગંભીર પ્રશ્ન પુછાયો હોય તેમ બધા ય વિચારમાં પડી ગયા.

અમરચંદે વખતચંદને પુછયું. વખતચંદે ફોગટલાલની સલાહ લીધી તો ફોગટલાલે વળી કસ્તુરચંદને પૂછયું. છેવટે બહુ વિચાર કરી નગરશેઠે કહ્યું.

"ખુદાવંદ, આ તો રાઈ જેવું લાગે છે."

"એ તો દિલ્હીનો બાજરો હશે, બાજરો." બીજાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું.

" જવાનાં મરી આવાં આવે છે, એમ મારા બાપા કહેતા હતા. " ડોલુભાઇએ ડીંગ મારી.

" કેમ મફતચંદ તમારો શો મત પડે છે ? " ફોગટલાલે પૂછ્યું.

બાદશાહ અને બીરબલ મરક-મરક હસી રહ્યા છે. બંનેને વાણિયાઓની અગમચેતીથી રમુજ પડે છે.

સવારના આવેલા વાણિયા, બાર વાગ્યા, એક વાગ્યો, બે વાગ્યા છતાં પણ કંઈ નિર્ણય પર ન આવ્યા. મગની મુઠી ભરી ભરીને તપાસે, હથેળીમાં લઇને મસળે, વળી કોઇક તો બે દાણા લઇને ચાવી જુવે, છતાં કોઇ કહેતું નથી કે આ શું ચીજ છે ?

છેવટે કંટાળીને બાદશાહે કહ્યું. " અરે ! આટલી ય ખબર નથી પડતી ? આ તો મગ છે મગ. "

" બસ, એ જ, એ જ. " બધાય બોલી ઊઠયા.

" શુ ? "

" આપે કહ્યું તે. "

" શું કહ્યું ? "

" હમણાં જ કહ્યું તે. "

" બોલો ને શું કહ્યું ? "

" પેલું, પેલું, અરે ! મફતલાલ શું કહ્યું હમણાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામદારે ? ”

મફતલાલે વળી ફોગટલાલને પૂછવાની શરૂઆત કરી.

આ પૂછપરછ વળી કોણ જાણે કયાંય સુધી ચાલત; પણ બીરબલે વચમાં જ ઊભા થઇ બાદશાહ સલામતને કહ્યું.

“ ખુદાવિંદ, આપની ખાતરી થઇને ? હવે વધુ ન પૂછો. પૂરી દેશો, તડકામાં ઉભા રાખશો, કે ચાબખા મારશો તો પણ વાણિયાઓ પોતાના મોઢે મગનું નામ નહિ પાડે !”

બાદશાહે કાન પકડયો કે વાણિયા ખરેખર ચકોર જાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાહીમાના દિકરા

બાદશાહ કેટલાય દિવસથી વાણિયાને સપડાવવાનો વિચાર કરતો હતો, પણ વાણિયાઓ કેમેય સપડાતા નહોતા.

એક દિવસ મોકો મળી ગયો. બાદશાહે સુવ્વરનો શિકાર કર્યો હતો. તેને લાવીને ચોકમાં મૂકયું. બીરબલને હુકમ કર્યો કે "વાણિયાઓને બોલાવી લાવ."

બીરબલે કહ્યું: "ખુદાવિંદ, જવા દો ને તેમને."

"નહિં, બોલાવ તો ખરો."

"પણ આપ કેવી રીતે સપડાવશો ?"

"હું તેમને પૂછીશ આ કયું પ્રાણી છે, એટલે તેઓ કહેશે કે સાહેબ સુવર છે. એતો મને ગાળ આપી કહેવાય ને ?" બાદશાહે કહ્યું.

"આપ ભૂલો છો, હોં !" બીરબલે કહ્યું.

"જોઇશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીરબલે તરત જ સિપાઈને મોકલીને મહાજનને બોલાવ્યું.

જેવું મહાજન આવ્યું કે તરત જ બાદશાહે પ્રશ્ન પૂછ્યો: "આ કયું પ્રાણી છે?"

ચકોર વણિકો મામલો ચેતી ગયા. એ સુવર છે એમ બોલે તો અપમાન થાય. પોતાના નામની આગળ આવો શબ્દ બોલવા બદલ બાદશાહ શિક્ષા કરે. વાણિયાઓએ નકકી કર્યું કે નામ લે એ બીજા.

અમીચંદ, અમથાલાલ, મફતલાલ, કસ્તુરચંદ બધાય નાક આગળ રૂમાલ ધરી પેલા સુવરની પ્રદક્ષિણા કરવા લાગ્યા. પાએક કલાક ચક્કર માર્યા પછી એકે કહ્યું: "આ તો હાથી સુકાઈ ગયો લાગે છે."

"પણ સુંઢ કયાં?" બીજાએ પૂછ્યું.

"અરે, એ તો ખરી પડી હશે!" પેલાએ કહ્યું.

"એ તો બિલાડી ફૂલી ગઈ હશે." મફતલાલે મતુ માર્યું.

મગની માફક આમાં પણ મસલત ચાલી. આ વખતે પણ સાંજ પડત પણ; બાદશાહે વચ્ચે જ કહ્યું: "આમાં વિચાર શું કરો છો? આ તો સુવર છે સુવર."

"હા; એ જ." બધાય બોલી ઊઠયા.

"શું?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપે કહ્યું તે જ."

"શું કહ્યું ?"

"આપે હમણાં કહ્યું તે."

"પણ શું કહ્યું ?"

"અરે શું કહ્યું, આપે પેલું શું કહ્યું ?"

"સુવર." બાદશાહ બોલ્યો.

"હા, તે જ, તે."

"શું ?"

"આપ બોલ્યા તે."

બાદશાહ પૂછી પૂછીને કંટાળી ગયો. વાણિયાઓની ચતુરાઈની તારીફ કરી તેમને વિદાય કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેસાણાના ભાટ જમે કાલે !

મેસાણા ગામમાં ભાટ લોકોની વસ્તી છે. આ લોકોએ વાણિયા ઉપર કોઇ સારા પ્રસંગે જમવાનો અધિકાર જમાવ્યો હતો.

એક વખત મહાજનમાં કોઇ સારો પ્રસંગ આવ્યો.

ભાટ લોકો તરત જ ત્યાં પહોંચ્યા, અને કહ્યું: " અમને જમણ જોઇશે. "

આવી રોજની ટેવથી હવે વાણિયા પણ કંટાળી ગયા હતા. આ વખતે તો તેમણે નક્કી કર્યું કે તેમને જમવા ન જ આપવું.

" કેમ ? કયારે જમવા આવીએ ? " ભાટ લોકોએ હકક બતાવ્યો.

" આ વખતે તમને નહિ મળે. " મહાજને ઘસીને ના પાડી.

" અમે લેશું જ. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમે નહીં દઈએ."

"તો અમે અપવાસ પર જઈને સત્યાંગ્રહ કરશું."

"ભલે કરો."

બધા ય ભાટ લોકો તે દિવસથી અપવાસ ઉપર ઊતર્યા. બે દિવસ સુધી ભૂખ્યા રહ્યા. વાણિયા પણ જરા ય ડગ્યા નહિ.

છેવટે ભાટ લોકોએ આપઘાત કરવાનો વિચાર કર્યો.

ધાંધલ જોઇને ધર્મઘેલા માણસોને અરેરાટી છૂટી. ભાટ લોકોને ખૂબ સમજાવ્યા, પણ કેમેય માન્યા નહિ. વાણિયા પણ ડગે એમ નહોતા. હવે શું થાય? લોકો વિચારમાં પડી ગયા. ભાટ લોકોનું નકામું લોહી રેડાશે.

છેવટે ગામની દરેક જ્ઞાતિના મુખ્ય મુખ્ય માણસો વચ્ચે પડયા; અને મહાજનને કહ્યું: "ભાટ લોકોનો તમે ત્રાસ લેવો રહેવા દો, અને તેમને જમાડો.

બધાનો આગ્રહ જોઇ વાણિયા કબૂલ થયા, અને કહ્યું: "અમે તેમને કાલે જમાડશું."

પણ ભાટ લોકોને હવે મહાજન ઉપર વિશ્વાસ નહોતો રહ્યો. તેમણે કહ્યું: "લખી આપો."

છેવટે મહાજને લખી આપ્યું. "મેસાણાના ભાટ જમે કાલે."

લખ્યું તો ખરું, પણ પાકા વાણિયાઓએ એક યુક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી ઉપર તારીખ જ ન નાખી.

ભાટ લોકો ખુશ થતા થતા ઘરે ગયા.

બીજે દિવસે ભાટ લોકો મહાજન પાસે આવ્યા, અને સીધાની માંગણી કરી.

મહાજને કહ્યું: "આજે નહિ, કાલે જમાડીશું."

ભાટે કહ્યું: "ભલે, કાલે જમાડજો. એક દિવસમાં કયાં ખાટું-મોળું થઈ જાય છે."

બીજે દિવસે પણ એ જ જવાબ મળ્યો. એમ ને એમ ત્રણ-ચાર દિવસ નીકળી ગયા. છેવટે ભાટ લોકો કંટાળ્યા. તેમણે કહ્યું: "તમે તો એક જ દિવસનું લખી આપ્યું છે, છતાં શા માટે આટલા બધા આંટા ખવરાવો છો ?"

મહાજને કહ્યું: "અમારું લખાણ લાવીને વાંચો: એમાં કયાં એક દિવસનું લખેલું છે ?"

ભાટ લોકો તરત જ લખાણ લાવ્યા અને વાંચ્યું: "મેસાણાના ભાટ જમે કાલે."

મહાજને કહ્યું: "કાલ જમાડવાનું લખાણ છે. આજ જમાડવાનું લખ્યું નથી; સમજ્યા ?"

ભાટે કહ્યું: "આજનો દિવસ તે પાછલા દિવસથી ગણો તો કાલ થાય કે નહિ ?"

મહાજને કહ્યું: "એમાં કાંઇ તિથિ નાખી છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમુક તારીખથી ગણવું. માટે હવે કાલ થાય ત્યારે આવજો."

ભાટે કહ્યું: "એમ તો કાલનો કોઇ છેડો જ ન આવે."

"તેમાં અમે શું કરીએ? જો તમારે જરૂર હતી તો બરાબર લખાણ કરાવવું હતું ને?"

ભાટ લોકોમાં ફરીથી અપવાસ કે આપઘાત કરવાનો જુસ્સો રહ્યો ન હતો, એટલે મૂંગા જ રહેવું પડે ને?

તે દિવસથી કહેવત પડી કે, "મેસાણાના ભાટ જમે કાલે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભમ પાંચશેરી

મોટી મોટી મૂછો આમળતો એક સિપાઇ ચાલ્યો જાય છે. એને સીધું લેવું હતું. એક વાણિયાની દુકાને જઇને ઊભો રહ્યો.

"ઘી કેમ આપ્યું ?"

"બે રૂપિયે શેર." વાણિયાએ જવાબ આપ્યો.

"અને ગોળ ?"

"રૂપિયે શેર."

"લોટ ?"

"આઠ આને."

"નહીં; એ તો વધુ ભાવ છે." સિપાઇએ કહ્યું.

"નહીં, નહીં બરાબર છે."

છેવટે હા-ના કરતા સિપાઇએ વસ્તુઓ તોળાવવા માંડી.

વાણિયાના મનમાં એમ કે સિપાઇદાદા માત્ર લડી જ જાણે છે. એને માપમાં શું ખબર પડવાની ? એટલે ઘી, ગોળ વગેરે ખોટા માપથી તોળવા લાગ્યો.

સિપાઇ તો રોજ સીધું વેચાતું લેતો હતો. તેને લાગ્યું કે આજ વસ્તુઓ ઓછી લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુ લીધા પછી તેણે વાણિયાને કહ્યું: "તારું માપ ઓછું છે, માટે અમલદાર પાસે લઈ જવું પડશે."

સાંભળીને વાણિયો તો ગભરાયો. સિપાઈ માપ લઈને ઊભો થયો. વાણિયાએ તેને ખૂબ સમજાવ્યો, એટલે સિપાઈ ભાઈનો શક મજબૂત થયો; અને એ તો લઈને ચાલવા માંડયો.

એટલામાં આજુબાજુના દુકાનદારો ભેગા થઈ ગયા, અને સિપાઈને ઘેરી લીધો. સિપાઈ ગાળો આપવા મંડયો અને નાસવા માટે પ્રયત્ન કરવા લાગ્યો, પણ ફાવ્યું નહીં. તેણે તો ગુસ્સામાં હાથ ચલાવવા માંડયો.

હવે વાણિયાભાઈ શાના ચૂકે?

તેમણે પણ કાટલાંને લઈ ઝોળીમાં ભરી ભરીને પાછળથી મારવા માંડયું.

જે દુકાનદાર સાથે વાંધો પડયો હતો તે તો ધોતિયામાં પાંચશેરી નાંખી સિપાઈના વાંસા ઉપર ભમ પાંચશેરી કરવા મંડયો. સિપાઈભાઈ તો કાટલાં મૂકી ભાગ્યા.

સિપાઈને મૂઢ માર ખૂબ પડયો હતો. તેણે અમલદારને ફરિયાદ કરી. પણ વાણિયા બધા ય સંપીલા. સાક્ષી કોણ આપે?

સિપાઈભાઈની ફરિયાદ ઊડી ગઈ.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકો વાણિયો

રાતનો સમય હતો.

વાણિયો પોતાના ચોપડા લખી સૂવાનો વિચાર કરતો હતો, ત્યાં તેણે કંઈક અવાજ સાંભળ્યો. ધીરેકથી નજર નાખી તો ત્રણ ચોર હતા.

વાણિયે વિચાર કર્યો કે જો હું બૂમ પાડીશ તો ચોર કદાચ મને મારે પણ ખરા. માટે કંઈક યુક્તિ કરીને તેને પકડવા જોઈએ.

તેણે તરત જ પોતાની સ્ત્રીને બૂમ પાડી.

"જાગે છે કે?"

તેની સ્ત્રીએ જવાબ આપ્યો: "હા, શું કામ છે?"

શેઠે કહ્યું: "જો સાંભળ. પરમ દિવસે સવારે આપણે મોટી જાત્રાએ જવું છે, તો આપણી મિલકત કયાં મૂકશું?"

"કબાટમાં મુકી દેશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, ના, કબાટમાં મૂકીએ તો તો ચોરના હાથમાં જલ્દી આવી જાય, સમજી ?"

"તો શું કરીશું ?"

"આપણા કિંમતી દાગીના તથા રૂપિયા છે ને તેને ત્રણ મોટા માટલામાં ભરી દેશું !"

"પણ માટલામાં ?"

"હા, હા, માટલામાં મૂકી ઉપર ત્રીજે માળે જુદે જુદે ઠેકાણે લાકડા છે તેમાં સંતાડીશું અને વળી ઉપરથી ઘાસના પૂળા નાખી દઈશું, એટલે કોઇને ખબર પણ નહીં પડે. અહીં ધન છે એવો શક પણ નહીં પડે."

"યુકિત તો સારી છે. પણ એ કયારે કરીશું ?"

"આવતી કાલે તો કરી નાખવું જ જોઈએ."

"હાસ્તો." સ્ત્રી બોલી.

ચોર સમજ્યો કે બન્ને જણ જાગે છે; તેથી આપણે ફાવશું નહીં. વળી શેઠ ધનમાલ સંતાડીને જવાના છે એટલે આપણે કાલે આવશું તો પણ ચાલશે. એમ વિચારીને ચોર તો ચાલ્યા ગયા.

બીજે દિવસે શેઠે કેટલાક કાઠીને બોલાવ્યા. તેમની પાસે ઝેરી નાગ, વીંછી અને ભમરીને મંગાવી ત્રણ મોટા માટીના જુદા જુદા ઘડામાં ભરાવી. ઉપરથી ઢાંકણું બંધ કર્યું. પછી ત્રીજે માળે જઇને મૂકી આવ્યા. ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યું ઘાસ.

દિવસ પસાર થયો. રાત પડી. બેએક વાગ્યા હશે ત્યાં કંઈક અવાજ થયો. વાણિયો સમજી ગયો કે, મહેમાન આવ્યા લાગે છે !

ચોર તો સીધા ત્રીજે માળે ચડયા. ઘાસ ખસેડયું તો ત્રણ ઘડા જુદે જુદે ઠેકાણે જોવામાં આવ્યા. તેમને થયું કે વાણિયો સાચી વાત કહેતો હતો.

ત્રણે ય ચોરે એકેક ઘડો લીધો. જેવો તેને ઉઘાડયો કે કોઈને નાગ, તો કોઈને વીંછી. ને કોઈને ભમરી કરડી. બધા ય ઊંચાનીચા થવા લાગ્યા. બૂમ તો પડાય નહિ. તેઓ ગભરાઈ ગયા અને ભાગવા માંડયા; પણ ઝેર એકદમ પ્રસરી ગયું હતું, એટલે તરત જ મરણ પામ્યા.

શેઠ તો આ બધું બનશે જ, એમ જાણતા હતા.

અવાજ ઓછો થયો એટલે ડાહીમાના દિકરાએ અધખોલું બારણું ઉઘાડીને જોયું તો ત્રણે ય ચત્તાપાટ પડયા હતા.

વાણિયામાં હિંમત આવી. બહાર નીકળી ચોરનાં શરીર તપાસ્યાં તો ત્રણે ય ઠંડાગાર હતા !

શેઠ વિચારમાં પડયા કે, મુડદાંનો નિકાલ કેવી રીતે કરવો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠની બાજુમાં એક વાધરી રહેતો હતો. શેઠે તેને ઉઠાડ્યો અને કહ્યું "ભાઇ, મારે ત્યાં એક મડદું પડ્યું છે તે સ્મશાને લઈ જવું છે. કોઇ ઊંચકનાર નથી; માટે તું આવીશ."

વાધરીએ કહ્યુઃ "આવું તો ખરો, પણ શું આપશો?"

શેઠે પૂછ્યું "તું શું લઇશ."

"હું તો દસ રૂપિયા લઇશ."

"પંદર આપીશ, પણ તું ચાલ." શેઠે કહ્યું. બન્ને શેઠને ઘરે આવ્યા. શેઠે એક મડદું બતાવ્યું. વાધરી તે ઉપાડી સ્મશાનમાં લઇ ગયો અને નાખી આવ્યો.

"લાવો શેઠ, પૈસા." વાધરીએ કહ્યું.

"શેના ?" વાણિયે પૂછ્યું.

"મડદું નાખી આવ્યો."

"નાખી આવ્યો ?" શેઠે પૂછ્યું.

"હા."

"કયાં નાખી આવ્યો છે ? આ પડ્યું અહીં." એમ કહી શેઠે બીજું મડદું બતાવ્યું.

વાધરી બીજું મડદું લઇ સ્મશાન તરફ ચાલતો થયો અને તે પણ નાખી આવ્યો.

"શેઠ, હવે તો પૈસા આપો ?"

"કામ તો પૂરું કર, તને તરત જ પંદર રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણી આપીશ. ”

“ પણ મડદું તો નાખી આવ્યો.”

“ કયાં નાખી આવ્યો છે ? આ પડયું.” એમ કહી શેઠે ત્રીજું મડદું બતાવ્યું.

વાઘરી વિચારમાં તો પડયો. છતાં તેણે ત્રીજું મડદું પણ ઉપાડયું. એટલામાં ચારેક વાગ્યા હશે. જરાક અજવાળું પણ થયું હતું.

મડદાને લઈને વાઘરી સ્મશાનમાં પહોંચ્યો ત્યાં તો તેણે અજવાળામાં બીજાં બે મડદાં પડેલાં જોયાં.

વાઘરીએ વિચાર્યું કે આ મડદું જરૂર પાછું શેઠને ત્યાં જવાનું જ. એટલે મારો તો પાર જ નહીં આવે. કદાચ આ મડદું મને મારીને ખાય તો ?

વાઘરી તો ઝડપથી મુઠીઓ વાળીને ભાગ્યો. પોતાના ઘરમાં ઘૂજતો ઘૂજતો પેસી ગયો.

વાણિયે તો ટાઢે પાણીએ ખસ કાઢી.

ત્રણેનું કાસળ કાઢયું. સ્મશાનમાં ફુગાવ્યા અને વળી ઉપરથી મજૂરી બચાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોરનો ભાઇ ઘંટી ચોર

એક વાણિયો હતો.

બહુ કંજુસ.

પાસે હજારેક રૂપિયા હતા. કયાંક સંતાડવાનો વિચાર કર્યો. પોતાના મિત્રને બોલાવીને કહ્યું: "દોસ્ત, મારી પાસે હજાર રૂપિયા છે, તેથી કોઇ ચોરી ન જાય માટે મારે ગામની બહાર કોઇ ઠેકાણે દાટવા છે."

મિત્રે કહ્યું: "ભલે."

વાણિયે કહ્યું: "પણ કોઇને આ વાત કરીશ નહિ."

"અરે! એવી વાત તે કહેવાય?" મિત્ર બોલ્યો.

બંન્ને જણા ગામને ઝાંપે ગયા. ત્યાં એક ઝાડ નક્કી કરી, ખાડો પાડી, તેમાં રૂપિયા દાટી દીધા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતની કોઇને ખબર પડી નહિ.

બેચાર દિવસ થયા. કંજુસને થયું લાવ ને જોઇ આવું. રૂપિયા બરાબર છે કે નહિ ?

રૂપિયા જોવા રાત્રે એકલો ઝાડ પાસે ગયો. થોડુંક ખોદ્યું પણ રૂપિયા ન મળે. તેને થયું કે આ વાત હું ને મારો મિત્ર બે જ જણા જાણતા હતા. માટે નક્કી, તેણે જ રૂપિયા લીધા હોવા જોઇએ.

વાણિયો વિચારમાં પડયો. મિત્રને પૂછવા જાય તો તે ના જ પાડે. હવે શું કરવું ? છેવટે તેણે એક યુક્તિ ગોતી કાઢી.

બીજે દિવસે તે મિત્રને ત્યાં ગયો, અને કહ્યું, 'ભાઇ, મારી પાસે બીજા હજારેક રૂપિયા ભેગા થયા છે, તે પણ હું પેલા ઝાડ નીચે દાટવા માગું છું. માટે તું આવીશ ?'

મિત્ર વિચારમાં પડી ગયો. તરત જ જાય તો ત્યાં રૂપિયા હતા જ નહિ. એટલે તેણે કહ્યું: "આજે તો મારે ઘણું જ કામ છે. આપણે કાલે જઇએ તો ?"

"ચાલશે." કંજુસે કહ્યું.

કંજુસ ગયો. પછી મિત્ર વિચારમાં પડી ગયો. તેને થયું કે વાણિયો ત્યાં પેલા રૂપિયા નહિ જુએ તો બીજા હજાર પણ નહિ દાટે, અને મારા ઉપર વહેમ આવશે. એટલે તરત જ તેણે રાત્ર જઇને પેલા હજાર રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાટી દીધા.

પેલો કંજુસ સવારમાં વહેલો ઊઠી ઝાડ પાસે ગયો, તો તેને હજાર રૂપિયા મળી ગયા. પોતાની યુક્તિમાં ફાવવાથી તેને ઘણો જ આનંદ થયો.

રાત્રે પેલો મિત્ર આવ્યો. તેણે કંજુસને કહ્યું: "ચાલ ભાઇ, આપણે જવું છે ને ?"

પેલા કંજુસે કહ્યું: "ના ભાઇ, હમણાં મેં પૈસા દાટવાનો વિચાર માંડી વાળ્યો છે."

મિત્ર ચાલ્યો ગયો.

એમાંથી કોણ ચોરનો ભાઇ ધંટીચોર ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાઘડી તરફ તો નજર નાખો!

એક હતા અનાડીદાસ.

નામ એવા જ ગુણ હતા. ગામનો ન્યાયાધીશ હતો; પણ સ્વભાવ બહુ લાલચુ. એકાદ કેસ આવે એટલે સમજે કે ગોળનું ગાડું મળ્યું. ન જુએ વાદી કે ન જુએ પ્રતિવાદી. બસ, એમાંથી પૈસા કેમ મેળવવા, એ જ વિચાર કરે.

ગામમાં એક માણસને કોઇ બ્વાસની સ્ત્રી પાસે અઢીસો રૂપિયા લહેણા હતા. પેલાને લાગ્યું કે બાઇ એક દોકડો પણ આપે એમ નથી. છેવટે તેણે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી.

ન્યાયાધીશ અનાડીદાસને તે બરાબર જાણતો હતો. સુંદર મજાની ત્રીસ રૂપિયાની પાઘડી લઇ તે તેને ઘરે ગયો અને કહ્યું:

" સાહેબ, આપનું એક કામ પડયું છે. "

" બોલો; શું કામ છે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપણા ગામની બ્વાસણ પાસે મારા અઢીસો રૂપીયા લહેણા છે, પણ તે આપતી નથી."

"એમ ?"

"હા જી, તો આપ આ મારી કૂલ નહીં ને કૂલની પાંખડી સ્વીકારો." એમ કહી પેલાએ નવી લીધેલી પાઘડી અનાડીદાસ આગળ મૂકી.

નવી નકોર પાઘડી જોઇ અનાડીદાસ બોલ્યોઃ "કાંઇ વાંધો નહીં. જાવ, ચુકાદો તમારા લાભમાં આવશે."

પેલો તો ખુશ થતોથતો ચાલ્યો ગયો.

નક્કી કરેલા દિવસે કામ ચલાવવામાં આવ્યું. અનાડીદાસે તો પેલા માણસની તરફ પોતાનું વલણ બતાવવા માંડયું.

ચતુર બ્વાસણ સમજી ગઇ કે, આને પેટમાં દુઃખે છે, અને તે માટે એને અજમો ફકાવવાની જરૂર છે.

તેણે કહ્યું: "નામદાર કોર્ટ પાસે હું મુદત માગું છું." અનાડીદાસે મુદત કબૂલ રાખી.

બેત્રણ દિવસ પછી પેલી બ્વાસણ અનાડીદાસ પાસે ગઇ, અને કહ્યું: "સાહેબ, આપ કુટુંબકબીલાવાળા છો, અને આપને ત્યાં ભેંસ નથી, તેથી છોકરાં દૂધ વિના હેરાન થતાં હશે. મારી આ ભેંસ દુઝણી છે તે આપ રાખો. હું તો એકલી છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનાડીદાસે ખુશીથી એ ભેટ પણ સ્વીકારી.

ફરીવાર ઠરાવેલ દિવસે મુકદ્દમો ચાલ્યો. અનાડીદાસે ચુકાદો આપ્યોઃ "આ માણસે બાઈને ભોળવીને ખોટી રકમ કઢાવી છે; અને વળી દાવો માંડી....."

અનાડીદાસ આટલું બોલ્યો ત્યાં તો પેલા માણસના પેટમાં ફાળ પડી કે માર્યા ! આ તો પાઘડી આપી છે તે ભૂલી ગયો લાગે છે ! આપણો દાવો રદ જશે. માટે પાઘડીની યાદ અપાવવી જ જોઈએ.

તરત જ તે બોલી ઊઠ્યો "સાહેબ ! સ્ત્રીચરિત્ર તો વણાંય છે. તેમના બોલવા ઉપર શા માટે ભરોસો રાખો છો ?"

"શું છે તને ?" અનાડીદાસે બૂમ પાડી.

"સાહેબ ! પાઘડી તરફ તો નજર નાખો !" પેલાએ કહ્યું.

"મૂર્ખા ! પાઘડી તો ભેંસ ચાવી ગઇ ! તું લુચ્ચો છે માટે દાવો કાઢી નાખવામાં આવે છે."

અને અનાડીદાસે કોર્ટ બરખાસ્ત કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોતિયાનાં ઢોલ

●

નિહાલચંદ બિચારો આમ તો ગરીબ હતો; પણ બુદ્ધિશાળી અને હિંમતવાન હતો.

એક વાર તેના ઘરમાં ચોર પેઠો. ગરીબ વાણિયાના ઘરમાંથી શું મળે ? છતાં પણ જે મળ્યું તેની પોટલી બાંધવા ચોર નીચે બેઠો.

વાણીયો હતો પૂરો હિંમતવાન. ધીરેકથી ઊઠી રસોડામાં ગયો અને છરી લાવી આસ્તેકથી ચોરની પીઠમાં મારી દીધી. ચોર ઢળી પડયો.

સવાર થયું. વાણીયાના ઘર પાસેથી પોલીસ જમાદાર નીકળ્યો. વાણિયાએ તેને બોલાવ્યો અને કહ્યું: "જમાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબ, આ ચોર રાત્રે મારા ઘરમાં ચોરી કરવા આવ્યો હતો; પણ મેં તેને મારી નાખ્યો છે.”

“ તો હવે કચેરીમાં ફરિયાદ કરો. ” જમાદારે કહ્યું.

“ પણ સરકારી કચેરીમાં ફરિયાદ કેમ કરવી તે મને ખબર નથી. મારા વતી તમે તે ન કરો ?” એમ કહી વાણિયાએ પેટી ખોલી નવું નકોર ધોતિયું જમાદારને બક્ષિસ આપ્યું,

જમાદાર લલચાયો. તેને થયું આ તો સસ્તી કીર્તિ મળે છે. તે બોલ્યો: “ અરે ! એમાં શી મોટી વાત છે? હું બધું જ પતાવી દઈશ. અને વળી આ તો નામી ચોર છે. તેને જીવતો કે મરેલો લાવનારને સરકાર ઇનામ પણ આપવાની છે.”

“ ભલે; તો તમે બધું પતાવી દેજો. ” વાણિયે કહ્યું. જમાદાર તો કેટલાક માણસોને બોલાવી પેલું મડદું ઉપાડી, ચોકી પર લઈ ગયો. થોડી વારમાં જમાદારે ચોર માર્યો એવી વાત ગામમાં ફેલાઈ ગઈ.

જમાદાર ગયો એટલે વાણિયાની સ્ત્રીએ કહ્યું: “ તમે ધોતિયું શા માટે આપ્યું ? એક તો ચોરને તમે માર્યો, ને તેનું ઇનામ ગુમાવ્યું. ઉપરાંત નવું નકોર ધોતિયું પણ આપ્યું ! ”

વાણિયો શાંતિથી બોલ્યો: “ તું એમાં કંઈ નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજે. જોજે તો ખરી! ધોતિયાના ઢોલ કેવા વાગશે તે!"

હવે એવું બન્યું કે જે ચોર મરી ગયો હતો તેને એક ભાઇ હતો. તેણે વેર વાળવા માટે જમાદારનું ખૂન કરવાનો વિચાર કર્યો.

રાત્રે જ્યારે જમાદાર આંટો મારવા નીકળ્યા કે લાગ જોઇને પેલાએ એનું ખૂન કરી નાખ્યું.

આખા ગામમાં જમાદારના ખૂનની વાત ફેલાઇ ગઇ. નિહાલચંદની સ્ત્રીએ પૂછ્યું: "આ શું થયું?"

વાણિયે કહ્યું: "એ તો ધોતિયાના ઢોલ વાગે છે. ગીત તો હવે ગવાશે!"

તેની સ્ત્રીએ બહાર આવીને જોયું ત્યારે ખબર પડી કે, જમાદારનું કોઇએ ખૂન કર્યું છે.

અગમચેતી વાપરનાર તેના પતિની બુદ્ધિ પર તે ખુશ થઇ ગઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાઈના પાડ તો રાતે ગયા !

અંધારી ઘોર રાત જામી હતી. આકાશમાં તારલાઓ ટમટમી રહ્યા હતા. ઠંડો પવન વાતો હતો. ચારેકોર સૂમસામ હતું. સૌ આનંદથી ઊંઘતા હતા.

પણ રામદાસ વાણિયાને કેમે ય ઊંઘ નહોતી આવતી. ઘરમાં ચોર આવ્યો હતો. બૂમ પડાય તેમ નહોતું. ચોરને છેતરવા સિવાય બીજો ઉપાય નહોતો; એટલે તરત જ પોતાની ઊંઘતી સ્ત્રીને જગાડીને કહ્યું :

'તને પેલી રાઇ ભરવાનું કહ્યું હતું તે ભરી'તી ?'

'કઇ રાઇ ?' તેની સ્ત્રીએ પૂછ્યું.

'પેલી વાડીમાં સૂકવી છે તે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ તેનું અત્યારે અધીર્ રાતે શું છે ?'

'તેં ભરી કે નહિ તે વાત કરને ?'

'ના; મેં નથી ભરી.'

'અરરર ! તું તો નુકસાન કરવા જ બેઠી છે. આજે જ પરદેશથી કાગળ આવ્યો છે. ત્યાં રાઇ બહુ ખરીદાય છે, કાલે તો રાઇ રૂપિયાની રૂપિયાભાર થઇ જવાની છે.'

'એમ ? પણ મને શું ખબર ?'

'હશે, હવે સવારે વહેલી ઊઠીને ભરી લેજે.'

'સારું.' કહી તે પાછી સૂઇ ગઇ.

ચોરોએ બધી વાત સાંભળી, એટલે બીજું બધું પડતું મૂકી, વાડામાંથી રાઈનાં જ પોટલા બાંધી રવાના થયા !

વાણિયો મિલકત બચી જવાથી ખુશખુશ થઇ ગયો.

બીજે દિવસે ચોરોએ પોતાના એક ઓળખીતાને વાત કરી અને નમૂનો આપી બજારમાં વેચવા માટે મોકલ્યો. આખા બજારમાં ફર્યો. કોઇ બે રૂપિયે મણ તો કોઇ પોણાબે રૂપિયે માગે. એથી વધુ ભાવ કોઇ આપે નહિ. છેવટે જાણેઅજાણ્યે જે વાણિયાની રાઇ ચોરાણી હતી, તેની દુકાને જ તે જઇ ચઢયો.

'કેમ શેઠજી, રાઇ લેવી છે ?' પેલાએ પૂછ્યું.

શેઠે કહ્યું : 'કેમ આપો છો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલાએ કહ્યું : ' રૂપિયાની રૂપિયાભાર. '

રામદાસ સમજી ગયો કે, આ પણ ચોરોનો મળતિયો લાગે છે. તેથી વાણિયે કહ્યું : ' ભાઇ, રાઈના પાડ તો રાતે વહી ગયા. અત્યારે તો મેં જે ભાવ કીધો તે છે.'

ચોર નિરાશ થઈને જવા લાગ્યો. રામદાસ પણ તેની પાછળપાછળ ખબર ન પડે તેમ જવા લાગ્યો.

છેવટે તેનું ઘર આવ્યું. વાણિયાએ ઘર જોઈ લીધું.

જમાદારને જઈને બધી વાત કરી. જમાદારે ઓચિંતી ધાડ પાડી. રાઈ ત્યાંથી મળી આવી. બધા ય ચોર પણ આબાદ પકડાઈ ગયા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડની સાક્ષી

બે વાણિયા હતા.

એકનું નામ હતું સુબુદ્ધિ; અને બીજાનું નામ હતું કુબુદ્ધિ.

બંને સાથે જ કમાવા માટે પરદેશ ગયા. ત્યાં ઘણો વેપાર કર્યો. ખૂબ કમાયા. છેવટે દેશમાં પાછા આવવાનો વિચાર કર્યો. ગામને પાદરે આવ્યા ત્યારે તેમને વિચાર આવ્યો કે, આપણે આટલું બધું ધન લઈને જશું, તો બધાને ખબર પડી જશે, અને મહામહેનતે મેળવેલું ધન કોઇ ચોરી જશે.

છેવટે તેમણે ખરચ પૂરતી સોનામહોર પોતાની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી; અને બાકીની એક ઝાડ નીચે દાટી દીધી. યાદ રહે એટલા માટે ઝાડ ઉપર નિશાની પણ કરી રાખી.

ગામમાં તેઓ આનંદથી રહેવા લાગ્યા. પણ કુબુદ્ધિનું મન બગડયું. છાનોમાનો ગામ બહાર ઊપડયો. બધીય મહોરો કાઢી લીધી.

સુબુદ્ધિને થોડાક પૈસાની જરૂર પડી. તેણે કુબુદ્ધિને કહ્યું: "ચાલ ભાઈ, મારે પૈસાની જરૂર છે; માટે થોડાક લઈ આવીએ."

કુબુદ્ધિએ કહ્યું: "ચાલો."

બંન્ને ગામ બહાર ઝાડ પાસે આવ્યા. થોડુંક ખોદ્યું પણ સોનામહોર જ ન મળે!

કુબુદ્ધિએ ઢોંગ કર્યો. જોરથી રડવા લાગ્યો. સુબુદ્ધિને કહેવા મંડયો કે: "તું જ બધી સોનામહોરો છાનીમાની લઈ ગયો છે; માટે આપી દે."

સુબુદ્ધિએ કહ્યું: "ભાઈ, હું કંઈ જ જાણતો નથી."

બન્ને એકબીજાને દોષ દેવા માંડયા. કુબુદ્ધિ તો ગામના ન્યાયાધીશ પાસે પહોંચ્યો અને ફરિયાદ કરી કે, સુબુદ્ધિ બધી સોનામહોરો ચોરી ગયો છે.

ન્યાયાધીશે સુબુદ્ધિને બોલાવ્યો. બધી વાત પૂછી. સુબુદ્ધિએ કહ્યું; "સાહેબ, બધી સોનામહોર કુબુદ્ધિ જ લઈ ગયો છે; અને ઉપરથી વળી ફરિયાદ કરે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેમાંથી કોણ સાચું અને કોણ ખોટું, એ નક્કી કરવું બહુ જ મુશ્કેલ થઈ પડયું.

કુબુદ્ધિએ તેના બાપાને કહ્યું: "તમારે વેશ બદલીને ઝાડની બખોલમાં બેસવું: અને પછી જ્યારે પૂછવામાં આવે ત્યારે ઝીણે સાદે કહેવું કે, આ કામ તો સુબુદ્ધિનું છે."

ન્યાયાધીશે પૂછયું: "તમારું કોઈ સાક્ષી છે?"

કુબુદ્ધિએ કહ્યું: "બીજું તો કોઈ નથી; પણ જે ઝાડ નીચે અમે દાટી'તી, તે જ અમારી સાક્ષી આપશે."

ન્યાયાધીશ બધાને લઈને ઝાડ પાસે આવ્યો.

કુબુદ્ધિએ અગાઉથી તેના બાપને ઝાડની બખોલમાં બેસાડયો હતો. કોઈને ખબર નહોતી. કુબુદ્ધિ અને સુબુદ્ધિ પણ ઝાડ પાસે આવ્યા.

કુબુદ્ધિએ ધીનો દીવો કર્યો. પછી ધૂપની ધૂણી કરી. અગરબત્તી પેટાવી. પાણી છાંટયું; અને પછી પૂછયું: "હે! વૃક્ષદેવતા; અહીં દાટેલી સોનામહોરો કોણ લઈ ગયું છે તે તમે સાચેસાચું કહેજો."

પહેલાં તો કાંઈ અવાજ ન આવ્યો. પણ પછીથી કોઈ ઝીણો અવાજ આવ્યો: "સોનામહોરો તો સુબુદ્ધિ લઈ ગયો છે."

બધાય વિચારમાં પડી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાયાધીશે સુબુદ્ધિને પૂછયું: "બોલ, તારે હવે કાંઇ કહેવું છે?"

સુબુદ્ધિ બોલ્યો: "સાહેબ, હું તો તદ્દન નિર્દોષ છું. પણ ઝાડ કેવી રીતે બોલે તે સમજાતું નથી."

ન્યાયાધીશ અને અધિકારી બધાય વિચારમાં પડી ગયા,

અધિકારીએ તરત જ એક શેર મરચાંની ભૂકી મંગાવી. ભૂકી આવી. ઝાડ પાસે મરચાંની ધુમાડી કરી. ઝાડમાં બેઠેલો ડોસો ખું–ખું કરતો બહાર નીકળ્યો.

પોલીસે તરત જ તેને પકડયો. સાચી વાત બહાર આવી ગઇ. ન્યાયાધીશે કુબુદ્ધિને ગુનેગાર ઠરાવી તેના ઘરમાંથી બધી ય મહેારો સુબુદ્ધિને આપી.

છેવટે સુબુદ્ધિએ તેમાંથી અરધો ભાગ કુબુદ્ધિને આપ્યો, અને પોતે આનંદથી રહેવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનની પીચકારી

રાતના ચારેક વાગ્યા હશે.

કંઈક ખળભળાટ જેવું લાગ્યું એટલે વાણિયાની ઊંઘ ઊડી ગઇ.

જોયું તો ચોર ખાટલા નીચે જ ભરાયો હતો. વાણિયાના પગ ઢીલા થઈ ગયા. બૂમ પાડે તો ત્યાં જ ચોર મારી નાખે તો !

ગમે તેમ તો ય ડાહીમાનો દિકરો. ધીરેધીરે ખાટલા ઉપર પડખાં ફેરવવા મંડયો.

ચોરને થયું કે વાણિયો જાગી ગયો લાગે છે, એટલે તે તો હાલ્યાચાલ્યા વગર નીચે બેસી રહ્યો.

વાણિયાએ જરાક ઉધરસ ખાધી અને બબડવા લાગ્યો : 'ઓત્તારીની ! આજે તો જમીને પાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવાનું જ ભૂલી ગયો. મને થયું કે મોઢું કેમ ચીકણું લાગે છે? હવે સમજાયું. માટે ચાલ, પાન ખાઈ લઉં.'

શેઠ તો પલંગમાં બેઠા થયા. ઓશીકા નીચેથી પાનની ડબ્બી કાઢી. મોટાંમોટાં બીડાં બનાવી તે તો ખાવા લાગ્યા. મોઢામાં થુંક થયું. એવી રીતે પીચકારી મારી કે બરાબર પેલા ચોરના શરીર પર પડી ચોરના કપડાં લાલચોળ થઈ ગયાં.

ચોરે વિચાર્યું: 'કઈ નહિ, શેઠ સૂઈ જાય પછી આપણું કામ કરી લઈશું.'

પણ શેઠ સૂએ જ શાના? તેમણે તો બીજું બીડું બનાવ્યું અને વળી પીચકારી મારવી શરૂ કરી.

એક પછી એક પાન ખાય. પીચકારી મારે. એમ કરતાં કરતાં છ તો વગાડયા. એટલામાં તેની સ્ત્રી ઊઠી.

વાણિયે તરતજ એક જોરથી પીચકારી તેના પર મારી.

સ્ત્રી એકદમ ગુસ્સે થઈ ગઈ અને કહેવા લાગી: 'આવડા મોટા થયા તો પણ અક્કલ ન આવી. મારો કોરો ને કોરો સાડલો બગાડી નાખ્યો!' બોલતાં બોલતાં તેણે બારણું ઊઘાડયું.

વાણિયે કહ્યું: 'સાડલો બગાડયો તેમાં સવારના પહોરમાં ઘૂમાઘૂમ શું કરે છે. બીજો અપાવીશ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, હા. તમે તો લઈ દેવાના તેની મને ખબર છે ને ?' સ્ત્રીએ કહ્યું.

આડોશીપાડોશી દાતણ કરતા હતા. તેમણે આ બૂમાબૂમ સાંભળી; એટલે તરત જ ભેગા થયા અને પૂછવા લાગ્યા: 'શું થયું ? શું છે, સવારના પહોરમાં ?'

શેઠાણીએ કહ્યું: 'જુઓ ને, તમારા ભાઈ એ પાનની પીચકારી મારી મારું આખું શરીર ખરાબ કરી નાખ્યું.'

એ સાંભળીને શેઠ તરત જ પલંગ પરથી ઊતરીને ત્યાં આવ્યા, અને કહ્યું: 'અરે ભાઈઓ ! તમે જરા ઘરમાં આવો.'

બધાય અંદર ગયા.

વાણિયે કહ્યું: 'આ એક પીચકારી મારી ત્યાં તો એ બૂમાબૂમ કરવા માંડી. જુઓ, આ અમારા મહેમાનનું તો આખું શરીર મેં ભરી મૂકયું છે; છતાંય બાપડાએ ચું કે ચાં નથી કરી !'

એમ કહી ચોરને પલંગ નીચેથી ખેંચી કાઢ્યો. લોકોએ તરત જ તેને પકડી લીધો, અને પોલીસને સ્વાધીન કરી દીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માયાના રગડા

●

એક હતો નગરશેઠ.

વાણિયો પુરો વેપારી અને ડાહ્યો.

પોતાનાં જુના મકાન પડાવી નવા મકાન બંધાવવાનું એને મન થયું. પાયાનું ખોદકામ શરૂ કર્યું. થોડાક દિવસ ગયા એટલામાં ખોદનારનું ત્રિકમ કોઈ કઠણ વસ્તુ સાથે અથડાયું. તેણે તરત જ શેઠને બોલાવ્યા.

" શેઠ, શેઠ. "

" કેમ, ભાઈ શું છે ? " શેઠે પૂછયું.

" અહીં નીચે કંઈક કઠણ વસ્તુ લાગે છે. "

શેઠે નીચે જોયું તો ચરૂ દેખાણા. શેઠે વિચાર કર્યો કે ચરૂ જો બધાના દેખતા કાઢીશ તો દરબારને બધાય પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી દેવા પડશે. વિચાર કરીને એક યુક્તિ ગોતી કાઢી. બખેથી બેસ કાઢી માથું ઓઢી જોરથી પોક મુકી, "ઓ મારા બાપ રે."

પોક સાંભળીને બધા ય મજુર ભેગા થઇ ગયા. અને "શું થયું શેઠ, શું થયું?" પૂછવા લાગ્યા.

"શું થયું શું? નશીબ આડું પાંદડું આવ્યું. પાયા પુરી દો ભાઇ, જલ્દી પાયા પુરી દો."

"પણ શા માટે શેઠ?"

"અરે મારા ભાઈ." શેઠે રડતાં રડતાં કહ્યું: "મારા બાપના વખતમાં અહીં એક બાવો રહેતો હતો. તેણે મરતી વખતે મારા બાપાને કહ્યું: "મારો જીવ જતો નથી."

બાપાએ પૂછયું, "કેમ એમ?"

તેણે કહ્યું: "મારી સમાધી આ ઘરમાં લેવડાવો તો જ મારી ગતી થાય."

પણ સમાધી ઘરમાં લેવાય? બધાએ ખુબ સમજાવ્યો, પણ બાવો કેમે ય માન્યો નહિ.

છેવટે બાપાએ વાત કબૂલ કરી. અને ઘરમાં દાટયો. ઉપર ત્રાંબાનો તાસ ઢાંકી દીધો. હવે વધારે ઓદીએ અને કંઇક આડું અવળું થઇ જાય તો? ના, ભાઈ ના, મારે ઘર નથી ચણાવવા. પાયા દાટી દો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારમાં તો આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ.

દિવસ પુરો થયો. રાત્રે એકલા જઈને શેઠે જોયું તો મકાનમાં એક નહીં પણ સાત ચરૂ પડ્યા હતા. શેઠને વિચાર થઈ પડ્યો કે, આને ઘરે કેવી રીતે લઈ જવા ? રાજાને ખબર પડે તો તે લઈ જાય અને પોતાની સ્ત્રીને વાત કરે તો બૈરાનાં પેટમાં વાત ન રહે.

છેવટે પોતાની સ્ત્રીની કસોટી કરવાનો વિચાર કર્યો. રાત્રે જમતી વખતે તેણે કહ્યું: "અરે ! સાંભળે છે કે ?"

સ્ત્રીએ કહ્યું: "હા, કેમ ?"

શેઠે કહ્યું: "કંઈ નહીં જવા દે."

"ના, ના કહો ને."

"જવા દે, વળી તને કહું ને તું કોઈને કહી દે તો હું માર્યો જઉં."

"પણ હું કોઈને નહીં કહું." સ્ત્રી બોલી.

"તો સાંભળ, આપણા દરબાર છે ને તેમની ફાંદ વધે છે."

"હેં !"

"હા, સાચી વાત છે, પણ કોઈને કહીશ નહીં હોં."

"હા."

પણ બૈરાના પેટમાં વાત રહે ? એ તો બીજે દિવસે કુવે પાણી ભરવા ગયા ત્યાં તેમને જીવકોરબેન મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે કહ્યું: "કાં જીવકોરબેન કંઈ સાંભળ્યું ?"

"ના, શું છે ?" જીવકોરબેને પૂછ્યું.

"જુવો કોઇને કહેતા નહીં હોં. આપણા દરબારની ફાંદ ફુલે છે."

"એમ ?"

"હા, પણ કોઇને કહેતા નહીં હો ?"

"અરે ! આવી વાત કોઇને કહેવાય ?

પછી તો જીવકોરબહેને મોંઘીબહેનને અને મોંઘીબહેને જડાવબહેનને એમ એક પછી એક આખા ગામને ખબર પડી. બધા ય પાણી ભરવા બહાર નીકળે ત્યારે દરબારના પેટ સામે જોયા કરે.

દરબાર વિચારમાં પડયા કે, બધાય મારી સામે કેમ જોયા કરે છે ? તેમણે દિવાનને પૂછ્યું. દિવાને કહ્યું: "દરબાર સાહેબ, બેઅદબી માફ કરજો, પણ મારી સ્ત્રી કહેતી હતી કે દરબારની ફાંદ વધે છે."

દરબારે તપાસ કરાવી કે આવી વાત કોણે ફેલાવી. છેવટે નગરશેઠનું નામ આવ્યું.

"કેમ નગરશેઠ, તમે કેમ આવી વાત ઉડાવી ?" નગરશેઠે કહ્યું, "અન્નદાતા બૈરાંના પેટમાં વાત રહે છે કે નહીં, તેની કસોટી કરતો હતો."

દરબારે પૂછ્યું: "એમ શા માટે કરવું પડયું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે કહ્યું: "અન્નદાતા, જરા ય અસત્ય નહીં બોલું. મેં જુના મકાન પડાવી નવા મકાન બંધાવવા માટે પાયા બોદાવ્યા તો માયાના રગડા નીકળ્યા. બધા દેખતાં કાઢું તો તે મિલ્કત રાજ્યની થઇ જાય, પણ ઘરે લઇ જવામાં સ્ત્રીની મદદ તો જોઇએ જ! એટલે તેની કસોટી કરવા આ યુક્તિ રચી અને તેનું પરિણામ તો આપ જોઇ શકો છો."

નગરશેઠનું કહેવું સાંભળી દરબાર હસી પડયા. શેઠને બધીય માલમત્તા લઇ જવાની છુટ આપી. અને ફરી એવી કસોટીનો વિષય તેમને બનાવવાની હસતાં હસતાં ના પાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયનનો નાદ

અમદાવાદમાં એક વાણીયો હતો.

પાસે ખુબ પૈસા હતા. એટલે રાજા પાસે પણ તેનું ઘણું માન હતું. વળી દિલનો પણ ઉદાર હતો. ઘરની પાસે જ એક મંદિર હતું. દેવદર્શને જાય અને પુજાપાઠ કરે.

એક દિવસ મંદિરમાં કેટલાક ગવૈયા આવ્યા. રાજાએ તેમને મંદિરમાં રહેવાનો હુકમ લખી આપ્યો.

ગવૈયા આખો દિવસ રાગડા તાણીને ગાતા હતા. ગળું પણ સુંદર હતું.

જ્યારે તેઓ ગાતા ત્યારે શેઠના ઘરના માણસો તે સાંભળવામાં એટલા બધા લીન થઇ જતા કે ઘરનું કામ-કાજ રખડી જતું.

શેઠે વિચાર કર્યો. ગવૈયાને રાજાએ જ મંદિરમાં ઉતારો આપ્યો છે એટલે રજા તો આપી શકાય નહીં. ઘરના માણસો ગાયન સાંભળ્યા વિના રહે નહીં. હવે શું કરવું ?

બહુ બહુ વિચાર કરી છેવટે તે ગવૈયાઓ પાસે ગયા અને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભાઈઓ તમે અહીં કેટલા દિવસ રહેવાના છો ?"

"કેમ એમ પુછો છો ?" ગવૈયાએ કહ્યું.

"તમે સુંદર ગાવ છો, મને સાંભળવાની મજા પડે છે એટલે પુછું છું."

ગવૈયાએ કહ્યું, "શેઠ સાહેબ અમારે અહીં ઘણી કમાણી થાય છે. જે લોકો સાંભળવા આવે છે તેઓ કંઈને કંઈ મુકી જાય છે, એટલે બીજે જવાનો અમારો વિચાર જ નથી."

"તો તો સારું." એમ કહી મનમાં વિચાર કરતા શેઠ ઘરે ગયા. ગવૈયાએ તો ત્યાં જ ધામો નાખ્યો હતો. બીજે ગામ જવાના ન હતા. શેઠ બહુ મુંઝવણમાં પડી ગયા. અને તેમને ત્યાંથી હાંકી કાઢવાની યુકિત વિચારવા લાગ્યા.

છેવટે બહુ જ વિચાર કરી ઉદાર દિલના શેઠે પોતાના ઘર પાસે એક મોટું દેવમંદિર બંધાવ્યું.

મંદિર પુરું થયા પછી શેઠ કિંમતી ભેટ લઈને દરબારમાં ગયા. રાજા પાસે નજરાણું મુકી એક બાજુ ઉભા રહ્યા.

રાજા કહે, "કેમ છો શેઠ ?"

શેઠે કહ્યું, "આપની કૃપાથી મજામાં છું."

રાજાએ પુછયું, "તમે તો બહુ મોટું મંદિર બંધાવ્યું ને ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે કહ્યું, "બધી આપની કૃપા છે."

"બોલો મંદિર માટે શું ભેટ આપું?" રાજાએ પુછયું.

શેઠે જવાબ આપ્યો, "મહારાજાધિરાજ, આપ સર્વ રીતે સત્તાવાન છે. આપની જો રજા મળે તો મારે મંદિરમાં ઘણી જાતના વાજાં વગડાવવાં છે. પરંતુ એમાં કોઇ ડખલ ન કરે એવી મારી ઇચ્છા છે."

"ઓહો! એમાં શું માગ્યું. દેવના આવા પવિત્ર કાર્યમાં મારાથી ના કેમ કહેવાય?"

મહારાજાએ તો ખુશીથી વાજાં વગડાવવાની રજા આપી.

શેઠે તો મોટા મોટા નગારાં મંગાવ્યા. કાન ફાડી નાંખે તેવી ભુંગળો પણ લાવ્યા.

રોજ સવારે પેલા ગવૈયા જેવું ગાવાનું શરૂ કરે કે શેઠ અહીં જોરથી નગારાં વગડાવે.

આથી ગવૈયા કંટાળી ગયા. કમાણી પણ ઓછી થઇ ગઇ. એટલે બીજે ગામ ચાલ્યા ગયા.

અને શેઠે પણ નગારા વગાડવા બંધ કર્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો વાણિયો

●

રેવાકાંઠામાં એક વાણિયો રહેતો હતો.

એ હતો બહુ જ કંજુસ.

એક વાર માંદો પડયો. કંઇ દવા પણ ન કરે, કારણ કે વૈદને પૈસા આપવા પડે ને? માંદગી તો વધતી જ ગઇ. છેવટે તેણે બાધા રાખી કે, 'હે ભગવાન, જો હું સાજો થઇ જઇશ તો પાંચ રૂપિયાનું દાન કોઇ સંતને કરીશ.'

નશીબજોગે એવું બન્યું કે વાણિયો સાજો થઈ ગયો.

સાજો થયો એટલે ચિંતામાં પડયો કે પાંચ રૂપિયાનું દાન કરવું પડશે. પણ દાન કોને કરવું? જેને જરૂર ન હોય તેને આપે તો પાપ લાગે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ને આમ કેટલા ય દિવસો પસાર થઈ ગયા.

એવામાં એ ગામમાં એક સાધુ પધાર્યા.

ગામના મંદિરે ઉતારો રાખ્યો. પાસે તુંબીપાત્ર પણ ન મળે. આખો દિવસ આંખો બંધ રાખીને સમાધિમાં બેસી રહે.

આખા ગામમાં સાધુની આ વાત ફેલાઈ ગઈ. કેટલા ય લોકો દર્શન કરવા જવા લાગ્યા.

પેલા વાણિયાને ખબર પડી. તેને થયું કે આ સંતને દાન કરું. એટલે તે પણ બીસ્સામાં પાંચ રૂપિયા લઈને દર્શને ગયો.

દર્શન કરી તેની સામે બેઠો. વિચાર કરવા લાગ્યો કે, આવા મહાપુરુષને રૂપિયા આપ્યા હોય તો બહુ પુણ્ય થાય.

સાધુ સાંભળે તેમ જોરથી બોલવા લાગ્યોઃ 'મારે પાંચ રૂપિયાનું દાનં કરવું છે.'

સાધુ કંઈ ન બોલ્યા.

વાણિયો ફરી બોલ્યોઃ 'સાધુ મહારાજ તો સમાધીમાં છે, પાસે તુંબીપાત્ર પણ નથી. તેમના પગ પાસે મૂકું તો કોઈ બીજો ઉપાડી જાય. હવે શું કરવું?'

તો ય સાધુ મહારાજ કંઈ ન બોલ્યા.

વાણિયો ફરી બોલ્યોઃ 'મહારાજને આસનિયું પણ નથી; નહિ તો તેની નીચે જ મૂકી દેત.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે સાધુને થયું કે, આપણે આમ ને આમ બેસી રહીશું તો પાંચ રૂપિયા ગુમાવીશું. એટલે તરતજ તેણે મોઢું ઉઘાડયું.

વાણિયો તરત જ સમજી ગયો કે, આ તો કોઈ ઢોંગી છે. તેણે તરત જ ધૂળની મુઠી ભરી અને સાધુના મોંઢામાં નાખી.

'થુ....થુ....થુ. યહ કયા કરતા હૈ?' સાધુએ ધૂમ પાડી.

'દાન આપું છું.' વાણિયે હાથ જોડીને કહ્યું.

'મીટ્ટી ડાલતા હૈ? રૂપિયાકા દાન કરો.'

'હવે દાન નથી કરવું મહારાજ.'

'કયા હુઆ?'

'મારે તો ખરા સંતને દાન કરવાનું છે. પણ જે દાન લેવા માગે છે તે ખરા સાધુ નથી અને જે ખરા સાધુ છે તેઓ દાન લેતા જ નથી.'

એમ કહી વાણિયાએ ચાલવા માંડયું.

સાધુમહારાજ તો જોઈ જ રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયા મુછ નીચી તો કહે સાડીસાત વાર નીચી

દિલાવરખાન નામનો એક પઠાણ હતો.

પરદેશ જઈને ખુબ કમાઇ આવ્યો એટલે ગામમાં એની રાડ પડતી.

એક તો પઠાણ અને તેમાં વળી પૈસા આવ્યા એટલે વાત જ શું પુછવી ! મુછોના આંકડા ચઢાવીને જ ફરે. આમ બિચારો બહુ ભોળો પણ કોઇ કંઇ બોલે તે સહન ન કરી શકે.

તેના ઘરની સામે જ એક વાણિયાનું ઘર હતું. સાંજે વાળુ કરીને તે પણ પઠાણની ડેલી સામે બેસતો. પઠાણની લાંબી મુછો જોઇને વાણીયાને પણ લાંબી મુછો વધારવાનું મન થયું.

તેણે પણ મુછો વધારવા માંડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ વાણીયો લાલ પાઘડી પહેરીને ઓટલે આવીને ઉભો. મુછો પર તાવ દેવા લાગ્યો.

પઠાણ સામે જ બેઠો હતો. તેણે આ જોયું. તેનાથી સહન ન થયું. તેને થયું આ વાણિયો મારી સામે ઉભો ઉભો મુછે તાવ દે એમ ?

પઠાણ ડેલી બહાર આવ્યો અને વાણીયાને કહેવા લાગ્યો ' અબે એ બનીયા ! મૂછો ઉંચી કેમ રાખી છે ? તને ખબર નથી આ ગામમાં કોની મૂછો મોટી છે ! ચાલ મુછનો આંકડો નીચે ઉતારી દે, નહીં તો હમણાં એક ઝાટકે ઉડાડી દઈશ.'

વાણીયાભાઈ પઠાણના શબ્દો સાંભળીને ગભરાયા પણ હિંમત રાખી બોલ્યા ' પઠાણ સાહેબ શું તમને એકલાને જ મૂછો રાખવાનો અધિકાર છે ? '

પઠાણે કહ્યું ' હા.'

' શા માટે ? ' વાણીયે પુછયું.

' મારી પાસે પૈસા છે. ' પઠાણે જવાબ આપ્યો.

' તમારી પાસે પૈસા છે તો મારી પાસે પણ ઘણા પૈસા છે. જા જે થાય તે કરી લે. મારી પાસે પણ ઘણા માણસો છે.' વાણીયે હિંમતથી કહ્યું.

' અચ્છા તો ચાલ લડવા આવી જા.' પઠાણ બોલ્યો. વાણીયે કહ્યું, ' નહીં, અમે કોઇ દિવસ એમ ન લડીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે તો નોકરચાકર વગેરેને લઈને આવશું, બહારના માણસ બોલાવશું. આવતા સોમવારે આવી જજો.'

'અચ્છા આવી જજે.' પઠાણે કહ્યું.

વાણીઆભાઇએ વિચાર કર્યો હું મારા ઘરમાં મૂછો આમળું તેમાં એનું શું જાય ? તેની પાસે પૈસા છે ત્યાં સુધી મિજાજ કરશે. પૈસા ખલાસ અને બીચડી ખુટે એટલે સીધા સટ. પોતાની પત્નિને બોલાવીને કહ્યું. 'હું જે કહું તે તું તારે હા એ હા કહેજે ને મને ધમકાવતી રહેજે. આપણે પઠાણને ઠેકાણે કરી દઇએ.'

સાંજ પડી. પઠાણ સાંભળે તેમ જોરથી વાણીયો તડુકયો, 'કેમ મહેતાજીને કહેવરાવી દીધું ને. આજ બસો માણસો નવા મગાવવા જોઇએ.'

'અરે ! પણ તમને તે કાંઇ ધંધો છે કે નહીં ? આમ માણસો રાખશો તો કયાં સુધી નભશે ? લડાઇ તો કોણ જાણે કેટલાય દિવસ ચાલશે ? ખવડાવશો શું ? ''

'તેમાં તારા બાપનું શું જાય છે ? પઠાણ મારી સામે લડવાનો છે. પછી ભલે ગમે તે થાય. પૈસા ખુટશે તો દેવું કરીશ, પણ હવે હું લડયા વિના જરાય રહેવાનો નથી.'

'તમે તો એવા ને એવા જ રહ્યા.'

સામે જ પઠાણ બેઠો બેઠો બધું સાંભળતો હતો. તેણે પોતાના મુન્શીને બોલાવીને કહ્યું 'દેખો, આજ બનીયાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને મારવા બસો માણસો રાખ્યા છે. આપણે ચારસો મંગાવો.''

મુન્શીએ તો સવારના પહોરમાં ચારસો માણસ રાખી લીધા અને રસોડું બોલી દીધું.

ત્રીજે દિવસે શેઠ પાછા બોલ્યા, 'એણે ચારસો રાખ્યા તો હું છસો માણસ કાલે જ બોલાવીશ.'

'મુનીમજી.' વાણીયે બુમ પાડી.

'જી.' મુનીમે કહ્યું.

'જાવ હમણાં જ બેપીયો રવાના કરો. લાહોરથી માણસો મંગાવો, પંજાબથી મંગાવો અરે! ઠેઠ કાબુલને કંદહારથી મંગાવો.'

એટલે શેઠાણી બોલ્યા 'પેઢીના પૈસા શું આમને આમ જ વેડફી નાખવા છે? છોકરાને ખવડાવશો શું?'

''જે ખાવાનું હશે તે ખાશે. જે થવાનું હશે તે થશે! પણ મારૂં પાણી શું હું જવા દઉં?''

પઠાણ આ વાત સાંભળી ગયો. તેણે બીજા એક હજાર માણસો બોલાવ્યા. ગામમાં વસ્તી વધવા લાગી. એટલે અનાજ પણ મોંઘું થઇ ગયું.

બીજે દિવસે શેઠ બેઠા હતા ત્યાં મુનીમે આવીને કહ્યું, 'શેઠજી, પઠાણે તો હજાર માણસો રાખ્યા. હવે આપણે શું કરશું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે ! એમાં ગભરાવ છો શું ? આપણી પાસે ઘણા પૈસા છે. મંગાવો બીજા બે હજાર ! ' વાણીયે હુકમ કર્યો.

પઠાણ આ સાંભળી ગયો એટલે એણે ત્રણ હજાર માણસોનો હુકમ કર્યો. બધાયને આવાનું તો જોઈએ જ. એટલે પઠાણભાઇના પૈસા ખલાસ થઇ ગયા. એટલે બીજા વાણીઆઓને ત્યાંથી મકાન દાગીના વગેરે ગીરો મુકી વ્યાજે રૂપીયા લઇ આવ્યો.

વાણીયો તો ડાહી માનો દીકરો ખરોને એટલે વાતોના જ તડાકા મારે. એકેય માણસ રાખ્યો નહતો પૈસાનું પણ ખરચ નહતું.

સોમવાર આવ્યો એટલે પઠાણે મુછોના આંકડા ચઢાવીને કહ્યું, " ચલ બે બનીયા આજ તેરી બરાબર ખબર લઉં.'

વાણીયે કહ્યું, " અરે ! પઠાણ સા'બ શું છે ? "

' શું છે શું ? ચાલ તેરા લશ્કર બોલાવ. '

વાણીયે ઠંડે પેટે પુછયું, " પણ શા માટે ? "

' શા માટે ? આજ કયા પુછતા હૈ ? આજ દેખુંગા કે તેરી મૂછ નીચી હો જયગી."

' બસ એટલું જ ને ? '

' હા....હા....'

' લે ભાઇ આ મારી મુછ નીચી.' એમ કહી શેઠે આંકડો નીચે ઉતાર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે પઠાણે કહ્યું, 'કયું બનીયા કૈસી મુછ નીચી ?'

'હા, ભાઈ હા, હું હારી ગયેા. તમારી સાથે મારાથી લડાય ? તમે તેા બહાદુર. મારી મુછ નીચી તેા સાડી સાત વાર નીચી.'

પઠાણુભાઈ ખુશ થતા થતા ચાલ્યા ગયા.

શેઠ તેા ઘરમાં આવીને જોરથી હસી પડયા.

પઠાણે લશ્કરને રજા આપી દીધી. પૈસા ખલાસ થઈ ગયા. વાણીયાના પૈસા લાવ્યા હતા તે પણ ઉધરાણી કરવા મંડયા. જમીન પણ વેંચાઈ ગઈ. વાણીયાને તેા ટાઢે પાણીએ ખસ ગઈ.

વાણીયો પેાતાના મકાનની બારીમાં ઉભેા રહી ફરીથી મૂછેાના આંકડા ચઢાવવા લાગ્યા. પઠાણુના આંકડાને ફાંફડા બેય ઉતરી ગયા'તા એટલે બિચારેા હવે શું બેાલે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠુંઠાનો સંગ કરીશ નહીં !

એક વખત એક વાણિયો માંદો પડયો. તેણે પોતાના છોકરા રામલાલને બોલાવી કહ્યું,

" બેટા ! હવે હું બચી શકીશ નહીં, આ લે મારી પાસે હજાર રૂપીઆ છે તે તું રાખ. એક વાત યાદ રાખજે. ભુલેચુકે પણ ઠુંઠાનો વિશ્વાસ કરીશ નહિ. '

' પણ બાપુજી કદાચ થઇ જાય તો ? '

' કદાચ ઠુંઠાના વિશ્વાસમાં ફસાઈ જવાય તો....તો બાડાની મદદ લેજે. '

એટલામાં તો શેઠ મૃત્યુ પામ્યા.

શેઠની ઉત્તરક્રિયા પતાવી રામલાલ હજાર રૂપિયા લઇને શહેરમાં આવ્યો. તેણે વિચાર કર્યો કે, ' હજાર રૂપિયા મારી પાસે રાખીશ તો કોઇ લુંટી લેશે, માટે કોઇ પેઢીમાં મૂકી દેવા જોઇએ. '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર કરીને તે એક પેઢીમાં ગયો, અને શેઠને કહ્યું: 'શેઠજી, મારે આપની પેઢીમાં હજાર રૂપિયા મૂકવા છે.'

'હા, હા ખુશીથી મૂકી શકો છો. પેઢી તમારી જ છે ને?'

રામલાલે હજાર રૂપિયા આપ્યા, પણ કંઈ રસીદ કે પહોંચ લીધી નહીં.

'જોશે ત્યારે લઈ જઈશ.' રામલાલે કહ્યું.

'ભલે.' શેઠે કહ્યું.

પણ રામલાલ પગથીયા ઉતરતો હતો ત્યાં તેની નજર શેઠના હાથ ઉપર પડી. એક જ હાથ હતો. રામલાલ ગભરાયો કારણ કે એના બાપે ઠુંઠાનો વિશ્વાસ કરવાની ના પાડી હતી. પણ હવે શું થાય?

કેટલેક દિવસે રામલાલને પૈસાની જરૂર પડી. તે પેઢી પર ગયો અને કહ્યું, 'શેઠ, મારા પૈસા આપોને.'

શેઠે કહ્યું: 'શેના પૈસા?'

રામલાલે કહ્યું, 'મેં આપને ત્યાં મૂકયા છે ને તે.'

શેઠે કહ્યું: 'પણ ભાઇ તમે કોણ છો? પેઢી ભુલી ગયા લાગો છો.'

રામલાલે ઘણું સમજાવ્યું. પણ ઠુંઠા શેઠે કંઈ માન્યું નહીં. રામલાલને ધક્કો મારીને કાઢી મૂકયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામલાલ બિચારો નિરાધાર દશામાં રડતો રડતો એક મંદિર પાસે આવ્યો. ત્યાં તેની નજર એક પુજા કરતા માણસ પર પડી. શેઠ જેવો લાગતો હતો. વળી બાડો હતો. રામલાલ તરત જ બાપાના કહેવા પ્રમાણે બાડા શેઠ પાસે જઈને હાથ જોડીને ઉભો રહ્યો.

'શું છે?' બાડા શેઠે પૂછ્યું.

'સાહેબ, હું ફસાઈ ગયો છું. એક ઠુંઠા શેઠને ત્યાં મેં હજાર રૂપિયા મુકયા હતા, પણ હવે તે આપવાની ના પાડે છે.'

'તે મારી પાસે શું છે?'

મારા બાપાએ કહ્યું હતું કે, 'ઠુંઠાનો વિશ્વાસ કરીશ નહિ, અને ભુલેચુકે તું ફસાઈ જાય તો....'

'તો બાડાની મદદ લેજે, બરી વાતને?' બાડા શેઠે હસતાં હસતાં કહ્યું.

'હા જી.' રામલાલ પણ હસી પડયો.

'સારૂં. તો તું એક કામ કરજે.'

'ફરમાવો.'

'આવતી કાલે હું બેઠો હોઉં ત્યારે આવીને બે હજાર રૂપિયા માગજે; સમજ્યો?'

રામલાલે બીતાં બીતાં કહ્યું, 'પણ એ તો હજાર આપવાની પણ ના પાડે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું તને કહું એટલું તું કર. બાકીનું હું સંભાળી લઈશ.'

'સારું.' કહી રામલાલ ચાલ્યો ગયો.

બીજે દિવસે બાડા શેઠ એકદમ સુંદર કપડાં ઘરેણાં વગેરે પહેરી જાણે લાખોપતિ ન હોય એવી રીતે ઠુંઠા શેઠની પેઢીએ ગયા. અને કહ્યું, 'શેઠ, મારાં વહાણ આવવાનાં હતાં, પણ હજુ આવ્યાં નથી. તો આપ મારાં ઘરેણાં રાખી પૈસા આપશો ?'

ઠુંઠા શેઠને તો ઘર બેઠા ગંગા આવી, પછી શું કામ ના પાડે ? ત્રીસ ચાળીસ હજારનો માલ હજમ કરવા મળે એમ હતું.

શેઠ એક પછી એક ઘરેણાં ઉતારતા હતા, ત્યાં રામલાલે આવી ઠુંઠા શેઠને કહ્યું: 'શેઠ, મેં થોડા દિવસ પહેલાં આપને ત્યાં બે હજાર રૂપિયા મૂકયા છે તે આપો ને.'

તરત જ બાડા શેઠે રામલાલને તમાચો માર્યો અને કહ્યું: 'બોલું બોલે છે ? હજાર મૂકયા'તા ને બે હજાર માગે છે ? કેમ શેઠ ?'

ઠુંઠા શેઠે તો તરત જ હા પાડી અને હજાર રૂપિયા ગણી આપ્યા. રામલાલ લઈને ચાલતો થયો.

એટલામાં બાડા શેઠનો મુનીમ આવ્યો. તેણે કહ્યું: 'શેઠ, આપણાં વહાણ આવી ગયાં છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાડા શેઠે કહ્યું: 'કયારે આવ્યાં?'

મુનીમે કહ્યું: 'હમણાં જ આવ્યાં.'

બાડા શેઠે પૂછયું: 'તને બરાબર બબર છે?'

મુનીમે કહ્યું: 'હા જી; હું બંદર ઉપર જોઈને જ આવું છું.'

બાડા શેઠે તો આ બધી યુક્તિ જ રચી હતી. બાકી વહાણ કે કંઈ આવવાનું જ નહોતું, એટલે તેણે ઠુંઠા શેઠને કહ્યું: 'ચાલો શેઠ, મારાં વહાણ આવી પહોંચ્યાં. એટલે હવે ઘરેણાં ગીરો મૂકવાની જરૂર નથી. તસ્દી માફ કરજો, હો.'

એમ કહી બાડા શેઠ ઘરેણાં લઈને ચાલતા થયા.

ઠુંઠા શેઠનું મોઢું જોવાજેવું થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગગજી....હે....એ....એ

એક વાણિયો હતો.

રાત્રે દશેક વાગે તે સૂઇ ગયો.

ત્યાં એક ચોર તેના ઘરમાં પેઠો.

કંઇક અવાજ થવાથી વાણિયો જાગી ગયો. ચોર આવ્યો છે તેને ખબર પડી. ઘરની આસપાસ ગગજી નામનો હવાલદાર ચોકીપહેરો ભરતો હતો. થોડી થોડી વારે આંટા મારે. વણિયે વિચાર્યું, જો હું બૂમ પાડીશ તો ચોર મને મારી નાખશે; કાં ભાગી જશે. માટે કંઇ યુકિત કરવી જોઇએ.

શેઠે જરા ઉધરસ ખાધી. ચોર તરત જ કોઠી પાછળ સંતાઇ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વારે શેઠ ઊઠયા અને પોતાની સ્ત્રીને ઉઠાડીને કહ્યું: 'અરે! સાંભળે છે કે?'

શેઠાણીએ કહ્યું: 'શું કહો છો?'

વાણિયે કહ્યું: 'આજ તો આખો દિવસ દુકાનના કામકાજમાં હતો એટલે બાબાને રમાડી શકયો નથી, માટે લાવ ને રમાડું.'

'પણ અત્યારે તો બાબો સૂઇ ગયો છે.' સ્ત્રીએ કહ્યું. વાણીયે કહ્યું: 'મને રમાડવાનું મન થયું છે.'

'હું એમ કહેતી'તી કે આપણે કયાં સુધી તેને બાબો કહ્યા કરશું? કંઇક નામ પાડવું જોઇએ ને હવે?'

'હું પણ એ જ વિચાર કરતો હતો. કંઇક સારું નામ ગોતી કાઢીએ.'

ચોર બિચારો કયારનો રાહ જોતો હતો કે આ શેઠ બરાબર ઊંઘી જાય તો સારું.

ત્યાં તો શેઠ બોલ્યા: 'તું જ કહે ને શું નામ રાખશું?'

'મેં તો કંઈ ગોત્યું નથી. પણ અમરચંદ કેવું છે?'

'ના, ના, એવું શું નામ પાડવું તું? કોઇ બીજું જ સારું નામ ગોતી કાઢશું.' શેઠે કહ્યું.

'ત્યારે મોતીચંદ પાડશું?'

'ના; હું તો એનું નામ ગજી પાડીશ.'

'બળ્યું, એવું તે શું નામ રાખતા હશો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે બારીમાંથી જોયું તો બરાબર એ જ વખતે નીચે ગગજી હવાલદાર આંટો મારવા નીકળ્યો. શેઠે તરત જ કહ્યું: 'એમાં તું ન સમજે. ગગજી નામ પાડી એને હું ઉછાળીને રોજ રમાડીશ.

'અરે ! મારા ગગા, અરે ! મારા ગગા !' ગગજી હે....એ....એ..., વાણિયે જોરથી બૂમ પાડી.

નીચે આંટા મારતા ગગજીએ બૂમ સાંભળી. તેને થયું અત્યારે કોણે બૂમ પાડી? ત્યાં તો વાણિયો પાછો જાણે છોકરાને રમાડતો હોય તેમ જોરથી બોલ્યો.

'અરે ! મારા ગગા, અરે ! મારા ગગા,
ગગજી હે....એ....એ....એ.'

આ વખતે ચોકીદારે બરાબર સાંભળ્યું ને તે વાણીયાના ઘરે આવ્યો. ચોરને તો એમ જ કે વાણિયો બાબા ને રમાડે છે. ચોકીદારે બારણું ખખડાવ્યું. શેઠે ધીરેકથી બોલ્યું.

ચોકીદારે પૂછ્યું: 'કેમ શેઠ, અત્યારે કેમ બૂમ પાડી?'

વાણિયે કહ્યું: 'આ મહેમાન આવ્યા છે. લઈ જાવ એને. જુઓ, પેલી કોઠી પાછળ છે.'

ગગજીએ તરત જ ચોરને પકડી લીધો. અને બાંધીને લઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાભાઇની રંગભરી !

જાન લઈને કેટલાક વાણિયા પાછા ફરતા હતા. ગામ છોડયું ત્યાં જ રાત પડી ગઈ. ગાડાવાળાને બળદ દોડાવવાનું કહ્યું, પણ બળદ બિચારા કેટલું દોડે ?

રાત પડી. અંધારું થયું એટલે વાણિયા ગભરાયા. હેમખેમ પહોંચાય એટલે કેટલાક તો માનતા માનવા લાગ્યા.

ગાડુ થોડુંક આગળ ગયું ત્યાં તો પાછળથી બૂમ પડી: 'એઇ; ગાડા ઊભા રાખો; નહીં તો મરી ગયા સમજજો.'

એકાએક બધાંય ગાડા ઊભાં રહી ગયાં. દસબાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુકાનીવાળા આગળ આવ્યા અને કહ્યું: 'ચાલો, જે દરદાગીના હોય તે પછેડીમાં નાખી દો.'

વાણિયાઓએ વિચાર કર્યો કે અહીં જોર કરવામાં મજા નથી; એટલે ધીરેકથી કહ્યું: 'હા ભાઇ; લ્યો ને, જે જોઇએ તે લઇ લો ને.'

લુટારૂઓએ પછેડી ધરી અને કહ્યું; 'નાખો બધુંય આમાં.'

થોડી વારમાં તો પછેડીમાં કેટલાંય ઘરેણાં પડવા લાગ્યાં. ધાડપાડુ તો ખુશખુશ થઈ ગયા.

આ બાજુ વાણિયા એક પછી એક દાગીના ધીરેધીરે નાખતા હતા અને મનમાં વિચાર કરતા હતા.

બધાંય ઘરેણાં નંખાઇ ગયા પછી ધાડપાડુ પછેડી બાંધતા હતા ત્યાં કેટલાક વાણિયાએ આગળ આવી કહ્યું: 'ભાઇઓ, અમને ભવાઇ પણ કરતાં આવડે છે; અને હવે લુંટાયા પછી શો ભો? એટલે આ મજાના ચાંદરડામાં ભવાઇ કરવાનો વિચાર કરીએ છીએ. તમારે ય જોવું હોય તો બેસી જાવ.'

ધાડપાડુઓને વાણિયાના ભાતાની મજાની ઘીની સુખડી ને ઢેબરાં મળ્યાં હતાં, એટલે તેમણે વિચાર કર્યો કે, અહીં જ ખાશું ને ભવાઇ જોશું. ધાડપાડુઓએ કહ્યું: 'અમે પણ તમારી ભવાઇ જોશું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાએ કહ્યું: 'તો તો અમે એવી સરસ ભવાઇ ભજવશું કે તમે ખુશખુશ થઈ જશો.'

ધાડપાડુઓએ ત્યાં જ જમાવી.

વાણિયાએ તરત જ ધોતિયું લાવી એક છેડો ઝાડ સાથે બાંધ્યો અને બીજો છેડો ગાડા સાથે બાંધ્યો અને એમ પડદો ઊભો કર્યો.

પહેલો પ્રવેશ શરૂ થયો. બે વાણિયા આવ્યા. એક નાનો અને બીજો મોટો.

નાનો હાથના ચાળા કરીને જોરથી ગાવા મંડ્યો:

'રંગ ભરીરે રંગ ભરી
વાણિયાભાઇની રંગ ભરી.'

એટલે મોટો તરત જ જોરથી ગાવા મંડ્યો.

'આમ કરો, ભાઇ તેમ કરો
જઈ જાંખુડીયે જાણ કરો.'

ડાહીમાના દિકરા તરત જ સમજી ગયા અને બે માણસ જાંખુડીયે ખબર આપવા રવાના થયા.

આ બાજુ તો વાણિયા એક પછી એક જુદાજુદા વેશ કાઢવા મંડ્યા. અરધો કલાક પસાર થઇ ગયો. ત્યાં પાછળથી ઘોડાનો અવાજ આવ્યો. ધાડપાડુઓ ચમકયા. પણ ત્યાં તો એક વાણિયે જોરથી ગાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અમે વાણિયા રે વાણિયા
જુવો અમે બનણિયા
ફોજદારનો વેશ આવે છે,
ઘોડાના ડાબલા ગાજે છે.'

ધાડપાડુઓ સમજ્યા કે આ પણ એક વેશ છે, અને તેમાં ઘોડાના ડાબલાનો અવાજ થાય છે, એટલે નિરાંતે બેઠા.

ત્યાં તો પાછળથી ફોજદારે આવી બધાને પકડી લીધા.

વાણીયાંભાઇઓને પોતાનો બધો ય માલ પાછો મળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્ય કે સ્વપ્ન ?

ખંભાતમાં બે મિત્રો રહે.

એક બ્રાહ્મણ હતો. બિચારો અભણ એટલે રસોઇ કરીને ગુજરાન ચલાવે, અને બીજો વાણીયો જરા નામુ-ઠામુ શીખેલો એટલે વેપાર કરી ગુજરાન ચલાવતો.

બન્નેને એક વખત બીજે ગામે જવાનું થયું. ગપાટા મારતાં એક ગામમાં પહોંચ્યા. ધર્મશાળામાં ઉતારો કર્યો.

ભૂખ કકડીને લાગેલી. વાણિયો થોડાક પૈસા લઈ બજારમાં ગયો, અને સીધું-સામાન લઇ આવ્યો. બ્રાહ્મણે રસોઇ બનાવી.

બન્ને જમવા બેઠા.

વાણિયે કહ્યું: 'હું બજારમાં રખડયો છું એટલે મને વધારે ભૂખ લાગી છે. માટે મને જરા વધારે મકજે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણે કહ્યું: 'મેં મહેનત વધારે કરી છે એટલે મને વધારે ભૂખ લાગી છે; માટે હું જ વધારે લઈશ.'

વાણિયે કહ્યું: 'પૈસા તો મારા છે.'

બ્રાહ્મણે કહ્યું: 'પણ બનાવ્યું તો મેં ને ?'

બન્ને વચ્ચે વાત વધી પડત; પણ વાણિયાએ વાણિયાગત વાપરી, અને ભૂદેવને શાંત પાડ્યો. પછી વાણિયે કહ્યું: 'ભાઈ, બધીય રસોઇ હમણાં ઢાંકી દે. આપણે નિરાંતે સુઇ જઇશું. જ્યારે ઉઠશું ત્યારે આપણાં સ્વપ્નાં યાદ કરશું. જેને સારામાં સારું સ્વપ્નું આવે તે વધારે જમે.'

બ્રાહ્મણે કહ્યું: 'કબુલ.'

બન્ને સુવા ગયા.

બ્રાહ્મણ બિચારો થાકી ગયો હતો એટલે એ તો પથારીમાં પડતાં જ સુઇ ગયો. પણ વાણિયાને પેટમાં ગરબડ થાય એટલે ઊંઘ ન આવે. છેવટે તેનાથી ન રહેવાયું. ધીરેકથી ઉઠી બ્રાહ્મણ ન જાગે તેમ અવાજ કર્યા સિવાય તેણે તપેલાં સાફ કરી નાખ્યા. પછી જેમ હતું તેમ મુકી નિરાંતે સુઇ ગયો.

બ્રાહ્મણને થોડી વાર તો ઉંઘ આવી. પણ ભૂખ બરાબર લાગેલી એટલે થોડી વારમાં જ જાગી ગયો. તેને વિચાર આવ્યો કે 'આ વાણિયાભાઇને સારું સ્વપ્નું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં જ આવે, હું મારી બુદ્ધિથી એવું અદ્‌ભુત સ્વપ્ન કહીશ કે મને જ વધારે આવાનું મળે.'

વાણીયો તો આનંદથી સુતો હતો.

બ્રાહ્મણે હાથ પકડીને તેને ઉઠાડયો. આંખ ચોળતો ચોળતો વાણીયો ઉઠયો.

બ્રાહ્મણે પુછયું: 'કેમ કેવું સ્વપ્નું જોયું ?'

વાણીયે કહ્યું: 'પહેલાં તારૂં સ્વપ્ન કહે.'

બ્રાહ્મણે કબુલ કર્યું. તેણે કહ્યું: 'સાંભળો ત્યારે. હું જ્યાં માંડ થોડું સુતો હોઇશ ત્યાં તો ઇન્દ્રના ચાર દુત આવ્યા. તેમણે મને કહ્યું ચાલો, ઇન્દ્રલોકમાં ઉત્સવ થઇ રહ્યો છે. તમને ત્યાં નિમંત્રણ છે. વિમાન પણ મોકલ્યું છે. હું ઉભો થઇને વિમાનમાં બેઠો વિમાન ઉડયું અને ઇન્દ્રલોકમાં આવ્યું.

'ત્યાંની તો શું વાત કરૂં ? બાગમાં ફુલો ખીલી રહ્યાં હતાં. ચારેકોર સુગંધ ફેલાઇ રહી હતી. આંબા ઉપર કોયલ ટહુકાર કરતી હતી. બધાય દેવો સુંદર વસ્ત્રો પહેરીને આવ્યા હતા. બસ જ્યાં જુઓ ત્યાં આનંદ આનંદ હતો.'

'હું તો સીધો ઇન્દ્ર મહારાજના મહેલમાં પહોંચ્યો. ત્યાં દરવાજા પાસે ચાર ચોકિદાર ઉભા હતા તેમણે મને ઝુકીને સલામ ભરી. ઇન્દ્રરાજા સિંહાસન પર બેઠા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવાર થઈ ત્યાં તો અપ્સરાનું નૃત્ય શરુ થયું. એવું સુંદર નૃત્ય, એવું સુંદર નૃત્ય કે બસ વાત પુછો માં. હું તો જોવામાં ને સાંભળવામાં લીન થઈ ગયો. નૃત્ય અને ગીત પુરાં થયાં અને ઇન્દ્રના દુત મને પાછા મુકી ગયા. બોલ કેવું મારું સ્વપ્ન ? '

વાણિયે કહ્યું ' ભાઈ તારૂં સ્વપ્ન મને લાગે છે કે મારા કરતાં સરસ છે.'

બ્રાહ્મણે કહ્યું: ' હવે તારૂં સ્વપ્ન તો કહે.'

વાણિયો બોલ્યો: ' મારૂં સ્વપ્નું તો બહુ ભયંકર ! અહાહા, એ યાદ કરીને હજી હું કંપુ છું. ઘણો વખત સુધી મને ઉંઘ ન આવી. માંડ જ્યાં આંખ મીંચાણી ન મીંચાણી ત્યાં તો ચાર યમદુત આવ્યા. શું તેમનું ભયંકર રૂપ ? કાજળ જેવું કાળું મોઢું, લાલચોળ આંખો ભયંકર વેશ બધુંય જોઈને હું ધ્રુજી ઉઠયો. તેઓ મારી પાસે આવ્યા. મને ઠોકર મારી ઉઠાડયો. પછી જોરથી પુછ્યું: ' આ કોની રસોઈ છે ? '

મેં કહ્યું: ' મારી અને મારા આ સુતેલા ભાઈની.'

' ચાલ ઉઠ. ખાઈ લે.' યમદુતે મને દમ ભીડાવ્યો. મેં કાલાવાલા કરી કહ્યું ' આમાંથી અડધું તો મારા જોડીદારનું છે 'તેના વિના હું એકલો કેવી રીતે ખાઈ શકું ?'

ત્યાં તો યમદુતો ખુબ ગુસ્સે થયા. તેમણે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમાચો ચોડી કાઢયો અને જોરથી કહ્યું: ' હરામખોર, ખાય છે કે નહીં ? સીધે સીધો ખાઇ લે નહીં તો આ ડંડો મારી ખવડાવવું પડશે.'

'ભાઇ મારની બીકે તો ભુંડ પણ ભડકે છે તો હું તે કોણ ? એટલે ઉઠીને હું ગુપચુચ રસોઈ ખાઇ ગયો.'

આ સાંભળી બ્રાહ્મણ ચમકયો તેણે કહ્યું: ' પણ મને બોલાવ્યો કેમ નહીં ?'

વાણિયે શાંત ચિત્તે કહ્યું: ' અરે ! બુમ પાડી પાડીને તો મારો ધાંટો પડી ગયો. તમે તો ઇન્દ્રની સભામાં લીન થઈ નાચગાન જોતા હતા મારો અવાજ કયાંથી સાંભળો જ્યારે મેં જમી લીધું ત્યારે જ તમે પાછા ફર્યા. જમીને હમણાં જ હું આડો પડયો ત્યાં તમે મને જગાડયો.'

બ્રાહ્મણે કહ્યું: ' અરે ! આ તે સ્વપ્ન કે સત્ય ?'

વાણિયે કહ્યું: ' જરા તપેલાં તપાસો એટલે એની મેળે ખબર પડી જશે.'

બ્રાહ્મણ અધીરો થઇ ઉઠયો. તપેલાં તપાસ્યાં તો અંદરથી બધું એ સાફ ! બિચારો નિરાશ થઇ ગયો.

વાણિયાથી છુટા પડી બજારમાંથી કાચુંકોરું ખાઇ લીધું. અને પછી એકલો જ બીજે ગામ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકા જાણુ

રાંધણપુરમાં એક વાણિયાને ત્યાં લગ્ન હતાં.

તેને જરા મજાક કરવાનું મન થયું. વહેવાઈને લખ્યું 'લગ્નને દિવસે તમે જાન લઈને જરૂર પધારજો. પણ અમારી એક શરત છે કે જાનમાં બધાય જુવાનીયા જ આવવા જોઈએ. જો કોઈ ઘરડું માણસ આવશે તો અમે લગ્ન નહીં કરીએ.'

કાગળ વાંચી બધાય ખુશ થયા. કાગળ પોતાના કાકાને વંચાવ્યો. બધાને થયું કાગળમાં જરૂર ભેદ હોવો જોઈએ.

બધાય જુવાનીયા જવા તૈયાર થયા, ત્યાં કાકાએ કહ્યું: 'તમે મને છુપી રીતે તમારી સાથે રાખો.'

એક કહ્યું: 'પણ કોઈને ખબર પડી જાય તો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાકાએ કહ્યું: 'ખબર ન પડે એટલે મને એક ગુણમાં મુકી ભારખાનાના ડબ્બામાં ધીરેથી મુકી આવજો.'

છાનામાના કાકા જાણુને લઇને બધાય ઉપડયા. વહેવાઇને ગામને પાદરે આવ્યા. જાનને લેવા સામૈયું આવ્યું. વહેવાઇ વરરાજાને મળ્યા અને કહ્યું: 'જુઓ ભાઇ, આ પાસેનું તળાવ છે તે તમે ધી થી ભરી આપો પછી અમે તમને ગામમાં લઈ જઇશું.'

જાનવાળા વિચારમાં પડયા કે હવે શું કરવું ? તળાવ ભરાય એટલું ધી કયાંથી લાવવું અને તે પણ અમુક સમયમાં જ ! જો એમ ન કરી શકે તો તોરણે ચઢેલા વરરાજાને પાછા જવું પડે. ફજેતી થાય. બધાય શોકાતુર બની ગયા. એકબીજા સામું જોવા લાગ્યા.

એવામાં એક જણને યાદ આવ્યું કે આપણી સાથે કાકા આવ્યા છે તેમને પુછોને ? તેમની સલાહ લોને.

કાકાનું નામ સાંભળી બધાય ખુશ થઇ ગયા. તરત ગુણ છોડી કાકાને બહાર કાઢયા. બધી વાત કરી.

કાકાએ કહ્યું: 'અરે ! એમાં શું ? વહેવાઇને ઘરે જઇને કહો કે ધીના ગાડા આવે છે માટે તમે પાણીથી ભરેલું તળાવ જલ્દીથી ખાલી કરો.'

જુવાનીયા તો બધાય ખુશ થતા થતા વહેવાઇને ઘરે ગયા અને કાકાએ કહ્યું હતું એમ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેવાઇ બોલ્યાઃ ' જરૂર તમારી સાથે કોઇ ઘરડું માણસ છે.'

જુવાનીયાઓએ કહ્યુંઃ ' ના, ના અમારી પાસે એવું કોઇ નથી.'

વહેવાઇએ કહ્યુંઃ ' એ બને જ નહીં ને ?'

ત્યાં તો એક જુવાન બોલી ઊઠ્યોઃ 'હા–હા અમારી સાથે કાકા જાણ છે. એમણે જ આવી સલાહ આપી હતી.'

વહેવાઇ તો કાકા જાણના બહુ જ વખાણ કરવા મંડ્યા.

અને પછી ધામધુમથી લગ્ન પણ કરવામાં આવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંજુસાઇમાં કોણ ચઢે ?

●

'હું તો બહુ કંજુસ છું.' વાણિયે કહ્યું.

'હવે જા જા, તારા કરતાં તો હું કંજુસાઇમાં ચઢું એવો છું.' વહોરાએ કહ્યું.

'નહિ, હું કંજુસ છું.'

'નહિ, હું.'

વાત આમ ને આમ આગળ વધવા લાગી. ત્યાં બાજુમાં બેઠેલા પાનવાળાએ કહ્યું: 'ભાઇઓ, એમ નાહક ન લડો. જુઓ, આ બે સોપારી છે. બંને સરખા કદની છે. બંનેને એકેક આપું છું. જે વધુ ચલાવશે તેને હું માનીશ કે વધુ કંજુસ છે. પણ શરત એટલી કે તમારે રોજ બે વખત જમીને ખાવી. બોલો, છે કબૂલ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હા, કબૂલ છે.' વાણિયો બોલ્યો.

'મારે પણ કબૂલ છે.' વહોરાએ કહ્યું.

બન્ને પોતપોતાના ઘેર ગયા.

વહોરાજીએ તો પોતાને ઘેર જઈ સોપારીને એકદમ ખાંડી અને લોટ જેવો ઝીણો ભૂકો કરી નાખ્યો. ડાબલીમાં ભરી જમ્યા પછી સૂકી આંગળી થાય એટલે ભૂકામાં બોળે. આંગળી ઉપર જેટલી ચોંટી હોય તેટલી ખાય.

પણ એ કયાં સુધી ચાલે?

થોડા દિવસ પછી પાછા તેઓ પાનવાળાને ત્યાં ગયા.

વહોરાજીએ કહ્યું: 'મેં સોપારી બરાબર ચાર મહિના ચલાવી.'

પાનવાળાએ વાણિયાને પૂછયું: 'અને ભાઈ, તમે?'

વાણિયે કહ્યું: 'મારે તો હજી બહુ દિવસ ચાલશે.'

પાનવાળાએ વહોરાને પૂછયું: 'ભાઈ, તમે કયી રીતે ખાધી?'

વહોરાએ કહ્યું: 'જુઓ, અહીંથી મેં ઘરે જઈને સોપારીનો ઝીણો ભૂકો કરી એક ડાબલીમાં ભરી રાખ્યો. જમ્યા પછી આંગળી સૂકી થાય ત્યારે તેમાં બોળું, એટલે આંગળી ઉપર જેટલી ચોંટે તેટલી ખાઈ જઉં.'

'અને તમે કેવી રીતે ખાધી, વાણિયાભાઈ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયે કહ્યું: 'મેં તો ઘેર જઈને સોપારીમાં કાણું પાડયું, અને તેમાં દોરો પરોવી ઊંચે લટકાવી દીધી. જમીને રોજ આખી સોપારી મોંઢામાં નાખીને કાઢી નાખું છું. એટલે મારે તો હજી ઘણા દિવસ ચાલશે.'

પાનવાળાએ કબૂલ કર્યું કે કંજુસાઇમાં તો વાણિયાભાઇ જ ચઢે.

વહોરાથી આ સહન ન થયું. એણે કહ્યું: 'પણ હું હાર કબૂલ કરતો નથી. વાણિયો બીજું કંઇ કરી બતાવે તો હું હાર કબૂલ કરૂં.'

વાણિયે કહ્યું: 'કબૂલ.'

વહોરાએ કહ્યું: 'તો કરી બતાવ.'

વાણિયાએ કહ્યું: 'આજે તું રોટલો બનાવે તો કેટલો ખર્ચ કરે?'

વહોરો બોલ્યો: 'એક પૈસો.'

વાણિયે કહ્યું: 'હું વગર પૈસે તેમ કરૂં એમ છું.'

'એમાં શું? એ તો તમે ક્યાંકથી માગી લાવો.'

'નહિ. માગ્યા વિના હું એમ કરીશ.'

'તો કરી બતાવ.'

'ચાલો મારી સાથે.' વાણિયે કહ્યું.

વાણિયા સાથે બન્ને ગયા. વાણિયે એક જાડું કપડું લીધું, મોદીની દુકાને ગયો અને કહ્યું: 'એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનાનો લોટ આપો. ' કપડામાં લોટ નંખાવ્યા પછી તેણે કહ્યું: ' અરે ! આ લોટ તો જાડો છે, માટે નહિ જોઇએ. '

' તો પાછો નાંખી દે. ' દુકાનદારે કહ્યું.

વાણિયે લોટ પાછો નાખ્યો.

રસ્તામાં થોડેક ગયા પછી જાડા કપડામાં જે લોટ ચોંટયો હતો તે ખંખેરીને એક વાસણમાં ભરી લીધો.

આમ એણે કેટલી ય દુકાનેથી લોટ લીધો અને કંઇ ને કંઇ બહાનું કાઢી પાછો નાખી દીધો તથા કપડામાં ચોંટેલો લોટ ભેગો કર્યો.

દસબાર દુકાને ફર્યો ત્યાં તો રોટલો થાય એટલો લોટ ભેગો કર્યો.

ઘેર આવીને રોટલો બનાવ્યો. વહોરાજીને પૂછયું: ' કેમ, હવે કબૂલ ને ? '

વહોરાજીએ દાઢી હલાવતાં કહ્યું: ' હા ભાઇ, તુ ખરો કંજુસ. તું જીત્યો અને હું હાર્યો. '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તો એમજ ને !

પાંચો પટેલ કરીને એક ગરીબ ખેડુત હતો.

પોતાના ખેતરમાં બેઠો હતો ત્યાં થઇને તેનો પાડોશી વાણિયો નીકળ્યો.

વાણિયે કહ્યું—" કેમ પટેલ ! આજ તમે ઉદાસ કેમ દેખાવ છો ? "

પટેલ—શું કહું ? તમારી સામે જે જમીન છે, તેમાં મેં એક ચીભડાનો વેલો વાવ્યો હતો.

વાણિયો—એ તો સારૂં કર્યું, એટલી જમીન કાંઇ પડતર રહેવા દેવાય ?

પટેલ—એ વેલો તો ધીમેધીમે વધવા લાગ્યો.

વાણિયો—એ તો વધે જ કેમ ન વધે ? જરૂર એ તો વધે જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટેલ—ભાઇ પછી એને માટે મેં માંચડો બનાવ્યો અને ધીરે ધીરે તેના ઉપર ત્રણ ચીભડાં થયાં.

વાણિયો—નક્કી થયા હશે જ. હજી વધારે પણ થશે.

પટેલ—તેમાંથી એક મેં ઘરે છોકરાને ખાવા આપ્યું અને બે બજારમાં વેચવા લઇ ગયો.

વાણિયો—જરૂર લઇ જવા જોઇએ જ. કારણ કે તમે ગરીબ છો.

પટેલ—હું બજારમાં જઇ બેઠો એટલામાં તો પોલીસ. આવ્યો અને એક ચીભડું જકાત તરીકે માગવા લાગ્યો.

વાણિયો—એ તો માગે જ ને? તે સરકારી નોકર છે. તેને જકાત લેવાનો હુકમ છે. એટલે એ તો જરૂર માગે.

પટેલ—મેં તો ચીભડું ન આપ્યું.

વાણિયો—એ મને ગમ્યું. એક આપી દો તો તમારી પાસે શું રહે?

પટેલ—જ્યારે મેં ના પાડી ત્યારે તેણે બળજબરી કરી.

વાણિયો—એ બળજબરી કરે જ ને! ટેક્ષ કલેકટર છે.

પટેલ—ચીભડાંની ખેંચતાણમાં ચીભડાંને નખ લાગ્યો અને તે બગડ્યું. એ જોઇને મને ગુસ્સો આવ્યો. અને મેં તેને બેચાર સંભળાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયો—એ મને ગમ્યું ! તમે ગરીબ છો. તેણે એક ચીભડું ખરાબ કર્યું પછી કડવી વાત ન કરો તો શું પગે પડો ?

પટેલ—ત્યારે તે મને ગાળો દેવા મંડ્યો.

વાણિયો—તે તો દે જ. એક તો જકાત ન આપી અને બીજું કડવી વાત કરી એટલે તે જરૂર ગાળો દે.

પટેલ—મેં પણ તેને બેચાર સંભળાવી.

વાણિયો—એ મને ગમ્યું ! તેણે તમને ગાળ દીધી પછી તમે ચુપ બેસી રહો !

પટેલ—તેણે મારૂં ગળું પકડી ત્રણ ચાર થપ્પડ મારી.

વાણિયો—એ તો જરૂર મારે. એક તો જકાત ન આપી. વળી બીજું ગાળો આપી તો શું એ છાનોમાનો બેસી રહે ?

પટેલ—પછી મારામારી કરીને તે એક ચીભડું લઇ ગયો.

વાણિયો—લઇ જ જાય ને ? આટલી બધી ગડબડ કર્યા પછી શું ખાલી હાથે જાય ?

પટેલ—ત્યારે મેં બાકી રહેલ એક ચીભડું પણ ગટરમાં નાખી દીધું.

વાણિયો—એ મને ગમ્યું ! જે ચીભડા માટે મારામારી થઇ એ ચીભડું રાખવું ઠીક નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટેલ—ઘેર આવીને મેં તે વેલો પણ ઉખાડી નાખ્યો અને માંચડો બાળી નાખ્યો.

વાણિયો—એ મને ગમ્યું. જે ચીભડાં ખાતર તમારે આટલું બધું સહન કરવું પડયું તેને રાખીને શું કરો ?

પટેલ—પણ ભાઇ એથી મને બહુ દુઃખ થયું.

વાણિયો—થાય જ ને ! તમે બહુ મહેનત કરી હતી. તેથી દુઃખ જરૂર થવું જ જોઇએ. 'ખેર ! થવાનું હતું તે થઇ ગયું, હવે રજા લઇશ.

એમ કહી બળી ગયેલી તમાકુની ચલમ આપી વાણિયાભાઇ રસ્તે પડયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાગત

રતનલાલ કરીને એક વાણિયો હતો.

એની પાસે એક મજાની સુંદર કાઠીયાવાડી ઘોડી હતી. વાણીયો ઘોડીની માવજત પણ બહુ સારી કરતો હતો. રોજ તેને નવરાવે, ખવરાવે, સાફસુફ રાખે, રાત્રે કોઈ ઉપાડી ન જાય અથવા ઘોડી નાસી ન જાય તેનું ધ્યાન પણ રાખતો.

એક દિવસ વાણીયો ઊંઘમાંથી જાગ્યો અને જોયું તો ઘોડી ન મળે. તે તો ચારે બાજુ ગોતવા લાગ્યો પણ કયાંય ઘોડી ન મળી.

સવારે આખું ગામ ફરી વળ્યો; પણ ઘોડીનો પત્તો ન લાગ્યો. તેને થયું ઘોડીને જરૂર કોઈ લુટારૂ લઈ ગયો હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાય દિવસ એમને એમ ગોતાગોત કરીને થાકી ગયો. તેણે ઘોડી ઉપર એટલો બધો ગુસ્સો ચઢ્યો કે તેણે બજારમાં આવી લોકોને ભેગા કર્યા અને જોરથી કહ્યું: 'અરે! કેવું નકામું પ્રાણી છે. જાત કરતાં ય વધારે જતન કર્યું; છતાંય કયાંક ચાલ્યું ગયું. હવે જો પાછું આવે તો એક પૈસામાં લીલામ કરી નાખીશ.'

પ્રતિજ્ઞા જાહેર કરી વાણિયો ઘરે આવ્યો. ઘરમાં દાખલ થયો ત્યાં જ સામે ઘોડી ઉભેલી જોઈ. એ તો ગાંડો-ઘેલો થઈ ગયો. ઘોડીને ગળે વળગી પડયો. પણ ત્યાં તો તરત જ બજારમાં કરેલી પ્રતિજ્ઞા યાદ આવી. ઠંડો જ થઈ ગયો.

'હવે મારે શું કરવું?' વાણિયો વિચારમાં પડયો. કંઈ બોલ્યું પાછું ગળાય છે? અને તે પણ ભરબજારે બોલેલું? તેને તો આખી રાત ઉંઘ ન આવી.

સવારમાં તો ઘોડી પાછી આવી: ગયાના સમાચાર વાયુવેગે પહોંચી ગયા. ઘોડી ખરીદવા માટે લોકોની ઠઠ જમી. સૌ એકેક પૈસો લઈને આવ્યા હતા.

લોકોને ભેગા થયેલા જોઈ રતનલાલ ઘોડીને લઈને ઘરની બહાર આવ્યો. લોકો આશ્ચર્યમાં પડી ગયા કે ઘોડી તો ઠીક પણ એની પીઠ ઉપર આ વળી વાંદરૂં શેનું?'

રતનલાલે કહ્યું: 'ભાઈઓ, તમને બધાને ખબર છે કે

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મારી ઘોડીને હું એક પૈસામાં લીલામ કરી દેવાનો છું ? પણ સાથે જ મેં બીજી પ્રતિજ્ઞા કરી છે. કદાચ તમે પૈસામાં ઘોડી મળશે એ ખુશાલીમાં સાંભળી નહિ હોય ! તો સાંભળી લો કે ઘોડીની પીઠ ઉપર બેઠેલા આ વાંદરાને પણ મેં એની સાથે જ વેચવાની પ્રતિજ્ઞા કરી છે અને તેની કિંમત એક હજાર રૂપીયા છે. માટે જેને એક પૈસામાં ઘોડી જોઈતી હોય તેણે આ વાંદરું પણ ખરીદવું પડશે.'

વાણિયાની સરસ યુક્તિ સાંભળી આવેલા બધાય હસતા હસતા ચાલ્યા ગયા અને કહેવા લાગ્યા વાહરે વાણિયા ! ધન્ય છે તારી વાણિયાગતને !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તું કરજે તાડો ને હું કરીશ ટેક

●

વડોદરામાં નિહાલચંદ વાણિયો તેની પત્નિ સાથે રહેતો હતો. બિચારાં ગરીબ એટલે જેટલું લાવે તેટલું જ ખર્ચી શકતા.

મુંબઈથી તેમના સગાનો કાગળ આવ્યો કે અમે ગિરનારની જાત્રાએ જવાના છીએ, માટે આવતી કાલે વડોદરા ઉતરશું. અને તમારે ત્યાં જમી અગીયાર વાગે ગાડીમાં રવાના થશું.

વાણિયે કાગળ સ્ત્રીને આપ્યો.

સ્ત્રીએ કહ્યું: 'આપણે પોતે જ પુરું કરી નથી શકતા ત્યાં આમને કેવી રીતે ખવડાવીશું ?'

વાણિયે કહ્યું: 'આપણાં સગાં છે, એટલે તોછડાઈથી વર્તીએ એ ઠીક નહીં. પણ કંઈક યુકિત કરવી જોઈએ.''

સ્ત્રીએ કહ્યું: 'તમે કંઈક યુકિત ગોતી કાઢોને.'

વાણિયા બોલ્યા: 'તમે આવે અને સામાન મુકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે તું કરજે તાડો, અને હું કરીશ ટેક? છેવટે આપણે બન્ને એકના એક! એટલે એ લોકો સમજી જશે અને પોતાના રસ્તે પડશે.

સ્ત્રીએ કહ્યું: 'હા એ યુક્તિ બરાબર છે.'

બીજે દિવસે પાંચે ય મહેમાન આવ્યા. નિહાલચંદે તેમને સારી રીતે આવકાર આપ્યો. બાજુના ખંડમાં ઉતારો આપ્યો. ખબરઅંતર પૂછયા. પાણી ધર્યું.

તેઓ કપડાં વગેરે ઉતારવા લાગ્યા; એટલે વાણિયો રસોડામાં ગયો, અને તેઓ સાંભળે તેવી રીતે જોરથી બોલ્યો, 'જે મહેમાનોને અગિયાર વાગે જવાનું છે માટે ઝટ રસોઈ બનાવી દે જે.'

એટલે સ્ત્રી બોટો ગુસ્સો કરી બોલી, 'એવા તો ઘણા આવે, તેમને માટે હું કાંઇ રસોઇ કરવાની નથી.'

વાણિયે કહ્યું: 'આમ બરાબ શબ્દ ન બોલ.'

સ્ત્રીએ કહ્યું: 'ન કહું તો શું કરું? ઘરમાં દાળ પણ નથી.'

'અરે!' દાળ તો હું હમણાં જ લાવી આપીશ.'

'તમે ભલે ને દાળ લાવી આપો; પણ લાકડાં જ કયાં છે?'

'તું બહાના કાઢ મા! તારે રસોઇ બનાવવી જ પડશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું નહીં બનાવું.'

'તો તો તારો વાંસો જ ભાંગી નાખીશ. બોલ શું જવાબ આપે છે?'

બાજુના ઓરડામાં મહેમાનો સાંભળતા હતા. તેમાંનો એક વાણિયા પાસે આવ્યો અને કહ્યું, 'ભાઈ, તમને કાગળ લખવામાં અમારી ભૂલ થઈ છે. આજે તો અમારે સોમવાર છે. એટલે ત્યાં જઈને જ જમવાનું છે.

વાણિયે કહ્યું, 'અરે! એમ તે થતું હશે? તમે કયાં ઘડીયે ઘડીયે આવો છો, આ બૈરી તો એવી જ છે, તેના બોલવા સામું જોશો નહિ. હું હમણાં સમજાવીને રસોઈ કરાવું છું.'

'ના, રે ના નકામી તસ્દી ન લેશો. અમે તો જઈએ છીએ.' એમ કહી તેઓ સામાન ઉપાડી જવા લાગ્યા.

વાણિયે ઘણો આગ્રહ કર્યો, વિવેક કર્યો, પણ તેઓ માન્યા નહિ. છેવટે વાણિયે કહ્યું, 'ભાઈઓ, આવજો. બોલ્યુંચાલ્યું માફ કરજો હોં!'

મહેમાનોને રવાના કરી વાણિયો ઘરમાં આવ્યો. સ્ત્રીને પૂછયું, 'કાં, કેવી કરી?'

વાણિયે કહ્યું, 'બરાબર જોવા જેવી.'

અને બંને હસી પડયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

★ ચિત્રમય બાલસાહિત્ય ★

મૂરખલાલના પરાક્રમો (શ્રી. રમણલાલ સોની કૃત) જ્ઞાન સાથે ગમ્મત, મોજ અને મસ્તી સાથે ખડખડાટ હસાવતા મૂરખલાલનો પાંચ પુસ્તકોનો સુંદર રંગબેરંગી પુષ્કળ ચિત્રો સાથેનો બોકસવાળો સેટ : કિંમત સેટના રૂા. ૨–૧૨.

૧ મૂરખલાલ ૨ મૂરખ માથે શિંગડા ૩ મૂરખલાલની ભેંસ શેઠાણી
૪ મૂરખલાલના જાદુઇ ગધેડાં ૫ મૂરખલાલના પરાક્રમો

બુધ્ધિનો બાદશાહ

(બુધ્ધિવર્ધક ૬૦ સુંદર બાલવાતો. ૨૫ ચિત્રો સાથે સુંદર ત્રિરંગી બોકસમાં પાંચ પુસ્તકોનો સેટ) સેટની કિંમત રૂા. ૨–૧૨

૧ બીરબલની ચતુરાઇ ૨ અદલ ઇન્સાફ ૩ ત્રણ કિમીયાગરો
૪ મુરખનો સરદાર ૫ અક્કલની કિંમત

ચરિત્રરત્નો સેટ ૧લો કિંમત રૂા. ૨–૧૨

(સુંદર બેરંગી બોકસમાં પાંચ પુસ્તકો)

૧ ચરિત્રરત્નો (ધાર્મિક ને ઐતિહાસિક બાલચરિત્ર) ૨ ચરિત્ર પરિમલ
૩ ચરિત્ર સુવાસ ,, ,, ૪ હાસ્યવેલાં (હાસ્ય ટૂચકા)
૫ દાદાજીના ઉખાણા (કહેવતો--ઉખાણા)

ચરિત્રરત્નો સેટ રજો કિંમત રૂા. ૨–૧૨

(સુંદર બેરંગી બોકસમાં પાંચ બાલચરિત્રો)

૧ પંડિત જવાહરલાલ નહેરુ ૨ ગાંધી બાપુ ૩ સરદાર વલ્લભભાઇ પટેલ
૪ ગોપાળ કૃષ્ણ ગોખલે ૫ લોકમાન્ય તિલક

વિદ્યાચતુર (શ્રી રતુભાઇ શેઠ કૃત) બુધ્ધિચાતુર્યવાળી જ્ઞાનથી ભરપુર બાલવાર્તાઓ રૂા. ૩—૦
ટાગોરની બાલવાતો યાને ગપસપ રૂા. ૨–૦ બીરબલની ચિત્રમય બાલવાતો રૂા. ૩—૦

રતુભા ફાંફડાના પરાક્રમો	૧—૪	આદમમિયાં	૧—૪
કીલુ અને વીંટીની શેધમાં	૨—૦	બરફનું રણ	૨—૦
કવિ કાલિદાસની બાલવાતો	૨—૮	અમારાં ગીત (બાલ ગીતો)	૦—૬
રાસ કોકિલા (બાલ ગીતો)	૦—૭	પાયલબાજે	૦—૭
બાની વાતો	૨—૦	દાદાજીનું ડહાપણ	૨—૦
અક્કલ અજમાવો	૨–૧૨	જય ગુજરાત	૧—૪
બેલાડી	૩—૦	બાટલીનો ભૂત	૩—૦
મામાનું ઘર કેટલે ?	૨—૦	કુમાર કથાઓ	૩—૦
ઉપનિષદ કથા મંગળ	૧—૦	પરાક્રમી ભીષ્મ પિતા	૨—૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

બેકટ : રાશ્મિ પ્રિન્ટરી, ૧૩૪ મેડોઝ સ્ટ્રીટ ફોર્ટ, મુંબઈ ૧